કુમાર

ડિસેમ્બર ૧૯૩૯

આવતી કાલના નાગરિકોનું પત્ર

૧૯૨


તંત્રી • રવિશંકર મ. રાવળ ★ સંપાદક • બચુભાઈ રાવત




લાડકી . શિલ્પી : શ્રી વિનાયકરાવ કરમારકર


સલામી

અંકના ઉઘાડમાં આંતરદર્શનની એક લહેર ઉપજાવી જતું 'કોણ અધન્ય?' નામક કાવ્ય વાંચ્યા પછી તમે પાછા અબ્રાહમ લિંકનના અક્ષરજીવન સામે આવી લાગશો. જેટલી પારદર્શક પ્રમાણિકતા એટલી જ નક્કર નિર્ભીકતા ધરાવી ગએલ એ નરપુંગવને અમેરિકાની ત્યારની વગડાઉ ભૂમિ પર ન્યાય, સત્ય ને ભ્રાતૃભાવથી પોખાઇ ઊગી નીકળેલું એકાકી ફૂલ ગણી શકાય. અને એ ફૂલની ફોરમ તો, માનવહૃદયમાં ઊર્ધ્વગમનનો તલસાટ ચાલુ રહેશે ત્યાંસુધી વિનષ્ટ કરવાની તાકાત ખુદ કાળના હાથમાં પણ નથી. પરંતુ એની સાથોસાથ, મર્યાદિત ગંધવિસ્તારનાં છતાં 'ગરવી ગુજરાત'નાં ઘર આંગણેનાં નમણાં ફૂલોની સુગંધ પણ પૂરી લૂંટયા વગર રખે રહેતા. ◖ 'હરીઓ આવ્યો,' પણ એ પહેલાં પાનાચંદ શેઠના ઘરમાં કેવા વેશ ભજવાઈ ગયા એ આ અંકની એ નામની વાર્તા વાંચશો ત્યારે સમજાશે; સાથોસાથ દીકરીના બાપના સામાજિક દુર્ભાગ્યનો પણ ખ્યાલ આવશે. ◖ મોકો મળ્યો કે જ્યાં ને ત્યાં આપણી રાષ્ટ્રભાવનાનું પ્રદર્શન કરવા આપણે 'ભારત હમારા દેશ હૈ' લલકારી ઊઠીએ છીએ; પણ દાદાસાહેબનો એ શીર્ષકનો પ્રશ્નાર્થક લેખ વાચી એ લલકારને આપણે કેટલા વફાદાર છીએ એ સવાલ આપમેળે તમને ઊઠશે. ◖ કોઈ બે માણસના ચહેરા મળતા હોવા છતાં તેમનાં આંગળાંનાં નિશાન મળતાં નથી આવતાં એ જ રીતની સ્વતંત્ર વ્યક્તિત્વવાળી એક વિશિષ્ટ પક્ષિકોટિની ઓળખાણ આપતો 'હૂપો અથવા હૂડહૂડ'નો લેખ, 'વનસ્પતિ અને પ્રાણીજીવન' વગેરે નાનામોટા લેખો કે વિભાગોની વિશેષ ઓળખાણની તકલિફમાં ન ઊતરતાં 'કુમાર' આ સલામી આપી નવા વરસથી તમારો નવતર અનુરાગ સંપાદન કરવાની પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થઈ જાય છે.



મુદ્રક · બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક · રવિશંકર રાવળ; કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક રૂા. ૬, બ્રહ્મદેશના રૂા. ૬॥. પરદેશના ૧૨ શિ. છુટક દશ આના; મુંબાઇના ખાસ કૅન્વાસિંગ એજન્ટ અને જાહેરખબરના સોલ એજન્ટ શિષ્ટસાહિત્ય ભંડાર પ્રિન્સેસ સ્ટ્રીટ; બીજા એજન્ટો: આર. આર શેઠની કં. અનેરાવળબ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ





ડાબી બાજુથી અનુક્રમે : 'શહીદને ચરણે'–રમણીક ન. (માટુંગા), ત્રીજું ઈનામ; 'ઘર તરફ'–એસ. એન. છીપા (અમદાવાદ), બીજું ઈનામ; 'અગરિયા'–સુરેન્દ્ર ચિનાઈ (અમદાવાદ), નોંધપાત્ર.



ઝૂંપડીની લક્ષ્મી
ચિત્રકાર · બંસીલાલ
(ગૂજરાત કલાસંઘ ચિત્રશાળા)

ડિસેમ્બર · ૧૯૩૯

કોણ અધન્ય?

• મિશ્ર •

વિરૂપ એને નિત મેં લખ્યો 'તો;
મેલાં તુટેલાં કપડાં પહેરી
અમારૂં એ આંગણું વાળનારો
ભંગી ભૂંડો નિત્ય ગણ્યો હતો મેં.

તે એક દી આ ગૃહિણી અમારીએ
કૃપાવતી થૈ મુજ વસ્ત્ર ઊતર્યાં
તેને દીધાં; તે નિજ શીશ પે ધરી
બદ્ધાંજલિ, કોડભર્યો ઘરે પળ્યો.

ને એક દી
હું સુપ્રભાતે મુજ રમ્ય ઓટલે
વિરાજીને દાતણ નાખી મોંમાં
બગાસતો ઊંઘ મહીંથી તાજો
બેઠો હતો. દર્શન એક ત્યાં થયું
ને હાથમાં દાતણ હા રહી ગયું.

આશ્ચર્ય મેં જોયું: ત્યહીં જ મારાં
વસ્ત્રો વિષે સજ્જ બનેલ ભંગી
ખૂણા પછાડીથી સરી ધીરેથી
સલામ દૈ આંગણું વાળી ત્યાં રહ્યો.

આશ્ચર્ય તાકી મુજ આંખ ત્યાં રહી:
ભંગીતણું રૂપ કશું જ અદ્દભુત!
જે વસ્ત્રમાં હું મુજને ગણુંતો
વિરૂપ, તે ફાટલ વસ્ત્ર આની
કાયા પરે શોભન કો અનન્ય
શેણે બન્યાં? એહ વિચારવર્તુળે
ચડ્યો ચડ્યો દાતણ ચાવતાં હું.

છે વસ્ત્ર તો એક જ. ને પછી જો
તેને ધરી એક દિસે સુરૂપ,
ને ધારતાં અન્ય દિસે વિરૂપ,
તો કોણ તેમાં ગણવું અધન્ય?

ને ફાટલાં વસ્ત્ર મહીં વિરૂપતા
મારી વિચારંત ઉડી ગયો હું;
ઊભો જઈ દર્પણ પાસ મારી
નિહાળતો હું પ્રતિમા. મને તે
હસી રહી કે: ફટ તે મનુષ્યને
જેને ન શોભી પટ ફાટલું શકે!

સુન્દરમ્



સદ્‌ગત દેવમહારાજ (શ્રી વાસુદેવ માધવજી દવે)


● આ જમાનામાં જન્મેલા તે એક સંત હતા. એમનાં ચારિત્ર્ય અને શીલમાં જીવનભર એક પ્રકારનું સાતત્ય અને વટ અનન્ય હતાં. એમનો અપરિગ્રહ ત્યાગ અને ઉગ્ર આચાર-પાલન ભાગ્યે જ અન્ય કોઈ બ્રાહ્મણ બતાવી શકશે. બ્રાહ્મણ શબ્દ તેમના રૂંવાડે રૂંવાડે ગર્જના કરતો. પ્રાચીન ભારતીય બ્રાહ્મણ સંસ્કૃતિ તેમના શબ્દોએ મૂર્તિમંત થતી લાગતી. એમણે જીવનભર શાસ્ત્રમીમાંસા, પુરાણ, વૈદિક અધ્યયન અને સંતસમાગમ સાથે પોતાના જીવનને નિર્મુક્ત કરવાના દૃઢ સંકલ્પો કરી રાખ્યા હતા. જીવનમાં પવિત્રતા, પ્રમાણિકતા અને અપ્રમાદ પૂર્ણપણે સિદ્ધ કરવામાં એમણે સદા એકાંતિક તપ કર્યું હતું. એટલું જ નહિ પણ જીવનના ઈતર વ્યવહારોમાં પણ એ જ દૃષ્ટિ રાખી તેમણે તેમના સમાગમમાં આવનારા પ્રત્યેક જણ ઉપર પોતાના ઉચ્ચ જીવનની છાપ પાડી હતી અને તેમનાં જીવનમાં પ્રકાશ અને પુરુષાર્થની પ્રેરણા આપી હતી. પાખંડીઓ, દાંભિક બ્રાહ્મણો અને ગુરુપૂજાના આડંબરો સામે તેમનો કટાક્ષ અને તિરસ્કાર ઉગ્ર હતો છતાં સત્ય શોધનારા ભાવિકો અને પુરુષાર્થીઓના તે આશ્વાસનરૂપ ગુરુદ્વાર સમા હતા અને કંઈકના હૃદયમાં તેમણે પૂજ્યભાવભર્યું સ્થાન મેળવ્યું હતું. એમના આદર્શો અને ઉપદેશોએ મારા જીવનમાં સન્માર્ગે પ્રકાશ અને ચારિત્ર્યની દિવ્ય પૂરવણી કરી હતી. મારા મૂળ વતન ભાવનગરમાં હું અંગ્રેજી ચોથા ધોરણમાં અભ્યાસ કરતો હતો એ વખતે અસલ ઘરમાં સાંકડ થવાથી મારા પિતાશ્રીએ પોતાની સગવડતા ખાતર ખારના દરવાજે દક્ષિણીના ડહેલામાં શ્રી શામરાવ અંકોલેકરનું ઘર ભાડે રાખ્યું હતું. એમના ભાઈ કેશવરાવ અંકોલેકર સંગીતના શોખીન હતા અને તેમને ત્યાં વારંવાર સંગીતપ્રેમીઓનો અડ્ડો જામતો. અમને બાળકોને આ જલસા તરફ બહુ આકર્ષણ રહેતું એટલે રજા મળે તો નજીકમાં, નહિ તો દૂરથી પણ તેના ધ્વનિલાલિત્યનો આસ્વાદ કરતા. રાગો સમજતા નહિ પણ બદલાતા વાતા-વરણમાં હું નવાનવા રૂપતરંગો અનુભવતો. એવામાં ગણપતિ ઉત્સવને અંગે એક દિવસ શ્રી દેવમહારાજનું સંગીતકીર્તન છે એવા ખબર જાણ્યા. એ દેવ મહારાજ ક્યા? પેલી સફેદ કેડિયું, સફેદ ખેસ અને સફેદ ફેંટાવાળી પડછંદ કાયાની હરું-હરું રહેતી ઉજ્જ્વળ વર્ણની તેજસ્વી મૂર્તિજને? ઘણા



માણસોમાંથી નાનાં બાળકોને પણ આકર્ષી લે એવી એ મૂર્તિને હું બજારમાં રોજ જોતો. કલાકો સુધી એ ઘીવાળાને ત્યાં અથવા કોઈ બીજા સ્નેહી જોડે રસ્તા પર વાતો કર્યા જ કરતા હોય. ડાબો હાથ ઊંચો ચત્તો રાખી જમણા હાથે તે પર વખતો વખત અંગુલિનિર્દેશ કરતા તે થાકતા જ નહિ.

મેં એમનું કીર્તન સાંભળ્યું એ જ દિવસથી હું તેમનો ભક્ત બન્યો. એમની કથા વર્ણનાત્મક ન હતી પણ ભાવ ઊર્મિભરી ભક્તિથી તરબોળ હતી. એમની કથાને અંતે દેવ-મહારાજે ન ભેટ સ્વીકારી, ન આરતીના પૈસા ગાંઠે બાંધ્યા. આટલું બધું ઉત્તમ સંકીર્તન કરે તેને પૈસાના તો ઢગલા થાય; ભક્તોની ભીડ થાય; છતાં એ પૈસા કેમ લેતા નથી? બધે બનતું જોએલું તે ન બન્યું જોઈ મોટાંનાનાંને પૂછી દેવ મહારાજનો મેં પરિચય મેળવ્યો.

દેવ મહારાજે નાનપણમાં વડદાર પડછંદ પિતામહનાં લાડ અને પ્રેરણા મેળવેલાં. બ્રાહ્મણના માનભંગ તે સહન કરી શકતા નહિ. વેદશાળામાં એમણે અધ્યયન કરેલું. કડક વિદ્યાર્થી જીવન ગુજારેલું. પ્રાચીન રૂઢિ પ્રમાણે સંસ્કૃત ગુરુ-ઓની સેવા કરેલી. વડોદરામાં દક્ષિણી શાસ્ત્રી ગુરુઓને ઘેર રહેલા અને ત્યાંથી સંગીત અને કીર્તનની દીક્ષા પામેલા. વડોદરામાં હતા ત્યારે સંગીતના વિકાસ ઉપરાંત કળાપ્રેમ પણ રોપાયો. પ્રખ્યાત રાજા રવિવર્મા એ વખતે રાજમહેલનાં



શ્રી દેવમહારાજની સ્કેચબુકનાં કેટલાંક પાનાં

અરધા ફુલ્સ્કેપની સાઈઝના એક એક પાના ઉપર એક એક આવો સ્કેચ કરેલા એવા કેટલાયે ચોપડા એમણે ભરેલા. ડાબી તરફ ઉપર–નીચેનું પ્રત્યેક પહેલું આલેખન રાજા રવિવર્માના ચિત્રની નકલો છે. બાકીના સ્કેચો પોતાના મિત્રો અને બજારનાં પાત્રોના છે. માત્ર રેખાથી પાત્રનું વ્યક્તિત્વ અને ચારિત્ર્યમુદ્રા ઉતારવાની તેમની શક્તિ વિરલ હતી. આવા સ્કેચો તેઓ ત્રણથી પાંચ મિનિટમાં કરતા અને રબરનો ભાગ્યે જ ઉપયોગ કરતા. આ સ્કેચબુકો ઈ. ૧૯૦૭ થી ૧૯૦૯ના અરસાની છે.

ચિત્રો કરવા આવ્યા હતા તેમને દેવમહારાજે નજરે જોએલા અને એ પ્રસિદ્ધ કલાકારની એમના ઉપર એટલી બધી ઊંડી છાપ પડેલી કે છેવટ સુધી એમના ગુણકીર્તન કરતાં થાકતા નહિ, એટલું જ નહિ પણ હિંદી કળાની પરંપરા અને અભિનવ જાગૃતિ વિષે એમની આગળ પ્રતિષ્ઠા કરનારને પણ રવિવર્મા વિષેનો એમનો પક્ષપાત બહુ અડગ લાગતો. છતાં રાજા રવિવર્મા જેવા પ્રખર ચિત્રકારના મેળાપે તેમનામાં કળા વિષે જે મૌલિક વિચારણા જાગૃત કરી તેનો પ્રતાપ દૂરદૂર કેમ પ્રસર્યો તે વિચારવા જેવું છે. રાજા રવિવર્માને તેમણે ચીતરતાં જોએલા. એ રંગો મેળવતા, છાયાઓ ભરતા, સ્કેચ કરતા તેવા વખતે તેમને હાજર રહેવાની ઘણી તક મળેલી. આમ નજર સમક્ષ વહેલા એ સર્જનપ્રવાહમાંથી ચિત્રકારની પટુતામાં જીવંત દર્શનની જરૂરિયાત તેમણે પકડી લીધી, અને ભાવનગરમાં આવી પેનસીલથી માણસોના ચહેરા દોરવાનો પ્રયાસ, આરંભી એકલવ્યની પેઠે, રવિવર્માની કાલ્પનિક દોરવણી પર સ્કેચ કરવા શરૂ કર્યા. માત્ર સબળ સંકલ્પ અને ભગીરથ પ્રયાસના ફળ રૂપે વગર ગુરુએ તેમણે પોતાનું પેનસીલ–આલેખન એટલું સજીવ અને ત્વરિત બનાવ્યું હતું કે ત્રણ કે ચાર મિનીટમાં તે કોઈપણ માણસનો આલેખ ખેંચી શકતા. શરૂઆતમાં તેમણે પસ્તીનાં ચિત્રો પરથી દોરવાની ઝડપ વધારી અને પછી તો આકર્ષક અને આકર્ષક ઘડતરના ચહેરાવાળાં 'મૉડેલ' શોધવા દર રવિવારે ધર્મશાળાઓ, ઠાકરદ્વારા કે બહારની વાડીઓમાં રખડતા. અત્રે અસંખ્ય બાવા સાધુઓના ચહેરા ચીતરતા. એ બધાની પાછળ રવિવર્માનાં પાત્રો તે પ્રતીક રૂપે રાખતા. એમને દરેક બાબતમાં રવિવર્માની પસંદગી, રવિવર્માના પોશાકો અને અંગભંગો આદર્શ લાગતા, રવિવર્માની સરસ્વતી–લક્ષ્મીની કેલેન્ડર છબીઓ તો તેમણે એવા પરિશ્રમે ઘણા દિવસે કરેલી કે જોનારને આબેહૂબ ફોટોગ્રાફ લાગે. આ લેખકે તે જોએલી અને એ બાલ્યાવસ્થામાં દેવમહારાજની એક ચમત્કાર ભરી કૃતિ લાગેલી. મનમાં પ્રકટેલા ચિત્રકળાના પ્રેમને દેવ મહારાજના આ સમાગમે નવો જ પ્રકાશ અને પુષ્ટિ આપ્યાં.

એવા પુખ્ત અને સિદ્ધ જેવા જણાતા પુરુષ પાસે પહેલાં તો એકલા જવાની હિમ્મત જ ન ચાલી, પણ જ્યારે એક વડિલે મારા શૉખની વાત મારી રૂબરૂ તેમને કહી ત્યારે જે પ્રેમભર્યાં હાસ્યથી તેમણે મને આદર આપ્યો તેણે મારો માર્ગ સરળ કરી આપ્યો. કલાકારો ગુપ્ત રાખનારા હોય છે, દ્વેષી હોય છે, શિષ્યોનો દમ કાઢી નાખીને પાવળું ભેદ બતાવે એવા હોય છે, એવી વાતો બજારૂ માણસો પાસેથી સાંભળેલી તે આ સત્પુરૂષની પાસે હવા બની ગઇ જણાઇ. હું એક દિવસ તેમના ઘેર ગયો ત્યારે સાવ ખાલી સાફ ભીંતોવાળા ઓરડામાં તે એક ગુણપાટ ઉપર બેઠા હતા. માત્ર મોટું પાટિયું ભીંતે અડાડી મૂક્યું હતું અને એક બે નાનાં બાકસો સફાઇથી બાજુ મૂકી રાખ્યાં હતાં. મારાં ચિત્રામણનો થોકડો હું સાથે લઈ ગયો હતો. દેવ મહારાજે એ બધું જોઇ ધીરજથી મને સમજાવ્યું કે 'સ્કેચ અને માપોથી ડ્રૉઇંગ કરવા કરતાં આંખના અંદાજથી કુદરત અને માણસ જોઇને ચીતરવાથી કળાકારનો સાચો વિકાસ થાય છે. કુદરત અને માનવપાત્રો જ સાચા ગુરુઓ કે નમૂના છે.' મેં તો શાળાના શિક્ષક પાસેથી માપોની પદ્ધતિ ગ્રહણ કરેલી, બજારના ચિતારા પાસેથી ચોરસ ખાનાંની રીત પકડેલી અને છાપેલાં ચિત્રો કે ફોટોગ્રાફરોના ટેકા વગર ચિત્રકળા શીખાય જ નહિ એવી ગાંઠ વાળેલી. આ સ્થિતિમાં દેવમહારાજનો મંત્ર મળ્યો. એ દિવસ મારા સદ્‌ભાગ્યનો એક દિવસ હતો. પછી તો એમની સ્કેચ બુકોના ગાંસડા મેં જોયા, એ પાટિયા પર શરૂ કરેલું એક શ્રી કૃષ્ણનું ચિત્ર જોયું અને એમની પ્રેરક વાણી મંત્રમુગ્ધ હૃદયે સાંભળીને સમજ્યો કે કળાકારનું જીવન તપશ્ચર્યા, સાચી દૃષ્ટિ અને પવિત્રતાના વાતાવરણમાં ઘડાવું જોઇએ.

એ વખતે તેઓ ભાવનગરના વસુલાતી ખાતામાં શિરસ્તેદાર હતા પણ એમની સુવાસ ચોમેર પ્રસરેલી હતી. લાંચરૂશ્વત ભર્યા એ વ્યવહારમાં કમળ જેવું સ્વચ્છ પારદર્શક જીવન જીવનાર એ સાધુ પુરુષને મેં ખૂબ નિકટતા અને સાતત્યથી જોયા છે અને સાવ અશક્ય લાગે એવા ધારદાર ચારિત્ર્યના માર્ગમાં દેવદૂત સમા આનંદિત, સદા પ્રસન્ન, ઉત્સાહી અને સંતોષી અનુભવ્યા છે. અરે, એમના પવિત્ર પ્રાણની ઉષ્માના આશીર્વાદ પણ પામ્યો છું. મારી કુંઠિત ચિત્રશૈલીને એ વખતે નવો માર્ગ બતાવનાર એ સદ્‌ગુરુ મળ્યા ન હોત તો નકલી ખોખાંઓમાંથી મારો અવતાર ક્યારે ય છૂટત. મેં તે જ દિવસથી મારો માર્ગ બદલી સ્વતંત્ર સીધેસીધાં ચિત્રો કરવાના પ્રયાસો શરૂ કર્યા. એમના જેવું સંકલ્પબળ અને સમાધિ મારામાં ન હતાં પણ એમનો વખતો વખતનો સમાગમ અને સમાધાન મને સન્માર્ગે રાખતાં.

માત્ર પિસતાળીસ રૂપિયાની નોકરી ઉપરજ તેમણે પ્રમાણિક જીવનવ્યવહાર ગોઠવ્યો હતો. પોતાના નાના ભાઈ નાનાલાલને ભણાવી રેલવેમાં નોકરી મળ્યા પછી તો તેમનો સંતોષ અનેકગણો વધી ગયો હતો અને કોઇ પણ પળે પોતે નોકરી છોડવાની પેરવી કરી રહ્યા હતા. કળાની પ્રગતિ તેમણે અજબ સાધેલી ને એક સબળ કળાકાર તરીકે જીવન વીતાવવાનો મનસૂબો સેવતા હતા. એમની ભાવિ સંસિદ્ધિની કલ્પના એ હતી કે એક કે બે દિવસમાં મોટા કૅનવાસનું ચિત્ર તૈયાર થાય એટલી ત્વરા અને શક્તિ પ્રાપ્ત કરવાં.


સ્વ. સર પટણીએ તેમનું કામ જોઇ બહુ પ્રસન્નતા બતાવી અને એક વર્ષ માટે ચઢતા પગારે ઘેર રહેવા રજા આપી. એ દરમિયાન રંગોની તાલીમ માટે રાજમહેલમાંના રવિવર્માનાં બે અસલ ચિત્રોની નકલ ઉતારી તે એટલી બધી સરસ હતી કે બેમાંથી અસલ પારખવું મુશ્કેલ પડે. એ નકલો તેમણે રાજ્યને ભેટ ધરી, એમ કહીને કે એમના પગારથી જ એ કામ બન્યું છે; પણ રાજ્યે ઉદારતા પૂર્વક તેનો હક તેમની પાસે રહેવા દીધો અને બીજું એક વર્ષ વધારી આપ્યું. એ દરમિયાન તેમણે મુંબઈના એક સ્નેહી શેઠિયા માટે કેટલાંક પોરટ્રેટ કર્યાં. પણ પછી ચિત્રકળાના ગ્રાહકી વ્યવહારમાં એમણે પોતાની આધ્યાત્મિકતા દ્વારા જે વિભૂતિ અને શ્રેષ્ઠતા કેળવેલી તેનું ખંડન થતું દેખાયું એટલે એક દિવસે તેમણે પીછી, રંગપેટી અને કૅનવાસ વીંટા કરી અભરાઈ પર ચડાવી દીધાં અને કળાવૃત્તિને રામરામ કરી દીધા. બીજી તરફ રાજ્યમાં પણ તેમને પેન્શન મળે એટલી મુદ્દત થતી હોવાથી, એટલામાં જ જીવનની સ્વતંત્રતા નજાવી લેવાનો સંકલ્પ કરી નોકરી છોડી દીધી. તેમની જગ્યાએ તેમના પર ગુરુભાવ દર્શાવનાર હિંમતરાય ભાઈ આવ્યા. તેઓ હમણાં જ એ રાજ્યના વસુલાતી અધિકારીના પદેથી નિવૃત્ત થયા. આ પરથી દેવ મહારાજ જો સાંસારિક ભાવોને આધીન થઈ નોકરી પર રહ્યા હોત તો કયા પદે પહોંચ્યા હોત એ કલ્પવું મુશ્કેલ નહિ પડે. ભલે એમણે એવું પદ ન મેળવ્યું પણ મોટા પદાધિકારીઓ ન કરી શકે, ન મેળવી શકે એવાં તપ અને સંસિદ્ધિ જરૂર મેળવ્યાં અને સોક્રેટીસની માફક પોતાના ગુણપાટ ઉપર રહી નિષ્કિંચન, નિષ્કામ સામ્રાજ્ય જીવનભર ભોગવ્યું.

એમણે કઠોર બ્રહ્મચર્યવ્રત અસિધારા પર પાળ્યું છે. બ્રાહ્મ મુહૂર્તે ઊઠવું, કોઇ જળાશયમાં જઈ સ્નાન કરી આવવું, સંધ્યા, પ્રાણાયામ, યોગ વગેરે ક્રિયાઓ તે બાલ્યકાળથી અસ્ખલિતપણે પાળતા હતા. વધુમાં તેમણે અપરિગ્રહ અને બ્રહ્મચર્યજીવનથી જીવનની સર્વે કામનાઓ પર વિજય મેળવ્યો હતો. કોઇના ઘરનો સોપારીનો કટકો યે તેમણે સ્વીકાર્યો નથી. છતાં સ્નેહી જનોના સારા માઠા પ્રસંગોમાં સેવા અને હાજરી ચૂક્યા નથી. એક વાર





શરદનું સવાર શ્રી બી. કે. દિલવાલી (સીમલા)

અમદાવાદમાં ગઈ દીવાળીએ 'નિહારિકા' મંડળ તરફથી ભરાએલા અખિલ હિંદ ફોટો પ્રદર્શનમાં રૌપ્ય પદક પામેલી કૃતિ









અમદાવાદમાં દીવાળીમાં 'નિહારિકા' તરફથી ભરાએલા અખિલ હિંદ ફોટો પ્રદર્શનમાં રજુ થએલી કૃતિઓ. ઉપરઃ ડાબી બાજુ–શિયાળાને તડકે (અખ્તર સૈયદ –પાલનપુર) જમણી બાજુ-લ્હેરિયાં (સી.જી.જગન્નાથ-દાસ-મદ્રાસ) વચ્ચે–જાળી (મિસ એસ. બાટલીવાલા મુંબઇ, નીચે–દોરડાં (પી.એસ. ખંભાતા અમદાવાદ).

સ્મશાને જતાં પગ દાઝતા લાગ્યા એટલે જોડાનો સદંતર ત્યાગ કરી પગનાં તળિયાં એવાં રીઢાં કર્યાં કે પછી કદી જોડા પહેરવાની જરૂર ન પડી. હજામતની ખટપટ ત્યાગવા પંચકેશ ચાલુ રાખ્યા. દરજીની પીડા ટાળવા વણસીવ્યાં વસ્ત્રોથી ચલાવ્યું. જેમ બને તેમ જીવનને સ્વસ્થ અને નિઃસંગ રાખવા અનેક પ્રકારના ત્યાગ અને સંયમ સેવવા છતાં સ્વભાવમાં મૃદુતા, પ્રેમ અને તત્પરતા કદી ઓછાં થવા ન દીધાં. આ લેખકના યુવાન અને પ્રૌઢ જીવનના સંસ્કારો આધુનિક વ્યવહારને અનુકૂળ છતાં એમની સાથેની નિકટતા અને સ્નેહસંબંધમાં એમની જ ઉદારતાએ કદી ભેદ પડવા નહોતો દીધો. ઘણી વાર હું એમની સાથે કળાના અવનવા પ્રકારો અને ઐતિહાસિક અન્વેષણોની રસમય ચર્ચા કરતો તેનો આસ્વાદ એ લઇ શકતા.

ભાવનગરની ભૂતપૂર્વ કલા અને કલાકારોનો તેમને સતત પરિચય રહેતો. રહીમખાંનો સિતાર સાંભળવો હોય તો દેવ મહારાજ રાત્રે તેનું બારણું ઉઘડાવી શકે. કલાવંતી ચંદ્રપ્રભાનાં ગાયનો તે સાંભળતા અને કહેતા કે એ ગાયનોમાં બ્રહ્મચર્યનો પ્રભાવ હતો. રાજગાયક દલસુખરામભાઇ તો એમના સ્નેહી હતા. અને વિદ્યાર્થીઓના નાટ્ય પ્રયોગોમાં પણ દેવ મહારાજ આવી મળતા અને તેમની સમર્થ અભિનયશૈલીની સપ્રયોગ તાલીમ આપતા. આમવર્ગ ઉપર તેમની બહુ મમતા હતી. ગુજરીના મેળામાં કે નવરા બાગમાં દેવ મહારાજ જઇને ગમે તે ખૂણે બેસે એટલે તેમની આસપાસ સો, પચાસ માણસનું ટોળું વણનોતર્યું આવીને બેઠું હોય જ. અને તે વખતે મહાભારત, રામાયણ વગેરેનાં કથાપાત્રોને તે પોતાની પ્રાસાદિક પવિત્રતાથી રંગી સજીવન કરતા.

એમની વાતોમાં 'પરાકાષ્ઠા' અને 'સીમા વગરની' શબ્દો તાલની જેમ વપરાતા અને અમારા વિનોદનું સાધન બનતા. મહાપુરુષો કલ્યાણકારી હોય છે તેમ દેવ મહારાજ કઇક સંતપ્તને પોતાના દૃષ્ટાંતથી અને પ્રવચનથી શાંત અને સંતુષ્ટ બનાવતા અને તેમની માનવતાને ઉચ્ચ બનવાને પ્રેરતા. 'તમને પગાર કે સાધન થોડાં છે માટે તમે મહામંત્રી કે સમ્રાટથી ઓછા છો એવું માની ન બેસતા' એવા મંત્રો તેઓ આમ વર્ગને ભણાવતા અને તેના સમર્થન માટે ગળે ઊતરી જાય એવા પુરાણો કે શાસ્ત્રના દાખલા અને વચનો આપતા. કલિયુગમાં કદાચ તે એકલા જ અથવા છેવટના બ્રાહ્મણ હતા કે જેના ચરણમાં નમન કરવા માત્રથી પણ પવિત્ર થવાય.

ર. મ. રા.

ગરવી ગુજરાત

પોતાની પ્રતિભા વડે ગુજરાતના નામને તેના સીમાપ્રાન્તોની પાર હિન્દવ્યાપી ને જગતવ્યાપી કરનાર ગુજરાત-પુત્રોના નામથી ગૌરવાન્વિત થવાની અસ્મિતામાં ગુજરાત હમેશાં પછાત રહ્યું છે. પુરાતન કાળે વાણિજ્યવિસ્તાર અને નૌ-યાનમાં સાત સાગરના સીમાડા લોપીને જગતના મહાસાગરોને સરોવર જેવા ગણી ઘૂમનાર ગુજરાતીઓએ સંસ્કારક્ષેત્રમાં પણ એવી જ પ્રતિભા નહિ દાખવી હોય એની કોને ખબર છે? પણ વ્યાપાર-બુદ્ધિની પ્રધાનતાથી સૌમ્યમનસ્ બનેલા ગુજરાતને હાથે એ આખી યે બાજુ ત્યારથી માંડી આજની ઘડી સુધી ઉપેક્ષિત રહી છે.

માનવપ્રેમના ઉદાત્ત રંગે રંગાએલા હૃદય વડે દેશસેવાની સાથોસાથ જગતસેવા સાધી રહેલા પુણ્યશ્લોક ગાંધીજીના એકના જ નામથી રાચીને આજે આપણે બેસી રહીએ છીએ. પણ એવા મહાજ્યોતિઓ ઉપરાંત બીજા ઉજ્જ્વલ ધરદીવડાઓ પણ આપણે ત્યાં છે જેણે પોતાની પ્રતિભાનો પ્રકાશ બીજા પ્રાન્તોમાં પાથરી સંસ્કાર અને સેવાના ક્ષેત્રમાં ગુજરાતના મોંને ઊજળું કર્યું છે.

માનવસેવાના કાર્યમાં કદાચ ગાંધીજીથી બીજે નંબરે બિરાજી શકે એવા ઠક્કર બાપાએ પોતાની એ સેવા-સુવાસ





ડૉ. બાલકૃષ્ણ પાઠક



ડૉ. અનંત પંડ્યા

વડે હિન્દ સમસ્તના સીમાડા મહેકાવી મૂકયા છે, અને એની પ્રતીતિ દેશ આજે એમની સિત્તેરમી જન્મજયંતી ઊજવીને કરાવી રહ્યો છે. દુષ્કાળ, રેલ અને ધરતીકંપ જેવા કુદરતના કોપથી પીડિત ગરીબ પ્રજાની, દલિતો અંત્યજો અને હરિજનો જેવા સમાજના ઉપેક્ષિત હડધૂત વર્ગની, અને ભીલ ગોંડ કે ખાસી જેવા, સંસ્કૃતિના પ્રકાશથી પછાત રહેલાં કુદરતનાં આદિ બાળકોની એમની સેવાનો ઋણભાર એટલો બધો છે કે બીજી કોઈ રીતે હળવો થઇ શકે તેમ નથી. તેથી પુત્રભાવે ભક્તિ પ્રકટ કરીને દેશે એમને પિતાને સ્થાને મૂકી દીધા અને આજે તે સમસ્ત દેશના 'બાપા' બની ગયા છે. પાંત્રીસ કરોડના પિતા થઈ બેઠેલા એ ગુજરાતીની ફરફરી રહેલી સેવાપતાકાનો ધ્વજદંડ જે ધ્યેયનિષ્ઠા, ખડતલ અને ખંતીલી જીવનપ્રણાલી, નિર્ભ્રમ અને નિર્મળ હૃદય તથા એકધારી ઉદ્યમશીલતા પર રોપાએલો છે તે તરુણ ગુજરાતને સાધનાના પાઠ શીખવે એમ છે.

એવા જ બીજા પ્રકાશમાન રત્નની ભેટ ગુજરાતે દેશને વિદ્યા–સંસ્કારના ક્ષેત્રમાં ધરી છે, તે આચાર્ય ડૉ. આનંદશંકર ધ્રુવ. આજથી વીસ વરસ પહેલાં બનારસ હિન્દુ યુનિવર્સિટી જેવી, વિદ્યાના વિશાળ વટવૃક્ષ સમી સંસ્થાના આચાર્યપદે આરૂઢ થનાર એ ગુજરાતીની વિદ્વત્તા અને પ્રતિભાને પ્રમાણીને હિન્દ સમસ્તે એમને આચાર્યનું બિરુદ આપ્યું છે અને આજે તે દેશભરના આચાર્ય આનંદશંકર છે.

એ જ પ્રણાલી પર બે તેજસ્વી ગુજરાતીઓ આજે પરપ્રાન્તોમાં બે વિદ્યાસંસ્થાઓના આચાર્યસ્થાને આરૂઢ થાય છે. એક ડૉ. બાલકૃષ્ણ અમરજી પાઠક એ જ યુનિવર્સિટીના આયુર્વેદ કૉલેજના પ્રિન્સિપલ તરીકે હમણાં નિયુક્ત થયા છે. પ્રાચીન આયુર્વેદ અને આધુનિક પાશ્ચાત્ય વૈદકવિદ્યા એ બંનેના સરખા અધ્યયન તથા અભ્યાસ વડે એમણે એ બે વિદ્યાનો વિરલ સમન્વય સાધ્યો છે, અને એ ક્ષેત્રમાં ઉજ્જ્વલ કારકીર્દિની આશા આપતી એમની શક્તિ છે.

બીજા ગુજરાતીને તો 'કુમાર'ના જૂના વાચકો તેના પહેલા જ અંકથી ઓળખે છે. વિદ્યાર્થીજીવનમાં 'કુમાર'ના આદિ હસ્તલિખિત સ્વરૂપમાં જે તેના તંત્રી હતા તે ડૉ. અનંત પંડયાની પિછાન અમે ૧લા અને ૧૨૨મા અંકમાં આપી ગયા છીએ. આજે કલકત્તાની 'બૅંગાલ એન્જીનીઅરિંગ કૉલેજ'ના પ્રિન્સીપલ તરીકે રૂ. ૧૬૪૦નાં માસિક દરમાયાથી એમનો નિમણૂક થઈ છે એ ખબર 'કુમાર'ના વાચકોને જ નહિ પણ ગુજરાત સમસ્તને ગૌરવનો વિષય છે.

ડૉ. અનંત પંડયાના તેજસ્વી વિદ્યાકાળનો પરિચય અમે અગાઉ આપી ગયા છીએ. એન્જિનીઅરિંગમાં મોટામાં મોટી અમેરિકાની જગવિખ્યાત સંસ્થા એમ. આઈ. ટી. (માસાચ્યુસેટ્સ ઈન્સ્ટીટ્યૂટ ઑવ ટેક્નૉલૉજી)માં પોતાની પ્રતિભાથી લાગલાગટ ગ્રૅજ્યુએટ સ્કૉલરશિપો મેળવીને તથા અસામાન્ય બહુમાનવાળી ૧૦૦૦ ડૉલરની ઑસ્ટીન રીસર્ચ સ્કૉલરશિપ મેળવીને ૧૯૩૩માં 'સૉઈલ મિકેનિક્સ'ના વિષય ઉપર થીસીસ આપીને, એમણે અમેરિકાની સિવિલ એન્જિનીઅરિંગની સર્વશ્રેષ્ઠ ડી. એસસી.ની ડિગ્રી મેળવી. એ પદવીધારી અમેરિકામાં તે ચોથા જ હતા, એ હકીકત પરથી તેનું ગૌરવ અને મહત્તા સમજાશે. આટલી ઊજળી કારકીર્દિવાળા માણસને માટે દુનિયાનાં કયાં દ્વાર ખુલ્લાં ન હોય? લંડનની ટ્રૅડ સ્ટીલ કન્સ્ટ્રક્શન કંપની, જે સ્ટ્રક્ચરલ એન્જીનીઅર્સ તરીકે બહુ સુવિખ્યાત પેઢી ગણાય છે તેમાં સ્ટ્રક્ચરલ એન્જિનીઅર તરીકે નોકરી મળી અને ત્યાં બહુ જ ટૂંકા સમયમાં પોતાની શક્તિ વડે એ કંપનીની ડીઝાઇન્સ આર્ટની આબરૂ આકરામાં આકરી ડીઝાઇન્સ તૈયાર કરી આપીને વધારી દીધી. તરત જ તેમને એ કંપનીના ચીફ એન્જિનીઅર તરીકે નીમવામાં આવ્યા. અંગ્રેજોની પેઢીમાં—અને ખાસ કરીને લંડનમાં એક હિન્દીને આવું મુખ્ય સ્થાન આપવામાં આવ્યું એ હકીકત અદ્વિતીય હતી. ૧૯૩૮માં અમેરિકાનું ઈન્ટરનૅશનલ કૉમ્પીટીશન થયું તેમાં વિશ્વભરના બે હજાર એન્જિનીઅરોએ ભાગ લીધો હતો. તે સૌમાં બીજો નંબર મેળવીને એમણે રૂા. ૩૬૦૦૦)નું ઇનામ જીતી લીધું અને આજે ૧૯૩૯માં તે ઉપર જણાવેલી સીબપોર કૉલેજના આચાર્યપદે નીમાયા છે. જે કૉલેજમાં આજ સુધી શક્તિસંપન્ન યુરોપીઅનો જ પ્રિન્સિપલ નીમાતા ત્યાં ત્રીસ વર્ષની વયે એ કૉલેજના ઇતિહાસમાં પ્રથમ હિન્દી પ્રિન્સિપલ તરીકેની જગ્યા મેળવનાર ડૉ. પંડયાની સિવિલ એન્જિનીઅર તરીકેની કારકીર્દિનું આ ઉજ્જ્વલ પગલું છે. આવા પનોતા પુત્રોથી ગરવી ગુજરાતનું મોં ઊજળું છે. **ઉ.ત.**

'ભારત હમારા દેશ હૈ?' (અનુ૦ પાન ૫૨૮થી)

ગુલામીનો આનંદ લેવા દો અને શાંતિથી નિષ્ક્રિયતાનું સુખ લેતાં મરવા દો.' એવા શાંતિપાઠથી હિંદુસ્તાન આપણું નહિ થઈ શકે. હિંદુસ્તાનની વિશાળ ભૂમિમાં આપણું જીવન પોખી દેવાથી અને આપણાં ખૂન અને પરસેવાથી એને સીંચવાથી જ હિંદુસ્તાન આપણું થશે.

'भारत हमारा देश है'?

लेखक
दत्तात्रेय बालकृष्ण कालेलकर

હિંદુસ્તાનમાં જે લોકોએ જન્મ લીધો અને હિંદુસ્તાનમાં જ જેમને રહેવાનું છે તે હિંદુસ્તાની છે એમાં તો કોઈ શક નથી. હિંદુસ્તાને એમને જન્મ આપ્યો, આબોહવા આપી, આહારવિહારની સામગ્રી આપી, અને અહીંના સમાજમાં કંઈક સ્થાન પણ આપ્યું. એમને માટે જે કરવું જોઈએ તે હિંદુસ્તાને કરી આપ્યું. આથી તેઓ હિંદુસ્તાનના થઈ ગયા. પરંતુ એટલાથી હિંદુસ્તાન એમનું નથી થઈ જતું. તેઓ અગર કહે કે 'હિંદુસ્તાન અમારો દેશ છે' તો તેમને તરત પૂછી શકાય કે 'તમે હિંદુસ્તાન માટે શું કર્યું છે? તમારી એવી કયી તપસ્યા છે જેથી તમે દાવો કરો છો કે હિંદુસ્તાન તમારો દેશ છે?'

હિંદુસ્તાનના તમામ લોકોને ભાઈબહેન સમજી એમને પ્રેમથી આપણે અપનાવીશું ત્યારે જ હિંદુસ્તાન આપણું થશે. હિંદુસ્તાનના લોકોને સુખી કરવા જ્યારે તનતોડ મહેનત આપણે કરીશું ત્યારે હિંદુસ્તાન આપણું થશે. મોકો મળતાં જ કન્યાકુમારીથી કાશ્મીર સુધી અને કરાચીથી કલકત્તા સુધી ઘૂમી વળી દેશના પહાડો ને નદીઓ, સરોવરો ને જંગલો, શહેરો ને ગામડાં, ખેતરો ને બીડો, તીર્થસ્થાનો ને ઉદ્યોગસ્થાનો, ધર્મક્ષેત્રો ને કુરુક્ષેત્રો સર્વેનું જ્યારે ભક્તિભાવથી દર્શન કરીશું; હિંદુસ્તાનની નાનીમોટી બધી મળીને કેટલી બોલીઓ છે, કેવી કેવી છે, એની ખોજ કરીશું, એવી હરેક બોલીના કોશ અને વ્યાકરણ તૈયાર કરીશું, એ બોલીઓમાં પોતાનું જીવન અને હાર્દ વ્યક્ત કરવાવાળા ગરીબ લોકો સાથે એકરૂપ થઈ જઈશું અને એમની બુદ્ધિ શક્તિ વધારવાની કોશિષ કરીશું ત્યારે હિંદુસ્તાન આપણું થશે. હિંદુસ્તાનના બીમારોની, અનાથોની અને પતિતોની સેવા કરવાની જવાબદારી જ્યારે આપણે પિછાણશું અને એમને આપણાં ભાઈબહેન સમજી, દયાથી નહિ પરંતુ પ્રેમથી, બંધુત્વથી એમની સેવા કરવાનો સમુચિત પ્રયત્ન કરીશું ત્યારે હિંદુસ્તાન આપણું થશે. લિપિકાર ગણેશજીના વારસદાર આપણે જ્યારે સેંકડે ૯૦ નિરક્ષરોને અક્ષરજ્ઞાન આપવાનો, એમને સાક્ષર બનાવવાનો પ્રચંડ પ્રયત્ન કરીશું ત્યારે જ હિંદુસ્તાન આપણું થશે. હિંદી, ઉર્દૂ, બંગાળી, તેલગૂ, મરાઠી, ગુજરાતી, કન્નડ, તામિલ આદિ આપણી સંસ્કારસંપન્ન ભાષાઓમાં આધુનિક તમામ શાસ્ત્રોનું ગ્રહણ કરવાની ક્ષમતા આપણે જ્યારે પેદા કરીશું ત્યારે કદાચ અભિમાનપૂર્વક આપણે કહી શકીશું કે હિંદુસ્તાન આપણું છે. આપણા પુરુષાર્થ વડે આપણે એ કહેવાની યોગ્યતા જ્યારે હાંસલ કરીશું કે અમારા દેશમાં કોઈ ઇન્સાન ઉદ્યોગરહિત નથી, બેહુન્નર નથી, ભૂખ્યો અને મોહતાજ નથી, ત્યારે આપોઆપ સિદ્ધ થઈ જશે કે હિંદુસ્તાન આપણો દેશ છે. અને હિંદુસ્તાનમાં રહી આપણામાંથી હરેક જણ જ્યારે ભારતના સ્વાતંત્ર્ય ખાતર મરી ફીટવા હરક્ષણે તૈયાર રહેશે ત્યારે તો સારી દુનિયા એક અવાજે બોલી ઊઠશે, 'બેશક, હિંદુસ્તાન એમનું જ છે.'

જ્યારે આપણે કહેવા ચાહીએ છીએ અથવા તો ગાવા માગીએ છીએ કે 'भारत हमारा देश है' ત્યારે આપણા હૃદયને સવાલ કરવો જોઈએ કે 'શું આપણું દિલ ભારત જેવડું વિશાળ અને વ્યાપક છે? હિંદુસ્તાનના સજ્જન અને દુર્જન, પુણ્યવાન અને પાપી, મહાત્મા અને દુરાત્મા, દેશપ્રેમી અને દેશદ્રોહી, બુઢ્ઢા અને બચ્ચા, ઈસાઈ અને યહૂદી, આર્યસમાજી અને બ્રાહ્મસમાજી, હિંદુ અને મુસલમાન, પોર્ટુગીઝ અને પારસી, સ્ત્રી અને પુરુષ, તાલેવંત અને ગરીબ, આસ્તિક અને નાસ્તિક, પ્રજ્ઞ અને અજ્ઞ—તમામ આપણાં કુટુંબી છે? શું આપણે એમનાં અને એ આપણાં છે? શું એમનું દુઃખ તે આપણું દુઃખ, એમનો દુરાચાર તે આપણો દુરાચાર, એમનું પ્રાયશ્ચિત્ત તે આપણું પ્રાયશ્ચિત્ત છે?' અગર દિલમાંથી સ્પષ્ટ અવાજ ઊઠે કે 'હા, અમે બિલકુલ એવું જ માનીએ છીએ,'—તો તો સ્વયં ભગવાન પણ કહેશે કે 'ખરેખર ભારત તમારું જ છે.'

આપણે આપણા જન્મથી અથવા વાસ્તવ્યથી હિંદુસ્તાનના બની જઈએ છે. પરંતુ હિંદુસ્તાન આપણું તો આપણી આજીવન તપસ્યાથી જ બની શકે.

આપણી જાણકારી માટે હિંદુસ્તાનની આપણે તપાસ કરવી જોઈએ. શું પહેલાંની જેમ આજે આપણે

ચતુર્ધામની યાત્રા કરીએ છીએ? શું કુંભાદિ મેળામાં લાખોની મેદનીમાં મળતા ભારતવાસીઓની સાથે આપણે એકહૃદય થઈ શકીએ છીએ? શું આપણે આપણા દેશનાં પવિત્રમાં પવિત્ર સ્થાનોનું સાચું માહાત્મ્ય સાંભળ્યું છે, શીખ્યું છે? પુરાણી વાત જવા દો. સૂત અને નારદ, રોમહર્ષણ અને બલરામ, અગસ્તિ અને પરશુરામ આદિ પ્રાચીન ભારતયાત્રીઓનાં યાત્રાવર્ણનો પણ છોડી દો. આજકાલનાં નવાં ગૅઝેટીઅરો આપણે લઈએ તો તેમાંયે આપણા લ.કોનું રચેલું કેટલું છે? હિંદુસ્તાનની પછાત જાતિઓનું વર્ણન, એમનો સ્વભાવ, એમની આદતો, એમની ધાર્મિક માન્યતાઓ અને એમનો જીવનક્રમ વગેરે બાબતોનું આવશ્યક જ્ઞાન આપણે એકઠું કર્યું છે કે મિશનરી લોકોએ? અસમ, બિહાર, મધ્યપ્રાંત આદિમાં જે પર્વતીય જાતિઓ છે એમની ભાષાનું અધ્યયન આપણે કર્યું છે? એમની સેવા કરીને એમની જીવનયાત્રા સુખદ કરવાનો અને એમને મનુષ્યના સૌ અધિકારો પ્રાપ્ત કરાવવાનો પ્રયત્ન આપણે કર્યો છે? દેશના સેંકડો બલ્કે હજારો નાનામોટા હુન્નર ઉદ્યોગો કેવળ આપણી ઉપેક્ષાથી ને વિદેશી વસ્તુઓના મોહથી આપણે મરવા દીધા એનો સંતાપ આપણને કદી થયો છે? ગામડાંના લોકોમાં જે અજ્ઞાન અને અબુદ્ધિ ભર્યાં પડ્યાં છે તે હટાવવાની આપણે કોશિશ કરી છે? બીમારી અને રોગ જે રીતે રાષ્ટ્રની પ્રાણશક્તિને ક્ષીણ કરે છે એ રીતે વહેમો અને ભ્રાન્ત કલ્પનાઓ દેશની બુદ્ધિ અને ચારિત્ર્યનો હ્રાસ કરે છે, એની વિરુદ્ધ આપણે કદી મક્કમ જંગ ખેડ્યો છે? આપણો જ દેશ એક એવો છે જ્યાં શંકરાચાર્ય જેવા અદ્વૈતવાદીઓ પણ રહે છે અને એની જ પડોશમાં પોતાનાં બાળબચ્ચાં, તેમ જ ઘરનાં પશુપક્ષીઓ વગેરેનું બલિદાન આપનારા પણ રહે છે. જેવી પતિત હાલત છે તેમાં સંતુષ્ટ રહેવું, કોઈએ કંઈ પણ પરિવર્તન કે સુધારણાની વાત કરી તો તેનો વિરોધ કરવો, અને બુરામાં બુરા રિવાજના બચાવ માટે દુનિયાભરનાં શાસ્ત્રો, વિજ્ઞાનો ને કાનૂનો સમાજસેવકો સામે ખડાં કરી દેવાં—એનું નામ અગર ધર્મનિષ્ઠા, ધર્માભિમાન હોય તો આપણા દેશમાં તે પૂર્ણમાત્રાએ વિદ્યમાન છે. આજે જ્યારે આપણે ત્રિવાર શાંતિની ઘોષણા કરીએ છીએ ત્યારે આપણી મતલબ એ જ હોય છે કે 'અમને શાંતિથી અન્યાય કરવા દો, શાંતિથી

(અનુસંધાન પાછળ પાન પર૬મે)

માનવતાના કલંકને પોતાના


કપાસમાંથી કપાસિયા છૂટા પાડવાની પ્રયુક્તિએ સસ્તી મજૂરીની માગ પેદા કરી ને તે પૂરી પાડવા આફ્રિકાના કિનારેથી જેટલા ખડકાય એટલા હબશીઓ ખડકીને અમેરિકાના કપાસના વિસ્તારોમાં ઉતારી તેમનું લીલામ કરવાનું શરૂ થયું. એમની મજૂરી વડે સમૃદ્ધ થવાથી સંસ્થાનોમાં દિનોદિન ગુલામોની આયાત વધતી ચાલી, તે એટલે સુધી કે ૧૮૬૦ સુધીમાં તો એમની સંખ્યા ૪૦ લાખ પર પહોંચી ગએલી.

ઈ. ૧૮૫૨માં મિસીસ હૅરિયેટ બીચર સ્ટોએ 'અંકલ ટૉમ્સ કૅબિન'નું પુસ્તક બહાર પાડી આ અમાનુષિતા સામે માનવતાને પહેલવહેલો પડકાર કર્યો. સમભાવી જિગરોને એ પુસ્તકે હચમચાવી મૂક્યાં ને જૉન બ્રાઉનની સરદારી નીચે કેટલાકોએ એકત્ર થઈ, મેરીલૅન્ડનું થાણું સર કરી ગુલામોને મુક્ત કરવા પાસો ફેંકી જોયો. પણ મુક્તિપ્રયાસના એ મોવડી ને એના સઘળા સાથીદારોને ફાંસીને માંચડે લટકાવી દેવામાં આવ્યા.

સંયુક્ત સંઘમાં શામિલ દક્ખણનાં બધાં રાજ્યોમાં ગુલામીની પ્રથા ચાલુ હતી. સંઘનું બંધારણ જાહેર કરતું હતું કે 'બધાં મનુષ્યો સમાન જન્મેલાં છે એ સ્વયંસિદ્ધ સત્ય અમે કબૂલ રાખીએ છીએ ને માનીએ છીએ કે દરેક વ્યક્તિને તેના જીવન પર, સ્વાતંત્ર્ય પર ને સુખેપણા પર સરખો હક્ક છે,' પરંતુ દક્ખણને મન ગુલામો એ મનુષ્યો જ ન હતા. આ બદીનું બી ધીમેધીમે ફાલી નીકળતાં અબ્રાહમ લિંકનને લાગ્યું કે વેળાસર એને નાબૂદ નહિ કરવામાં આવે તો સ્વાતંત્ર્યનો રોનકદાર બાગ આખો એ ઉજ્જડ બનાવી દેશે.

પરંતુ એ બદીના વિરોધ માટે જ લિંકને બ્રાઉનને ફાંસીએ ચડતો જોયો હતો; વિલિયમ લૉઈડ ગૅરિસનને બૉસ્ટનની શેરીએ શેરીએ હડધૂત થતો જોયો હતો. હજુ અવસર બરાબર નહોતો પાક્યો ને એ પ્રમાણી લઈ એણે શાંતિ ઉપાસી. ક્યારેક દિલનું દર્દ હદથી જ્યારે વધી નીકળતું ત્યારે બાઈબલ કે શેક્સપીઅરમાં તે સહારો શોધતો ને આશ્વાસન મેળવતો. રાતની મૂક શાંતિમાં આસમાનની તારાજડિત છત તરફ હાથ લંબાવતા એકાંતના એ અનુરાગીની ખામોશ ઝબાન મનોમન ક્યારેક કશુંક બબડી લેતી.

લોહી વડે ધોનાર નમ્ર નરોત્તમ



અમેરિકાનો ત્રાતા અબ્રાહમ લિંકન

રફતે રફતે બીજાં સંસ્થાનોમાં યે આ ચેપ પ્રસરવા લાગ્યો. ઈ. ૧૮૨૦માં દખ્ખણનું મિસૂરી સંસ્થાન સંઘમાં જોડાયું ત્યારે તેની સાથે સમજૂતી (Missouri Compromise) થએલી કે ૩૬° ૩૦' રેખાંશની સીમાની ઉત્તરે ગુલામી પ્રસરવી ન જોઇએ. પરંતુ ઈ. ૧૮૫૨માં કાન્સાસ ને નેબ્રાસ્કા સંઘમાં જોડાયાં ત્યારે મુકરર હદની ઉત્તરે એ આવેલાં છતાં ગુલામી પર પ્રતિબંધ મૂકવાને બદલે સ્ટેફન આર્નોલ્ડ ડગ્લાસે એવું બિલ આણ્યું કે એ સવાલ એ રાજ્યો પર જ છોડી દેવો.

મિસૂરીની સમજૂતીનું આ ચોકખું અવમાન લિંકનથી સહન થાય એમ ન હતું. તે વધુ વખત મૌન ન જાળવી શકયો. એણે ઝબાન ખોલી ને એમાંથી એવી વૈખરી ખરવા માંડી કે રીપોર્ટરો સુદ્ધાં પેન્સિલો થંભાવી દઈ ધ્રૂજતે હોઠે ખુરશી પરથી ઊભા થઇ જતા. ગુલામો પ્રત્યેની તેની એ અનુકંપાને લઇને તે તિરસ્કૃત થયો, તેનો વિરોધ થયો, તેણે ગાળો ખાધી અને તેના પર હૂમલો યે થયો; પણ પોતે ન્યાય્ય માનેલા પથેથી તે ચલિત ન થયો તે ન જ થયો.

દખ્ખણનાં રાજ્યો તો છડેચોક કહેતાં કે ઉત્તરનાં રાજ્યોને પોતાનાં ઢોર–ઘેટાં દખ્ખણમાં લઈ જવાનો જેટલો હક હતો તેટલો જ હક દખ્ખણને ઉત્તરમાં ગુલામો લઇ જવાનો હતો. એ શેખી સામે ખડા થએલા લિંકન પર ડગ્લાસે તો આળ પણ મૂકયું કે તેને નીગ્રો માટે સામાજિક સમાનતા જોઇએ છે. જવાબમાં લિંકને વિશેષ દઢતાથી પોતાનો દાવો રજૂ કર્યો કે 'પોતાને હાથે કમાએલી રોટી બીજા કોઈની પરવાનગી વિના ખાવાના હકમાં નીગ્રો મારા, ડગ્લાસના કે જીવતા કોઈપણ ઇન્સાનના સરખો જ હકદાર છે.' લિંકનની આ ઝુંબેશે ગુલામી વિરુદ્ધ આખી રીપબ્લિકન પાર્ટીને જન્મ આપ્યો.

અને એ જ મુદ્દા પર ઈ. ૧૮૫૬માં એણે પ્રમુખપદ માટે ઉમેદવારી કરી. એણે છડેચોક જાહેર કરવા માંડયું કે, 'ગુલામી જો પાપ નથી તો દુનિયામાં કશું જ પાપ નથી.' છતાં કશા વૈમનસ્યને જન્માવવાને બદલે શાંતિથી બધું ઉકેલાય એ એની ખાસ મુરાદ હતી. સેનેટમાં પણ એણે એ જ હકીકત પેશ કરી કે: 'અંદરોઅંદર વિભાજિત બનેલી સંસ્થા લાંબો કાળ ન ટકી શકે. અને એથી જ, હું માનું છું ત્યાં સુધી, આવી અરધી ગુલામ ને અરધી આઝાદ સરકાર લાંબો કાળ નહિ ટકી શકે. હું નથી ઇચ્છતો કે સંઘ બરખાસ્ત થાય, હું નથી ઇચ્છતો કે હાઉસ ભાંગી પડે, પણ સાથે સાથે એ યે નથી ઇચ્છતો કે તે આમ વિભાજિત રહે.' આવા નીડર વક્તવ્ય સામે વાંધો લેવા માંડેલા મિત્રોને યે એણે રોકડું પરખાવી દીધું કે 'એના વિના વિજય પામવાને બદલે આ જ વક્તવ્ય સાથે પરાજિત થવાનું હું વધુ પસંદ કરું છું.'

અને ખરેખર એ હાર્યો. ડેમૉક્રેટ્સ એ વખતે જીતી ગયા ને પેન્સિલવાનિયાનો જેમ્સ બુકૅનન પ્રમુખ તરીકે ચુંટાયો. આ મનોદ્વેષને એ અરસામાં ઊભા

રીતે બરદાસ્ત કરી લીધો તે જ માત્ર એની સંમાનિત સ્મૃતિ તમામ ભવિષ્ય માટે કોરી રાખવા બસ છે.'

એ કટોકટીમાં નબળાં હૈયાં તો સંઘના પતનની ઘડીઓ ગણી રહ્યાં હતાં, પણ લિંકન તો એ જ હિંમત, એ જ શાંતિ, એ જ નમ્રતા ને એ જ નિશ્ચય સહિત એનો સામનો કરી રહ્યો. ઇ. ૧૮૬૧ના નવેમ્બરમાં દખ્ખણના પ્રમુખ જેફરસન ડેવિસે મિ. મૅસન તથા જજ સ્લિડેલને લંડન તથા પારીસ મદદ માટે મોકલ્યા. જમાઈકાથી બ્રિટિશ સ્ટીમર 'ટ્રેન્ટ'માં એ ચડ્યા, પરંતુ સંયુક્ત સંઘના જહાજ 'સાન યાચિન્ટો'ના કપ્તાને તેના પર હલ્લો કરી એ બંનેને તેમના સેક્રેટરીઓ સહિત કેદ કર્યા. આથી ઈંગ્લંડ ખળભળી ઊઠ્યું ને એના વડા પ્રધાન લૉર્ડ પામર્સ્ટને ઉત્તર વિરુદ્ધ દખ્ખણને મદદ કરવાનું ઠરાવ્યું. પરંતુ લિંકને ફરી એવી રીતે વેપારી જહાજો ન તપાસવાની કબૂલાત આપી એ ત્રાહિત સત્તાને એવી તરકીબથી અળગી રાખી કે આજ પણ એની મુત્સદ્દીગીરીનો એ વિજય લેખાય છે. ઘણીવાર ઉકળી ઊઠતા સૈનિકો ને સેનાપતિઓને પણ મીઠી રીતે પંપાળીને એણે પ્રોત્સાહિત રાખ્યા હતા.

યુદ્ધ દરમિયાન વિલિયમ સ્કૉટ નામના એક સૈનિકને ફરજચૂકને માટે ઠાર કરવાનો હુકમ થયો. અમેરિકાનો પ્રમુખ જ માત્ર તે હુકમ ફેરવી શકે. લિંકનને ખબર પડી. એનો આત્મા આવો ઘાત સહન ન જ કરી શકે. એ પેલા સૈનિકની પાસે પહોંચ્યો ને તેને પૂછ્યું, 'જો હું તને માફી આપું તો તેનો બદલો તું કેવી રીતે વાળી આપે?'

સ્કૉટ આશ્ચર્યથી તેની સામે જોઈ રહ્યો. પછી વિચાર કરી ખેદભર્યો ઉત્તર આપ્યો, 'મારું કુટુંબ બધું વેચી નાંખે તો પાંચસોએક ડૉલર ઊપજે.'

'ના, એ પૂરતું ન કહેવાય; તારી જિંદગી પાંચસો ડૉલરથી વધુ કીમતી છે.'

સ્કૉટનું હૈયું બેસી ગયું. પૈસાના અભાવે પોતાની જિંદગીથી હાથ ધોવા પડશે એવી એના મનમાં ખાતરી થઈ ગઈ. પણ ત્યાં તો લિંકને આગળ ચલાવ્યું:

'તારું કુટુંબ એ ઋણ ભરપાઈ ન કરી શકે. માત્ર વિલિયમ સ્કૉટ્ જ તે ભરપાઈ કરી શકે. આજથી જ જો તે પોતાની ફરજ પ્રત્યે જાગ્રત રહેવાનું કબૂલ કરે તો એ ઋણ અદા થઈ જાય.'

સ્કૉટ તેને પગે ઢળી પડ્યો. તેણે વચન આપ્યું ને એ વચનનું પરિપૂર્ણ પાલન કરી દેશની સેવામાં જ એણે પોતાનો જાન આપ્યો.

લિંકનની બાહોશ દોરવણી સફળ નીવડી. ઈ. ૧૮૬૫ના એપ્રિલની ૭મીએ જનરલ યુલીસિસ ગ્રાન્ટને હાથે કૉન્ફીડરેટ હાર્યું. લોહીની નીકોમાંથી નવજન્મ પામેલા અમેરિકાનો, લિંકન 'ફાધર અબ્રાહમ' બન્યો ને પાછા વળતા આનંદઘેલા સૈનિકોની જીભે તે રમવા લાગ્યો:

'We are coming Father Abraham,
Three hundred thousands strong.'

એમણે લિંકનનું પિતા જેવું વત્સલ હૃદય પિછાણ્યું હતું. પરંતુ લિંકનના પ્રેમનું ઊંડાણ તો ગેટીસબર્ગના ખૂનખાર યુદ્ધમાં પડેલા સૈનિકોની આરામગાહ પર એણે વેરેલી વાણીમાં નીતરે છે. જિજ્ઞાસુએ, સાહિત્યના ગૌહર સમું એ આખું ભાષણ વાંચી જવા જેવું છે.

કૉન્ફીડરેટ હાર્યું ને ૧૮૬૫ના એપ્રિલની ૯મીએ સુલેહનો ખરીતો ઘડાયો. પરાજિતો સામે કશી કડક શરતો મૂક્યા વિના લિંકને તેમને સંઘમાં સમાવી લીધા ને રાજ્યબંધારણના ૧૩મા સુધારા અનુસાર નવી દુનિયામાંથી ગુલામીની જડ સદા માટે નાબૂદ કરી. એ દિવસે આખું વૉશિંગ્ટન શહેર કલ્લોલી ઊઠ્યું જે કલ્લોલ દિવસો સુધી ચાલુ રહ્યો. લિંકને પણ એ કલ્લોલમાં ભાગ લેવા ૧૪મીની રાતે એક થીએટરની મુલાકાત લેવાનું ઠર્યું.

પ્રજાને લિંકનમાં એટલો વિશ્વાસ બેસી ગયો હતો કે તેને બીજી વાર પોતાનો પ્રમુખ ચૂંટી કાઢ્યો હતો; ને લિંકને પણ રાષ્ટ્રશરીરને લાગેલા ઘા રૂઝવવામાં જ પોતાની જાતને ઘસવાનો નિર્ણય કર્યો હતો. પણ એની એ મનોકામના પૂર્ણ ન થઈ.

અગાઉથી નક્કી થયા મુજબ ૧૪મીની રાત્રે સહકુટુંબ તે થીએટરમાં પહોંચ્યો. નાટક શરૂ થઈ ગયું ને બધાંનું લક્ષ તખ્તા પર ચોંટ્યું ત્યારે સાડા દસ વાગ્યે તે બેઠેલો એ બૉક્સનો પાછલો દરવાજો ઉઘાડી દખ્ખણનો વિલ્કીસ બૂથ નામનો એક જુવાન અંદર ઘુસ્યો ને પિસ્તોલ ચાંપી દીધી. બીજા દિવસના ૭–૨૫ વાગ્યા સુધી બેભાન અવસ્થામાં રહી આ કરપીણતાના પરિણામે લિંકને આ જગતમાંથી ચિરવિદાય લીધી.

યુદ્ધસમાપ્તિના પાંચ જ દિવસ બાદ બનેલા આ બનાવે દેશને સ્તબ્ધ બનાવી દીધો. આજે એ સ્તબ્ધ-

તાનો ખ્યાલ આવવો મુશ્કેલ છે. લિંકનના અવસાનની જાહેરાત કરનાર ડિવીઝન કમાન્ડરની જીભ પણ 'Lincoln is dead' એ ત્રણ શબ્દોથી વધુ કશી જાહેરાત કરવા અસમર્થ નીવડી, અને એ ત્રણ શબ્દોએ લાખો લોકોને ચોધાર આંસુએ રડાવી મૂકયા. એ રુદન અમેરિકાના પ્રમુખ પર નહોતું; અમેરિકાના ત્રાતા પર હતું.

લિંકન વધુ જીવ્યો હોત તો વિદ્વેષનાં લાંબાં વર્ષો એણે અવશ્ય ટૂંકાં કર્યાં હોત. એની માનવોત્તર કારકીર્દિની ઇતિશ્રી તો વૉલ્ટ વ્હિટમૅનની આ કરુણ-પ્રશસ્તિ સિવાય શી રીતે કરી શકાય?—

ભયંકર સમાપ્ત થૈ સફર, સર્વ ઝંઝા શમી,
જહાજ સરકે ખુશાલ, ફલદા મનીષા બની,
પણે નિકટ બંદરે રણકઘોષ ઘંટા તણા
સુણાય, સઘળે છવાય નવલો હદોત્સાહ, ને
વળે અમ તમામની ય નજરો ભરીભાદરી
સલામત સુકાન પે ગભીર ધામણે ને કુવે.

પરંતુ દિલ, થોભ! થોભ' અહ, રક્તનાં છાંટણાં,
સથા પર નિહાળ! મર્દ મુજ નાખુદો પોઢતો,
ઢળેલ, સકલાંગ શીત, થઇને જહાંથી રવાં.

જરાક સુણ ઘોષ, જાગ, અહ, શિર સારંગ એ!
નિશાન ફફડે તું-કાજ વળી ફૂંકતાં બ્યૂગલો,
અરે, અવનવીન રંગભર ફૂલમાળા ધરી
તને સહુ કરે પુકાર દિલ ભીંજવી ભાવથી,
ધુમે સહુ ય આમતેમ, શિર ફેરવે આતુરાં.
પિતા પ્રિય! શું પોઢતો તું કરી હાથનાં ઓશિકાં?
હશે અગર સ્વપ્ન શાં શું તવ શાંત આ પોઢણાં?

ન ઉત્તર મળે કશોય, થઇ જીભ ખામોશ યે,
ન વા ગૃહિત હસ્તની ય થતી કાંઇ સંવેદના,
શમી સકલ ખંત, શાંત ધબકાર નાડી તણા.

કરી સફળ સામનો વધન ખૂબ ભેંકારનો,
લઈ સફર આટપી, વિજયમત્ત, સિદ્ધિવર્યું
જહાજ અહીં હેમખેમ મગરૂબ રે નાંગરે;
પરંતુ મુજ ભાગ્ય તો—શવપરિક્રમા આદરી
વિષાદપરિપૂર્ણ કંપિત ડગે—અરેરે રહે
નિરાશ વદને ફરી ફરી જ ઝાંખવો નાખુદો.

અશોક હર્ષ



એક દિવસ એક ગૃહસ્થ પારીસ શહેરમાં વાળ કાપવાની દુકાનમાં એક છોકરાને લઈને ગયો ને કહેવા લાગ્યો મારે જરા કામ છે માટે મારા વાળ જલદી કાપી આપો. પોતાના વાળ કપાઈ ગયા પછી તેણે પેલા છોકરાને ખુરશી પર બેસાડયો ને એના વાળ સંભાળીને કાપજો એમ કહીને તે ચાલ્યો ગયો. છોકરાના વાળ કપાઈ રહ્યા તોપણ પેલો માણસ આવ્યો નહિ. એટલે હજામે એ છોકરાને બીજી એક ખુરશીમાં બેસાડયો. અરધો કલાક થયો એટલે તેણે પેલા છોકરાને કહ્યું કે 'ગભરાઈશ નહિ, હં કે ભાઇ? તારા બાપા હમણાં આવશે.' પેલા છોકરાએ તરત જવાબ આપ્યો, 'એ મારા બાપા નથી. હું રસ્તામાં ઊભો હતો એટલામાં તે મારી પાસે આવીને' કહેવા લાગ્યો કે ચાલ આપણે બંને જણા વાળ કપાવી આવીએ!'

બાપ: હવે આ બધો ધંધો તારા માથે છોડી હું આવતી સાલ નિવૃત્ત થવાનો વિચાર કરું છું.

દીકરો: હજુ થોડા વરસ રાહ જુઓને, બાપા, પછી આપણે બંને સાથે જ નિવૃત્ત થઇએ.'

પોતાનો નવો હોદ્દો સંભાળતાં અધિકારીએ જોયું કે એના પુરોગામીઓએ ખંડની સઘળી ભીંતો ખત-કાગળિયાંથી ખડકી દીધેલી. એ બધાં જ હવે નકામાં હતાં એવી ખાતરી કરી એણે પોતાના ઉપરી પાસેથી એ બાળી નાખવાની મંજૂરી મગાવી. અને એનો જવાબ આવ્યો, કે 'બાળી નાખવામાં કોઈ જાતનો વાંધો નથી, પણ પહેલાં એ સઘળાંની નકલ ઉતારી લેજો.'

એક વીમાના એજન્ટને મળવાની રજા આપનાર શેઠે કહ્યું, "મિસ્ટર, તમારે ગર્વ લેવો જોઇએ કે મેં તમને મુલાકાત આપી. નહિતર આજ આખા દિવસમાં વીમાના સાત એજન્ટોને તો મેં પાછા વાળ્યા છે."

એજન્ટે જવાબ આપ્યો, "હા જી, મને ખબર છે; એ સાતે જણ હું હતો."

એક ચીનો એ આ[illegible]એ તેનાં સગાં-મિત્રોની નજરે પડતાં તેમણે પૂછ્યું કે ભાઈશ્રી કયાં હતા. 'અરે ભાઇ, મને તો ઘસડીને જેલમાં નાખવામાં આવ્યો હતો.' 'જેલમાં શા માટે?' 'મેં બે હાથનું કોઈનું દોરડું ઘેર આણ્યું એટલા જ માટે.' 'દોરડા ખાતર કોઈ કેદ કરે? કંઈ સોનાનું થોડું જ હતું?' 'અરે સોનાનું શેનું? સાદું દોરડું, ત્રણ હાથનું; માત્ર તેને એક છેડે કોઇનો એક બળદ બાંધેલો હતો!'



પાંચ સાત બૈરાં વચ્ચે દબાઇ બેઠેલી દુર્ગા પાસે પહોંચી તેણે એને બોલાવી, 'દુર્ગા !'

તે દિવસે પીરૂડીના પાનાચંદને ત્યાંથી પહેલા પુત્રજન્મની વધાઈમાં સગાંસંબંધીઓને ખોબા ભરી ભરીને સાકર વહેંચાઈ.

વીજળીનાં દોરડાંએ અને વીસમી સદીના વાયરાએ જ્યાં હજી પણ પગપેસારો નથી કર્યો એવા પીરૂડી ગામમાં ખાધેપીધે સુખી એવા પાનાચંદના એકઢાળીઆ મકાનમાં તે દિવસે આનંદ આનંદ થઈ રહ્યા. નાના બાળકનો 'ઉંવાં ઉંવાં' રૂદનસ્વર કોઈ મંગળ ગીતના ગુંજન સમો મા-બાપના કાનોમાં રણકી રહ્યો. જેવી આ વાત ગામમાં ફેલાઈ કે લોકોનાં ટોળાં પાનાચંદને ઘેર ઉમટી પડ્યાં. ચુલે લાપશીનાં આંધણ મેલાયાં ને સગાંસંબંધીઓને સાકર વહેંચાઇ. જિન્દગીના એ રૂડા પર્વ નિમિત્તે તે રાતે એક નાનકડો ઉત્સવ એ એકઢાળીઆ મકાનમાં લાલટેનને અજવાળે ઉજવાઈ ગયો.

પીરૂડી ગામને ફરતો જમાનાની થપ્પડો ખાઇને બેદાલ બનેલો એક ગઢ હતો અને તેની ઉત્તર દિશા તરફની બાગોળે સપુરા કરીને એક નદી સર્પાકારે વહી જતી હતી. ઉપરની વાત બની ગયા પછી એ નદીમાં સોળ ચોમાસાનાં પાણી આવ્યાં અને સુકાઈ ગયાં છે.

પાનાચંદના હરીઆને આજ સત્તરમું બેઠું છે. એનાથી નાનો જમન પંદર વર્ષનો અને સૌથી નાની દુર્ગા તેર વર્ષની છે. પાનાચંદે રાતદિવસ વેઠ કરીને અને દેવકારે ખાવા, પીવા ને પહેરવાની બાબતમાં જેટલી બને તેટલી કરકસર કરીને આજદિન સુધી તો ઘર નિભાવ્યે રાખ્યું પણ હવે સત્તર વર્ષથી એકધારી ગતિએ ચાલતા સંસારના રગશિયા ગાડામાં ચીચડાટ બોલવા લાગ્યો છે. ધન રૂપી તેલ પૂર્યા વગર હવે એ ગાડું વેગ નહિ પકડે એમ લાગવાથી પાનાચંદે હરીઆને પોતાની પાસે બોલાવ્યો.

'હરીઆ' એમણે કહ્યું, 'હવે તું મોટો થયો. ભણતરને મેલ દિવાસળી અને ક્યાંક નોકરીએ લાગી જા. ખાધેપીધે તો ભગવાનના પરતાપે વાંધો નહિ આવે, પણ કાલ્ય ઊઠીને દુર્ગાનાં લગન લેવાં પડે ત્યારે? કોઇ સાજુંમાંદું થાય તઈં! . . . આજ તો હું હજી બેઠો છું, પણ કાલ્ય એવી ઊગે કે વખતે . . . . .'

'બાપા!' પાનાચંદને આગળ બોલતાં અટકાવી હરીઆએ કરુણતાથી કહ્યું.

પાનાચંદ પુત્ર સામું જોઈ રહ્યા. સોળ વર્ષની ઉમરના પુત્ર સાથે મિત્રરૂપે વાત કરવી જોઇએ એવો હિંદુધર્મનો આદેશ છે. પાનાચંદને થયું કે 'હવે કશું છુપાવવાથી લાભ નથી. વાત હરીઆને ગમે તેવી કડવી લાગે તો પણ એને એની જવાબદારીનો ખ્યાલ તો આપવો જ જોઇએ. એટલે તે બોલ્યે ગયા: 'કાલ્ય એવી યે ઊગે કે વખતે હું ન પણ હોઉં. સંસારમાં અમરપટો કોણ લઈ ને આવ્યું છે? તારે તારી જવાબદારી સમજવી જોઈ. મેં દાસભાઇને તારા વિશે વાત

લબાડ-લફંગો છોકરો કદિક હૃદયનો ઊંચો ગુણ ધરાવે છે એની મૂક પ્રતીતિ કરાવતો

હરીઓ આવ્યો

કરી રાખી છે. કાલ્યથી એમની દુકાને જતો રે'જે. કામગરીમાં પાણી દેખાશે તો પછી તારે એમની મુંબઈની દુકાને જવાનું થાશે.'

બીજા દિવસથી હરીઓ દાસભાઈની કાપડની દુકાને જતો થયો. મહિને હાલ માટે તો પાંચ રૂપિયાનો રોકડો પગાર. દુકાને જવાનું સવારે આઠ વાગે અને ત્યાંથી પાછા ફરવાનું રાતના નવે. વચમાં બપોરે એક વાગે અરધો કલાક ઘેર આવીને જમી જવાનું. આમ ભણતરને વેગળું મૂકી હરીઓ સંસારની ઘાણીએ જૂત્યો.'

પણ જમનની વાત જુદી જ હતી. એના રંગ-ઢંગ નિરાળા હતા. ગામમાં ખેપાની તરીકે એની ખ્યાતિ હતી. પટેલની વાડીઓને એ પોતાની જ ગણી બોર, કેરી, જામફળ, વગેરે ખંખેરી ખાતો. એ છાનીમાની બીડીઓ તો પીતો જ, પણ હમણાં વળી સપુરાને કાંઠે બાવાઓની જે જમાત ચાર દિવસથી પડી હતી ત્યાં જઈ ગાંજાની ચલમનો એકાદ દમ લગાવવાને ચસ્કે એ ચડ્યો હતો. નવો નવો નશો ન જીરવાવાથી એ ત્યાં જ લાંબો થઈ નદીની વેકુરમાં ઊંઘી જતો. બેફિકરો, નગુણો, ખેપાની ને લબાડ જમન આટલી નાની ઉંમરમાં તો બદમાશીની મૂર્તિ બની ગયો હતો. રાતના જ્યારે પાનાચંદની ડેલીએ અંદરથી આગળીઓ વસાતો ત્યારે 'હજી યે પીટ્યો ન આવ્યો!' કહેતી દેવકોર એક ઊંડો નિશ્વાસ નાંખી પથારીમાં પડતી.

ઉપાધિઓથી ઘેરાએલી અને સદા ચિંતાતુર રહેતી દેવકોરનું શરીર અનેક રોગોનું તીર્થધામ થઈ પડ્યું છે. એક રોગ મટે છે ને બીજો થાય છે; ત્રણ સાંધે છે ત્યાં તેર તૂટે છે. કોણ જાણે ક્યાંથી એનામાં એક ભૂત ભરાઈ બેઠું છે. એને એમ થયાં કરે છે કે એ હવે ઝાઝા દહાડા નહિ કાઢે. મરતાં પહેલાં એની ઇચ્છા છે કે દુર્ગાને એક વખત સાસરે જતી જોઉં. એની લીલી વાડીના મીઠા પવનની ઝાપટ એક વાર અનુભવું અને પછી આંખ હાળી દઉં.

એક દહાડો એવું ટાણું જોઈ પાનાચંદને વાત કરી:

'સાંભળો છો કે? આ છોડી મોટી થઈ. એને ક્યાંક ઠેકાણે પાડી હોય તો ઠીક.'

'હવે તું યે કેવી વાત કરે છે? આ હરીઓ અઢાર વરસનો થયો એનું પહેલાં કરવાનું હોય કે તેર વરસની છોડીનું!' પાનાચંદે કહ્યું.

'છોકરાઓનું તો થઈ પડશે. બે વરસ આમ કે આમ; પણ છોકરીનું ન ઠેલાવાય. પે'લાં મારી દુર્ગા-નું કરો.'

'જોતશું.' પાનાચંદે વાત ટુંકાવી.

'ના, જોતશું બોતશું નહિ. કોઈ દિવસ મેં તમારી સામે વાતમાં વેન લીધું છે! પણ આ વાતમાં તો તમારે મારાં વેણ રાખવાં જ પડશે. મરતાં પહેલાં દીકરીનો સંસાર તો જોતી જાઉં!' દેવકોરની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં.

પાનાચંદ પોતાની પત્નીના સુકાઈને ઠુંઠું બની ગએલા દેહ તરફ જોઈ રહ્યા. એમની આંખમાંના કઠોર માર્દવતાનું સ્વરૂપ પકડ્યું. પરણ્યા પછી બીચારીએ જરાય સુખ માણ્યું નથી. રાત ને દિવસ કાળાં વૈતરાં કરીને તો એણે દેહ ઘસી નાખ્યો છે. આ વાતમાં ભલે એની જક્ક રહે. માનું મન પુત્ર કરતાં પુત્રીના તરફ વધુ ઢળતું હોય એ દેખાતી વાત છે. એમણે દેવકોરને માથે હાથ ફેરવતાં કહ્યું: 'કોઈ ઠેકાણું હશે તો ખબર કાઢવીશ. સંભળાય છે કે ગુંદાળાના ઘેલા-ભાઈના છોકરાને માટે મોટી શોધખોળ થાય છે. ખબર મોકલશું! જોઈએ શું કહે છે.'

દેવકોરના મોં ઉપર સંતોષ ફરક્યો. પોતાના લગ્ન વિષેની આ વાતચિત પુલકિત બને ને લજ્જાળુ વદને બારણાની ઓથે ઊભા ઊભા સાંભળતી દુર્ગા પિતાને બહાર નીકળતા જોઈ ત્યાંથી દોડતી ફળીઆમાં નાસી ગઈ.

પાનાચંદની ડેલીએ આજ ઢોલ ત્રાંસાં પીટાય છે. શરણાઈના સૂર ગુંજે છે, અને દરવાજાના તોરણનાં આસોપાલવનાં પાંદડાં એ ગુંજનમાં મસ્ત બની હલા-

ના હાથ ઝાલી નાચે છે. આજ ઘેલાભાઈના પુત્ર મોહન સાથે દુર્ગાનાં લગ્ન થવાનાં છે. હસ્તમેળાપનો સમય રાતના નવ વાગ્યાનો છે.

જે ને તે કહે છે કે પાનાચંદે તો ઘર ને વર બંને સારાં ગોત્યાં. દીકરીને કોઈ જાતની ઊણપ અને કોઈ જાતની મહેનત ઘેલાભાઈને ત્યાં નહિ પડે. બીજું તો શું પણ છોકરીના નસીબે જોર કર્યું.

રાત્રે શુભ ચોઘડીએ શુભ વિવાહ સંપન્ન થઈ ગયા. જેવાં લગ્ન પતી ગયાં કે જમન ઊઠીને ચાલતો થયો. કોઈને કાંઈ પણ કહ્યા સિવાય નદીકાંઠે જઈ જમાત ભેગો ભળી ગયો. ગીત ગાવાનો લ્હાવો લેતી દેવકોરને કે હર્ષથી આમતેમ ફરતા પાનાચંદને જમનની ગેરહાજરીની ખબર ન પડી.

જાન ત્રણ દિવસ રોકાઈ. એ ત્રણે દિવસમાં જમન એક વાર પણ ઘેર ન ફરક્યો. ચોથે દિવસે મંગળ મુહૂર્તે જાનની સાથે દુર્ગાને વિદાય કરવામાં આવી.

નદીની રેતમાં બેસી ચલમનો દમ લેવાની તૈયારી કરતા જમનને કાને ગાડાના બળદોની ડોકે બાંધેલા ઘુઘરાઓનો અવાજ અથડાયો. એ અવાજ સાંભળતાં એણે ચલમ રેતીમાં મૂકી દીધી.

'કયોં બચ્ચા?' એક બાવાએ પૂછ્યું.

'કુછ નહિ બાબા . . . હમણાં પાછો આવું છું.' કહેતો ગાડાંઓ જઈ રહ્યાં હતાં તે તરફ એ દોડ્યો. એક ગાડામાં પાંચસાત બૈરાં વચ્ચે દબાઈને ઘુમટામાં મોં છુપાવી બેઠેલી દુર્ગા પાસે પહોંચતાં એણે કહ્યું: 'દુર્ગા.'

દુર્ગાએ ઘુંઘટની આડમાંથી જમન સામે જોયું; એની આંખમાંથી દડદડ કરતાં આંસુ સરી પડ્યાં. ધીમેથી એ બોલી: 'ભાઈ.'

અને પછી બંનેમાંથી કોઈ કંઈ વધારે ન બોલી શકયું. જાનનાં ગાડાં આગળ વધી ગયાં અને જમન ત્યાં જ પાષાણવત્ ઊભો રહી ગયો. એની આંખોમાંથી ધારા વછૂટી; લાગણીના આવેગથી એ ત્યાં ઊભો ઊભો ડુસકે ડુસકે રડ્યો.

કોઈ કહે છે કે જીવન સંગ્રામ છે, કોઈ કહે છે કે જીવન જીવને માટે કાંટાળું વન છે, કોઈ કહે છે કે જીવન એક નાટક છે. સૌએ પોતપોતાનો વેશ ભજવી આખરે મરણ રૂપી નેપથ્યમાં ચાલ્યા જવાનું.

દીકરીને સાસરે વળાવ્યા પછી પ્રવેશો બહુ ઝડપથી બદલાવા લાગ્યા છે. દેવકોર જિંદગીની આશા ત્યાગી માંદગીને બિછાને પટકાઈ પડી છે. હરીઆને દાસભાઈની મુંબઈની દુકાને મોકલવામાં આવ્યો છે. કુટુંબમાં પોતાના સિવાય બીજું કોઈ જે વાત જાણતું નથી એ વાતની ચિંતાથી પાનાચંદનું શરીર ક્ષીણ થતું ચાલ્યું છે. જમનમાં કંઈ ફેરફાર થયો નથી. એ રામ એના એ જ છે. હા, કંઈક અંશે શરીરનો ઘેરાવો વધ્યો છે ખરો.

અત્યાર સુધી તો જમનની વર્તણુક સામે મા-બાપે આંખ આડા કાન કર્યા પણ હવે હદ થતી લાગી. એક વખત તો પાનાચંદ કડક સ્વરે જમનને ઠપકો આપવા લાગ્યા, અને બંને વચ્ચે તીખી બોલાચાલી થઈ. એ સંઘર્ષમાંથી તણખા ઝર્યા. વાત એકદમ વધી જાય તે પહેલાં દેવકોરે પથારીમાં પડ્યા પડ્યા હાકલ દીધી: 'જમનીયા! હવે બસ રાખ્ય બહુ થયું. બાપની સામે બોલતાં શરમાતો નથી? જા, જઈને ઓરડામાંથી ગોદડું લઈ આવ્ય.'

ઓરડામાંથી ગોદડું ઊંચકી જમન દેવકોરની પથારી પાસે આવ્યો અને ગોદડું દેવકોરને ઓઢાડી એના પગ આગળ બેસી ગયો. કંઈ પણ બોલવાની ઈચ્છા ન હોવાથી દેવકોરે આંખ મીચેલી જ રાખી. થોડી વાર વાટ જોઈ જમન ધીમેથી ઓરડા બહાર સરકી ગયો

દુર્ગાને સાસરે ગયાને આજ બરાબર એક મહિનો વીતી ગયો છે. જમનના પરાક્રમી જીવનની ઉપર વર્ણવેલી યશોગાથામાં અપવાદનો કોઈ મુદ્દો હોય તો આપણે જોયું તેમ દુર્ગા ઉપરની એની અનહદ પ્રીતિ. અગાઉ એક વાર દુર્ગા ઈન્ફ્લુએન્ઝાથી પટકાઈ પડી હતી ત્યારે રાત ને દિવસ જમન એની પથારી પાસેથી ખસ્યો નહોતો. લોકો હજી પણ વાત કરે છે કે જમન હોય નહિ ને દુર્ગા બચે નહિ.

સપ્રાને કાંઠે પડેલી બાવાઓની જમાત હવે ચાલી ગઈ છે. થોડેક દૂર મહાદેવનું એક મંદિર છે, એના રેતમાં પડતા પડછાયામાં સૂતોસૂતો જમન દુર્ગાના વિચાર કર્યા કરે છે. શું હજી પણ એ એવી ને એવી જ હશે? સાસરિયાંમાં એને કંઈ સુખદુ:ખ તો નહિ હોય ને? બીમાર તો નહિ પડી હોય ને? પણ આવા વિચાર શા કરવા? લાવને એકાદ આંટો મારી આવું? ગુંદાળું કાંઈ છેટું નથી, બાર પંદર ગાઉ થશે.

વિચાર ફરકતાં જ ચડાપ કરતો એ ઊભો થયો અને ગામના ઉતાર તરીકે ઓળખાતો એ જમન વ્હાલસોઇ બહેનની ભાળ કાઢવા લાંબી લાંબી છલાંગો ભરતો બપોરના ધોમ ધીખતા તડકામાં ગુંદાળાને માર્ગે પડ્યો.

ગુંદાળામાં ઘેલાભાઇનું ઘર બજાર વચ્ચે જ ઊભું હતું. ચાર કલાકની એકધારી દોડ પછી જમન એ ઘર પાસે આવી પહોંચ્યો. એક બાજુ પડતી જાળીમાંથી એણે ડોક લાંબી કરી અંદર જોયું . . . અને ચમક્યો. અંદર એના પિતા પાનાચંદ ઘેલાભાઈ સાથે કંઈક ગુફતેગો ચલાવી રહ્યા હતા. અંદરનું વાતાવરણ ઉગ્ર બનતું ગયું અને મોટેથી બોલાતાં વાક્યો જમન જાળીની આડમાં ઊભો ઊભો સાંભળતો રહ્યો.

'ના, ઈ નો હાલે. તમારે સાત વાર ગરજ હતી તો પગે પડતા આવ્યા'તા. મને તો બીજા છસ્સો દેનારા પણ હતા. આ તો મને થયું કે છોકરી ઠીક છે તો તમે પાંચસો આપજો. વાત પાકી થઈ હતી ને આજ ફરીને નકાર ભણો છો? કેટલી જીભે વાતું કરો છો તમે? ઘેલાભાઈ તાડૂકતા હતા, પાનાચંદ રંક ચહેરે એમની સામે બેઠા હતા.

'નથી આપવા એમ હું નથી કે'તો ને કહીશ પણ નહિ. હું તો એટલું જ વિનવું છું કે થોડા દિ ખમૈયા કરી જાવ. દૂધે ધોઇને તમારા રૂપિયા આપીશ. આટલું મારું માનો.' પાનાચંદે કહ્યું.

'કેટલા દિ?'

'ત્રણ ચાર મહિના.'

'વા શેઠ વા, એક મહિનાનો વાયદો અને ચાર મહિનાની મુદત! છોકરાં સમજાવો છો? ઘર ગીરો મેલ્યું ત્યારે તો લગન ઉકેલ્યાં. હવે ચાર મહિનામાં પાંચસો કાઢશો ક્યાંથી? કાંઇ ઝાડ બાડ છે તે ખેરવશો? જુઓ આ તમને કીધું; જો એક મહિનામાં રૂપિયા નથી આવ્યા તો દુર્ગા ઉપર બીજી લાવીને બેસારીશ. ઘેલાભાઈના છોકરા ઉપર તો હજુ સત્તર જણા ટાંપી રહ્યા છે. વારે નહિ લાગે.'

બહાર ઊભેલો જમન આ સાંભળીને ચમક્યો. રૂપિયાની વાત શી અને વાયદો શેનો? કૌરવપાંડવની કથા જેવો આ બધો સંવાદ શો?

પાનાચંદ ઊભા થયા. ભિક્ષુક વદને એ બોલ્યા: 'જરા દુર્ગાને બોલાવો તો!'

'પહેલા પૈસા લાવો, પછી દુર્ગાને મળો. તમે તમારો રાહ લીધો તો પછી અમે પણ અમારું ધાર્યું કરીશું.

'ઘેલાભાઈ' પાનાચંદે ગળગળા અવાજે કહ્યું, 'તમે પણ દીકરીના બાપ છો. મારું દિલ તો જરા વાંચો? હું કોઈ લબાડ નથી કે તમારા પૈસા ડુબાડીશ. જીવીશ તો ઇજ્જતની જિન્દગી અને મરીશ પણ ઇજ્જતથી. કોઈનાં કડવાં વેણ હજી સુધી મેં સાંખ્યાં નથી. આજ હું એક દીકરીનો બાપ, તમારી પાસે પાઘડી ઉતારું છું. જરા મારી દુર્ગાને હાક મારો તો!'

પાનાચંદે પાઘડી ઉતારી ઘેલાભાઇ પાસે મૂકી દીધી. દુર્વાસા મુનિ જેવા ધુવાંફુવાં થએલા ઘેલાભાઈએ પાઘડી ઊંચકી પાનાચંદ ઉપર ફેંકી: 'આ બધાં નખરાં મારી પાસે નહિ ચાલે. પોચા બનીએ તો તો તમારા જેવા કાંઈક બનાવી જાય. રૂપિયા લઈને આવજો, બીજી વાત પછી કરશું.'

પાનાચંદે ચુંથાઇ ગએલી પાઘડી બગલમાં દાબી. 'જાઉં છું,' એણે ધીમેથી કહ્યું. જવાબમાં ઘેલાભાઈ ક્રોધ અને કટાક્ષ મિશ્રિત નજર એમની ઉપર ફેંકી 'આવજો' કહેતા અંદરના ઓરડામાં ચાલ્યા ગયા.

આમાં હવે દુર્ગાને મળી શકાશે નહિ એમ લાગવાથી બહાર ઊભેલો જમન પોતાના પિતા બહાર આવે તે પહેલાં આડે રસ્તેથી સપુરા નદી તરફ ભાગ્યો અને ત્યાં પહોંચી પાનાચંદની રાહ જોતો શિવમંદિરના પડછાયામાં પાછો લાંબો થઈ સૂતો.

એકાદ કલાક પછી નિરાશાના ધીમા ડગ માંડતા પાનાચંદ જ્યારે એ રસ્તેથી નીકળ્યા ત્યારે જમન એમની પાસે પહોંચ્યો. 'બાપા', એણે પૂછ્યું, 'ઘેલાભાઇ આટલા તાડૂકે છે શાના? આપી દેશું એમના રૂપિયા!'

પાનાચંદ ચમક્યા. આ વંઠેલ છોકરે ખાનગી વહેવારની આ વાત ક્યાંથી સાંભળી? 'રૂપિયા શેના ને વાત શી?' પાનાચંદે કહ્યું.

'તમે હમણાં ઘેલાભાઇને ત્યાં ગયા હતા નહિ? મેં બધું સાંભળ્યું છે. પાંચસો રૂપિયા આપ્યા વના એ લોકો દુર્ગાનું મોઢું ય આપણને નહિ જોવા દીયે. આપણે ત્યાં મોકલશે નહિ, એમ જ ને?'

'એમ જ' નિશ્વાસ નાખતાં પાનાચંદે કહ્યું. 'વીવા કરતી વખતે મારી ને એમની વચ્ચે શરત થએલી કે લગન પછી એક મહિનાની અંદર મારે એમને

પાંચસો રૂપિયા આપવા...જમન!'

'બાપા!'

'તારી માને આ વાતની ખબર નો પડે હો!'

'હું કાંઇ મૂર્ખો છું?' કહેતો જમન વધુ કંઈપણ બોલ્યા વગર ત્યાંથી ચાલતો થયો. ગામમાં જઈ બે પૈસાની બીડીઓ લઈ એ પાછો સકુરાને તીરે આવ્યો. એક ઓલાવે ને બીજી સળગાવે એ ક્રમે એણે બધી બીડીઓ એક જ બેઠકે ખલાસ કરી નાખી. રોજ દેવકોર પાસેથી બેચાર પૈસા મળતા હોવાથી બીડીઓ ફૂંકવામાં એને બાધા નહોતી આવતી.

મુંબઈમાં દાસભાઈની દુકાને નોકરી કરતાં હરીઆની તંદુરસ્તી લથડી છે ને પગાર વધતો વધતો સાઠ રૂપિયાનો થયો છે. એમાંથી એક પાઇ પણ એ દેશમાં નથી મોકલતો. 'મુંબઈની કમાણી મુંબઈમાં સમાણી' એ કહેવત અનુસાર એના બધા પૈસા ચાનાં કોડીઆં ઢીચવામાં, પાનનાં બીડાં ચાવવામાં, સીગરેટ ફૂંકવામાં અને સીનેમા જોવામાં ખર્ચાઈ જાય છે. દેશમાંથી પાનાચંદે એને કાગળ લખ્યો છે. એમ શીખામણ દીધી છે કે, 'પૈસા બચાવી રાખજે. આ તો મુંબઈના મામલા કહેવાય; સાજા માંદા પડ્યા તો કોઇ ભાવ પૂછવા યે નહિ આવે. અને જો ઠીક પ્રમાણમાં તારી પાસે જોગવાઈ થાય તો આવતી સાલ લગન ઉકેલી નાખવા છે.' હરીઆએ જેનાથી સીગરેટ સળગાવી એ જ દીવાસળીએ કાગળ બાળી નાખ્યો. એના બાપની આશા એ રીતે ઠોકરાઈ, હાંસીપાત્ર બની અંતે રાખ થઇ હવામાં ઊડી ગઇ.

દેવકોર હવે થોડા દિવસની જ મહેમાન છે. 'મુંબઇ હરીઆને કાગળ લખો કે અહીં આવી જાય. હવે હું નહિ બચું.' એક દિવસ એણે પોતાના પતિને કહ્યું. 'અને દુર્ગાને ય બોલાવી લ્યો. બધાને પથારી ફરતા બેસાડું ને પછી મરૂં. અને ઓલો જમનીઓ આજે ય નો આવ્યો ને? ત્રણત્રણ દિ'થી ઘરમાં ટાંટિયો ય મૂક્યો નથી એણે. રોયો કોણ જાણે ક્યાં ભટકે છે? કોઇને મોકલી નદીએ ખબર તો કઢાવો?'

'ખબર તો ક્યારની કઢાવી. ત્રણ દિ'થી કોઇએ એને જોયો જ નથી. રામ જાણે ક્યાં પડ્યો હશે!'

'આવે તો એને મારી પાસે ન લાવતા, ત્રણ દા'ડા થયા છતાં ય આવ્યો? અરે મરતી માનો ય એને વિચાર આવે છે? બોલોને! ચૂપ કેમ બેઠા છો? હું તો હવે માગું છું કે આ દેહે એનું મોઢું ય હું મારી આંખે ન ભાળું. જાણીશ કે એક જીવ નહોતો જણ્યો!' અને દેવકોર રોઈ પડી. પાનાચંદને બહાર જતો જોઈ એ બોલી, 'દુર્ગાને ત્યાં આજ કે'વડાવી દેશોને?'

પાનાચંદના પગ થંભી ગયા. ચોંટી રહ્યા. મરતી માનું મોં જોવા ય દુર્ગા નહિ આવી શકે! પોતે કોલકરારની એક એવી સાંકળમાં એને બાંધી આવ્યો છે કે એનાથી જરાય નહિ ચસકાય. સિવાય કે ઘેલાભાઇના હૃદયે રામ વસે. પણ એ અસંભવિત છે. એક રસ્તો છેઃ પાંચસો આપીને પેલી સાંકળ તોડવાનો. પણ રૂપીઆ લાવવા ક્યાંથી? બંધાયું ત્યારે બારસોનું બનેલું પોતાનું એકઢાળિયું મકાન દુર્ગાના લગ્ન વખતે નવસોમાં તો દાસભાઇને ત્યાં ગીરો મુકાયું છે. હવે એનો એક પૈસો ય વધારે ઊપજે એમ નથી. ત્યારે?

'શું વિચાર કરો છો?' દેવકોરે પૂછ્યું.

વિચારના વંટોળીએ ચડેલા પાનાચંદને એ ન સૂઝ્યું કે શો જવાબ આપવો. થોડીવાર પછી 'હા, હા, સંદેશો મોકલી દેશું' કહી એ ગુન્હેગારની જેમ ત્યાંથી જતા રહ્યા.

પાંચ દિવસ વીતી ગયા. આજે થઈ ફાગણ શુદ ત્રીજ. હરીઆને બે કાગળો અને ત્રણ ત્રણ તાર મુકાયા છે પણ એના તરફથી કોઇ જવાબ નથી. કોણ જાણે શાથી, પણ દેવકોરની આ માંદગીએ એની આંખનું તેજ સંપૂર્ણ હરી લીધું છે. હવે એને જરાય સૂઝતું નથી. તાવના ઘેનમાં ને ઘેનમાં વારંવાર જાગી ઊઠી પથારી પાસે બેઠેલા પાનાચંદને પૂછે છે:'હરીઓ આવ્યો?'

પાનાચંદ આડીઅવળી વાત કાઢી ગોળગોળ જવાબ આપે છે. દેવકોરની આંખમાં ઝપકી આવે છે ને એ પાછી નીંદરમાં પડે છે.

આખી રાતનો ઉજાગરો કરવાથી પરોઢીએ પાનાચંદને ઝોકું આવે છે પણ દેવકોરનો પ્રશ્ન એમને જાગ્રત કરે છે: 'દુર્ગા આવી?'

પાંચ પાંચ દિવસથી એક યા બીજુ બહાનું શોધી કાઢતા પાનાચંદને હવે કંઇપણ સૂઝતું નથી. જાણે પ્રશ્ન સાંભળ્યો જ ન હોય એમ એ ઊભા થઇ બહાર જાય છે અને ડેલીનું બારણું ઉઘાડે છે. એ ફળીઆમાં જવા જાય છે ત્યાં એમની નજર એક દીવાલને અઢે-

લીને સૂઈ ગએલા જમન ઉપર પડે છે. એમણે જમનને ઢંઢોળી જાગ્રત કર્યો: 'એલા અહીં ક્યારનો સૂતો છે?'

'રાતના અગ્યાર વાગ્યાનો' જમને કહ્યું. એના વાળ મેલા અને બરછટ બની ગએલા છે. કપડાં ઠેકઠેકાણેથી ઉઝરડાઈ ફાટી ગયાં છે. પગમાં થાક, આંખમાં ઊંઘ અને દિલમાં દર્દ ઠાંસી ઠાંસીને ભર્યાં હોય એવો એ ત્યાં બેઠો છે. 'ડેલી બંધ હતી એટલે રાતના ઉઘડાવી નહિ. સાંભળ્યું છે કે બા બહુ જ માંદી છે?'

'માંદીની તો ક્યાં વાત! મરવા પડી છે મરવા. હાલ્ય હવે ઘરમાં'

જમન ઊભો થયો. 'મોટાભાઈ મુંબઈથી નો આવ્યા?' એણે પૂછ્યું.

'જહન્નમમાં ગયો તારો મોટોભાઈ! સા... ને ત્રણ ત્રણ તાર કર્યાં પણ જવાબ સરખો ય નથી. મારા બેટા કોઈ સીધા ન પાક્યા. તારી મા તો 'હરીઆ હરીઆ' કરતી રાતે ઊંઘતી પણ નથી. એની આંખો તો ગઈ; હવે જીવ પણ જવાને ઝાઝી વાર નથી.'

'શું બાને જરાય દેખાતું નથી?' જમને પૂછ્યું. બાપની વાત સાંભળીને નરમ બનેલી તેની આંખમાં આ પૂછતાં પૂછતાં એક જાતની ચમક આવી.

'ના, જરાય નહિ. પણ આટલા દિવસ તું ગયો'તો ક્યાં?'

'બાપુ, એક વાત કહું? બા કોઈને જોઈ શકતાં નથી ખરૂં ને?'

'હં તે?'

'તો હું હરીઓ બની જાઉં? હરીભાઈને ઝંખતી બાને એટલી તો શાંતિ થાય કે આખરે હરીભાઈ આવ્યા ખરા!'

પાનાચંદ જમનની વાત સાંભળી રહ્યા. એનું કહેવું એને ઠીક લાગ્યું ... પણ જો દેવકોર વાત જાણી જાય તો? એણે એ શંકા જમનને કહી.

'અરે, ખબર નો પડવા દઉં. એ કળામાં જમન હુશિયાર છે, બાપા!'

'તો ભલે, હરીઓ આવે એમ લાગતું નથી અને દુર્ગાને લાવી શકીએ એમ નથી. પણ જોજે તારી માને શેનોય અણસાર નો પડે હો!'

અને પછી જમને હરીઆનો વેશ ભજવવા માંડ્યો. માંદી માની પથારી પાસે બેસી એને કપાળે મૃદુતાથી હાથ ફેરવતાં અવાજ બદલી એણે કહ્યું, 'બા, મુંબઈથી હું આવી પોંચ્યો છું.'

'કોણ હરીઓ?' કહેતી દેવકોર આંધળી આંખે રોઈ પડી. 'આવ્યો, ગગા! શરીર તો સારૂં છે ને માડી?'

'હા બા.'

'પણ તારો સાદ કેમ ભારે લાગે છે?'

'એ તો મા, મુંબઈનું પાણી. શરદી તો હાલતાચાલતાં થાય.'

પાનાચંદ માતા અને પુત્રનો આ તમાશો દુખતા દિલે જોઈ રહ્યા. અરે મરતા મનુષ્ય પાસે આ છળકપટ શાને? તો પછી શું હરીઆને મળ્યાનો આનંદ, સાચી વાત પ્રગટ કરી, દેવકોર પાસેથી છીનવી લેવો? ના... ના. હરીઆમાં રહેલી એની શ્રદ્ધા ભલે એમની એમ રહે. નાટક ભલે ભજવાયે જાય. પ્રભુ કંઈ આંધળો નથી કે કેવા સંજોગોમાં આ બધું થાય છે એ ન જોઈ શકે.

અને બીજા બે દિવસ સુધી એ નાટક સંપૂર્ણ સફળતાથી ભજવાયે ગયું. વચમાં એકવાર સકુરા નદીને કાંઠેના શિવમંદિરમાં જઈ જમન પત્થરની પેલી મૂર્તિને કહી આવ્યો કે 'અધમ છું... પાપી છું. હજાર ગુના કર્યા છે; પણ મારો આ છેલ્લો ગુનો માફ કરી દેજે, ભોળાનાથ!'

એ બે દિવસમાં કેટલી યે વાર દેવકોરે દુર્ગાને સંભારી. દુર્ગાનો નામ–પોકાર ચોવીસે કલાક પાનાચંદને મગજમાં ઘણની પેઠે ગાજ્યા કર્યો. બસ હવે દુર્ગા આવી જાય તો સાગર પાર ઊતરી ગયા... પણ?

'હરીઆ' દેવકોર બોલી, 'ઓલો જમનીયો આવે ને, તો એને કહેજે કે તારી મા તારા નામનું નાહીને પછી મરી છે... એટલું કહી દેજે એને'

હરીઆનો નામધારી જમન ડળક ડળક રડી પડ્યો. એનાં આંસુ દેવકોરની રજાઈનું રૂ ચૂસી ગયું.

બીજા ચોવીસ કલાકમાં દેવકોરને બે વાર ઝોલા આવી ગયા, પણ જિંદગીની દીપકવાટ હજી બાકી હશે તે પાછી એ ભાનમાં આવી. ભાનમાં આવતાં આમતેમ મોં ફેરવે ને પછી કહે, 'હજી યે દુર્ગા ન આવી?'

સૌ સૂનમૂન બેસી રહેતાં. કોઈ જવાબ આપવાની હિંમત ન કરતું. જ્યારેજ્યારે દુર્ગાનું નામ આવતું ત્યારે ત્યારે આવતાં આંસુને ખાળવા જમન પાણીથી મોં

ધોઇ નાખતો.

રાતના બાર વાગ્યા હશે. દેવકોર ઊંઘમાં ને ઊંઘમાં દુર્ગાને પોકારતી હતી. જમન આડે પડખે પડ્યો પડ્યો બધું સાંભળતો હતો. એના મનમાં મંથન મચ્યું. ઘેલાભાઇ કોણ કે દુર્ગાને રોકે? અરે ઘેલાભાઈ કોણ કે માના અંત વખતે દીકરીના મિલનમાં બાધા નાખે? અને જો દુર્ગાને બળજબરીથી લઇ આવીએ તો ઘેલાભાઇ પેલી ખાનગી વાત પ્રગટ કરી પોતાના પિતાની ઇજ્જત ઉપર કલંક ચોંટાડશે એ જ ને? ભલે ચોંટાડે! દીકરાના રૂપિયા ઉપજાવનાર એ શાહુકાર ક્યાંના! એ લોકો દુર્ગાને પાછી નહિ રાખે તો પોતાની બહેનને જિંદગીભર રોટલો ખવડાવવાની તાકાત પોતામાં આવી જશે. જમન હવે રખડુ મટી ગયો છે. ગામ વગોવે તો ભલે વગોવે. ગામ તો ગાંડુ છે; એ કાંઇ અમારા દુઃખમાં ભાગ લેવા નથી આવતું. ઘેલાભાઈ અઢી પગલાં ચાલશે તો અમે પણ કંઇ કમ નથી. ભલે ગમે તે થઈ જાય, પણ દુર્ગાને તો લાવવી...

અને એ હળવેકથી પથારીમાંથી ઊઠ્યો. ઓરડા બહાર નીકળી ડેલીનો આગળીઓ આસ્તેથી ઉઘાડી ફળીઆમાં આવ્યો. બારણું હાલું વાસી દીધું અને ટમટમતા તારાઓને અજવાળે એણે ગુંદાળાની સડક પર સુસવાટો કર્યો.

પરોઢિયે સાડા ત્રણે કુકડાએ જ્યારે બાંગ દીધી ત્યારે જમન ઘેલાભાઈના મકાન પાસે પહોંચ્યો.

એ તો રૂઢિ છે કે શું શિયાળો કે શું ઉનાળો, પણ ઘરની વહુએ વહેલા ઊઠીને કામે વળગવું જ જોઇએ; છાણ વાસીદાં કરવાં જોઇએ; પાણી પણ ભરી આવવું જોઇએ. દુર્ગા દાતણ કરતી હતી ત્યાં જમન ગયો.

'અરે! અત્યારના?' દુર્ગાએ કંઇક આશ્ચર્યથી પૂછ્યું 'શું, બા...?'

'ના... પણ હવે વખત નથી. બા છેલ્લી ઘડી છે. તને જોવા તલસી રહી છે. જીવ બે વાર બ્રહ્માંડથી પાછો ફર્યો છે. તેડવા આવ્યો છું. આવીશ?'

'શંકા છે?'

'વખતે અહીં...'

'પાછું ન અવાય એમને?... ભાઈ તમે હજી દુર્ગાને ઓળખી નથી.'

'પહેરેલે કપડે... કોઇને પણ કહ્યા વગર અત્યારે જ નીકળવાનું હોય...'

'તોપણ...' દુર્ગાએ મક્કમતાથી કહ્યું.

'તો ચાલ.'

અને બંને ભાઈ બહેન ત્યાંથી છાનાંમાનાં ગામ બહાર નીકળી ગયાં. જેવી સડક આવી કે બંને દોડી નીકળ્યાં અને સાતેક વાગતામાં તો દેવકોરની પથારી પાસે હાંફતાં હાંફતાં આવી બેસી પણ ગયાં. હાંફવાનો અવાજ સાંભળી દેવકોરે કહ્યું, 'કોણ આવ્યું?'

પાનાચંદે ગળું સાફ કર્યું: 'આ આપણી દુર્ગા આવી.' એમણે કહ્યું: 'જો તો...!'

દેવકોરે જ્યોતિહીન આંખો દુર્ગા તરફ ફેરવી. આંતરચક્ષુથી જોતી હોય એમ એ દુર્ગા તરફ જોઇ જ રહી. 'બીજું કોણ સાથે આવ્યું બેટા?' એણે પૂછ્યું.

'આ આપણો જમન એને લઈ આવ્યો.' પાનાચંદ બોલ્યા.

દેવકોરનું મ્હોં લાલચોળ થઈ ગયું. આંખનાં બે ચાર મટકાં એણે માર્યાં અને પછી એણે સ્મિત ફરકાવ્યું. 'આપણો જમનીઓ? ક્યાં છે એ? ક્યાં ગ્યો'તો આટલા દિવસ?

'આ રીયો બા' કહેતાં જમને એની માનો હાથ લઈ પંપાળ્યો. 'આટલા દિવસથી તારી પાસે તો છું.'

'કોણ હરીઓ? આટલા દિવસથી તું મને બનાવતો રહ્યો ને લુચ્ચા! એમ ત્યારે હરીઓ ન આવ્યો નહિ?... હશે જમન, બેટા! થોડું પાણી તો લાવ્ય!' જમને પ્યાલામાંથી બે ચાર ટીપાં દેવકોરના મોંમાં નાખ્યાં. બે પડખે બેઠેલા જમન અને દુર્ગાના હાથમાં પોતાનો એક એક હાથ મૂકી દેવકોરે છેલ્લી નીંદર તાણી.

કંઈપણ ખબર આપ્યા સિવાય અગીઆર વાગ્યાની લોકલમાં આવેલો હરીઓ ગાડામાં બેસી જ્યારે ઘેર આવતો હતો ત્યારે એક ગલીમાં એને એની માની ઠાઠડી સામી મળી.

ચંદુલાલ પટેલ

નવાં પુસ્તકો **કુમારનાં કાવ્યો:** લેખક–મહેન્દ્રકુમાર મોતીલાલ દેસાઈ બી.એ., પ્રકાશક–જે.એમ. દેસાઈ, અમદાવાદી પોળ, કડવા શેરી વડોદરા. ૧–૦–૦; **શ્રી ગોપાળકાવ્ય:** લેખક–બ્ર. મ. શ્રી ગોપાળરામ, ૧–૪–૦; **શ્રીભક્તિરસામૃત:** લેખિકા–બહેન સરસ્વતી, ૦–૯–૦; બંનેનું પ્રકાશનસ્થાન–શ્રી નિરાંત મંદિર ફતેહપુરા વડોદરા.

દેખીતી રીતે ભિન્ન છતાં સઘળી એકસરખી ખાસિયતો દ્વારા એ ભેદરેખાને ભૂંસી દેતાં

વનસ્પતિ અને પ્રાણીજીવન

એન્સાઈક્લોપીડિયા બ્રિટાનિકાની ચૌદમી આવૃત્તિમાંથી વનસ્પતિશાસ્ત્રવિષયક જે કેટલાક લેખો જુદા તારવી કાઢીને 'બૉટની–ધ સાયન્સ' નામથી છપાવવામાં આવ્યા છે (બ્રિટાનિકા બુકલેટ નં–૧૦) તેની પ્રસ્તાવનામાં 'વનસ્પતિ કે પ્રાણી' એ વિષયથી જ શરૂઆત થઈ છે. વનસ્પતિ અને પ્રાણી બંનેમાં પૃથગ્જનોને ખૂબ જ તફાવત જણાય છે. પ્રાણીઓ ખાય છે, પીએ છે, ઊંઘે છે, હલનચલન કરે છે, પ્રજોત્પત્તિ કરે છે; જ્યારે વનસ્પતિઓ હાલતી ચાલતી નથી, ખાતીપાતી નથી અને ચૈતન્યહીન છે એમ સાધારણ રીતે લોકો માને છે. પરંતુ આ વાત સાચી નથી.

મહાભારતમાં શાંતિપર્વમાં વૃક્ષોને ચૈતન્યયુક્ત–જીવવાળાં–ગણ્યાં છેઃ–**जीवं पश्यामि वृक्षाणां अचैतन्यं न विद्यते.'** વૃક્ષો ખાય છે, પીએ છે, ઊંઘે છે, શબ્દગ્રહણ કરે છે, સ્પર્શ અનુભવ કરે છે, જુએ છે, રસનો આસ્વાદ લઈ શકે છે[1], શ્વાસોચ્છ્વાસ લઈ શકે છે, તેમને સુખદુઃખનું જ્ઞાન છે આ બધી વાતો મહાભારત શાંતિપર્વમાં કહેલી છે. પરંતુ વૃક્ષો અને પ્રાણીઓ એક છે એમ માનવાની સાધારણ જનસમાજમાં શક્તિ નથી એ દીવા જેવું સ્પષ્ટ છે.

ઉદયને વૃક્ષોને અંતઃસંજ્ઞાવાળાં પણ અતિમન્દ–સુષુપ્તાવસ્થામાં રહેલાં ગણાવ્યાં છે. ચક્રપાણિદત્તે ભાનુમતી વ્યાખ્યામાં વૃક્ષોને ચેતનાવાન પરંતુ તમસ્થી વ્યાપ્ત થએલ હોવાથી મનુષ્યોની માફક તેમનું જીવન દૃગોચર થઈ શકતું નથી એમ કહ્યું છે. મનુએ પણ વૃક્ષોને '**अन्तःसंज्ञा भवन्त्येते सुखदुःखसमन्विताः'**—સુખદુઃખથી યુક્ત, સંજ્ઞાવાળાં ગણાવ્યાં છે.

આ સિવાય વૃક્ષોને સ્ત્રીશરીર માફક વિશિષ્ટ દૌહદ હોય છે. દૌહદપૂરણથી જેમ સ્ત્રી ખૂબ આનંદમાં રહી પ્રાણવાન સંતાનો ઉત્પન્ન કરે છે તેમ વનસ્પતિ પણ દૌહદપૂરણથી ખૂબ ફળફૂલ પ્રગટાવે છે. અશોકનું દૌહદ સુંદર સ્ત્રીના ચરણનો પાદાઘાત (**पादाघातात् अशोकः**) સુપ્રસિદ્ધ છે.


પરંતુ આપણે પ્રાચીન સાહિત્યની નહિ, પણ અર્વાચીન વિજ્ઞાનની દૃષ્ટિથી આ વિષયને છણીશું.

વૉલ્વૉક્સ (Volvox) નામનો એક અતિ ક્ષુદ્ર જીવ છે. કેટલાક વિજ્ઞાનવેત્તાઓને મન તે વનસ્પતિ છે, જ્યારે બીજા એવા જ નિષ્ણાત વિજ્ઞાનવીરોને મન તે પ્રાણી છે. અર્થાત્ એને પ્રાણી પણ કહી શકાય તેમ છોડ પણ કહી શકાય એવો જીવ છે. તેની કેટલીક ખાસીઅતો આપણને પ્રાણીસૃષ્ટિનુ સ્મરણ કરાવે છે, જ્યારે બીજી કેટલીક વિશેષતાઓ તેને છોડ ગણાવવા પણ પ્રેરે છે. ખરીરીતે તો જીવ જેમ તુચ્છ કોટિનો તેમ તેના પૂર્વજો એકસરખા જ હોય છે. વિકાસવાદના ક્રમમાં બન્નેના પૂર્વજો એકસરખા જ ગણાય છે. આ પૃથ્વી ઉપરના સકલ જીવન્ત પદાર્થો, ખરી રીતે, લગભગ મળતા જ—સમાન જ છે. જે જાતના કોષોથી છોડનું શરીર બનેલું છે તે જ જાતના કોષોથી મનુષ્યશરીર પણ ઘડાએલું જણાય છે. કોષ (cell), જીવનરસ (પ્રોટોપ્લાઝમ)—આ બધું છોડમાં અને મનુષ્યમાં સમાન જ છે. પરંતુ અહીં જ પ્રશ્ન ઉઠાવવામાં આવે છે કે છોડને હલન-

વૃક્ષો ખાય છે, પીએ છે, ઊંઘે છે, જુએ છે, અનુભવ કરે છે વગેરે વાતો મહાભારતના શાંતિપર્વમાં કહેલી હોવાથી તમે માનવા તૈયાર ન થયા હો તો તેની નક્કર વૈજ્ઞાનિક સાબિતીઓ પણ આ લેખ આપે છે


---

૧ ષડ્દર્શન સમુચ્ચયની ટીકામાં ગુણરત્ન



વૉલ્વૉક્સ

ચલન નથી જ્યારે મનુષ્ય ગમે ત્યાં હરીફરી શકે છે. વનસ્પતિ એક જ જગ્યાએ મૂળ ઘાલીને સ્થિર ઊભી રહે છે, જ્યારે મનુષ્ય ગમે તેમ આવજા કરે છે. પરંતુ વિજ્ઞાનવેત્તાઓએ છોડ અથવા વનસ્પતિમાં પણ હલનચલન છે એ પૂરવાર કરેલું છે. તેઓ કહે છે કે વનસ્પતિમાં હલનચલન કરવાની શક્તિ તો છે જ, પરંતુ તે આપણા ધ્યાનમાં આવી શકે તેવી હોતી નથી. નરી આંખે જોઇ શકાય એવી તે ગતિ હોતી નથી. જળસરપોલીયાં (વૅલિસ્નેરીઆ સ્પાઇરેલીસ) નામનો એક છોડ પાણીમાં થાય છે. ઘણેખરે ઠેકાણે એ હોય છે. આમાં નર અને માદા ફૂલ જુદા જુદા છોડ ઉપર આવેલાં હોય છે. નરફૂલ પરિપક્વ થતાં, વળ ખાઇને રહેલા છોડ ઉપરથી છુટું પડી માદાફૂલ પાસે પહોંચી જાય છે. છોડનો વળ તે વખતે ઉકલી જાય છે. છોડ ઉપરનું ફૂલ પાણીના મથાળે આવે છે. છુટું થઇને તે માદાફૂલ સાથે સંવનન કરે છે અને એ સંપ્રયોગને અંતે ગર્ભાધાન થાય છે. જીવનરસની આ ગતિ, વનસ્પતિમાં ગતિ છે—હલનચલન છે એ બતાવવા બસ નથી શું? જલમાં રહેતા કેટલાક અતિસ્વલ્પ છોડવા (microscopic plants) પણ છૂટથી હાલતા ચાલતા જણાય છે. સૂક્ષ્મદર્શકયંત્રની મદદથી તેમની ગતિ જોઇ શકાય છે. વળી આથી કંઇક મોટા એવા જલજ છોડવા—ઑસ્સીલેરીઆ જેવા (oscillating



ઑસ્સીલેરિયાનો એક તંતુ

motions હોવાથી એનું નામ oscillaria રાખવામાં આવ્યું છે) જુદીજુદી જાતની હલનચલન દાખવે છે.

કેટલાક પારદર્શક જલજ છોડોના કોષોમાં જીવનરસના દોરાઓની ગતિ (Streaming movement of threads of protoplasm) ચોક્કસપણે જોઇ શકાય એવી હોય છે. અપુષ્પ વનસ્પતિ વર્ગના બે અતિ ક્ષુદ્ર છોડો nitella (નીટેલા) અને chara (ચારા)માં આ જાતની જીવનરસગતિ સ્પષ્ટ જોઇ શકાય છે.

Asha Gray (અશા ગ્રે) એ તો વનસ્પતિના પ્રત્યંગોમાં—મૂળમાં, દાંડીમાં, પ્રતાનોમાં, પાંદડાંમાં હલનચલન ચાલી જ રહ્યું છે એમ વિસ્તારથી બતાવેલું છે. રીસામણી (लज्जालु)નાં પાન જરા જેટલો પદરવ થતાં અદ્ભુત રીતે સંકોચાઇ જાય છે તે પણ સૌ જાણે છે જ. પશુનો પદરવ થતાં રીસામણીનાં પાન બીડાવા લાગે છે. આ દૃશ્ય શું બતાવે છે? વનસ્પતિઓમાં હલનચલન કરવાની શક્તિ છે એ અનેક દાખલાઓથી પુરવાર થઇ શકે એમ છે. કેટલીક લતાઓ (દાખલા તરીકે સમુદ્રશોષની વેલ)નાં તંતુઓ ઝાડને પકડવા—ભેટવા કેટલા બધા લંબાય છે તે બારીકીથી જોનારને જણાયા વિના રહેતું નથી. સમુદ્રશોષની વેલ વનમાં થાય છે. ગગનચુંબી વૃક્ષોની છાયામાં તે ઊગે છે. સૂર્યપ્રકાશ ઝીલવા અને તે દ્વારા પ્રાણ વિકસાવવા તેને અંધારામાં વૃક્ષો નીચે રહેવું પાલવતું નથી. તે ઝપાટાભેર ઊંચે વધે છે અને વૃક્ષને પકડી પાડી તેની ટોચે પહોંચી જઈ વિરમે છે, સૂર્યની શક્તિઓને પોતામાં ભરે છે અને જીવનની ગડમથલમાં તે વિજયી નીવડે છે.

હિંદુસ્તાનમાં 'ટેલિગ્રાફ પ્લૅન્ટ' તરીકે ઓળખાતો એક છોડ (Desmodium gyrans) થાય છે. તેને ત્રણ ત્રણ પાન હોય છે. એ ત્રણ પાન પૈકીનું સૌથી મોટું વચલું પાન સાંજ પડતાં સૂઇ જાય છે અને સવાર થતાં જાગે છે. પરંતુ એનાં બીજાં બે આજુબાજુનાં પાન જ્યારે માફકસરની ગરમી વાતાવરણમાં હોય



ટેલીગ્રાફ પ્લૅન્ટ

છે ત્યારે વારાફરતી આંચકા ખાઇખાઇને ઊંચાં નીચાં થયાં જ કરે છે; વચમાં જાણે આરામ લેતાં હોય તેમ થોડીકવાર આરામ પણ લઇ લે છે. આ અજાયબ જેવા છોડનાં પાનની આ ગતિએ ઘણાને આશ્ચર્યમાં ગરકાવ કરી નાખ્યા છે. તારના કટ, કડ, કટ અવાજોની માફક, રહીરહીને આ પાન આંચકા ખાતાંખાતાં ઊંચાંનીચાં થયા જ કરે છે!

ગર્ભાધાન સાધવામાં પણ ફૂલો ક્યાં ઓછી હલનચલન દર્શાવે છે![2] જલસરપોલિયાની વાત આપણે ઉપર જોઈ ગયા. ખપાટ, પરદેશી ભાંગરો વગેરે છોડો જ્ઞાનપૂર્વક લગ્ન કરતાં હોય એમ ઘડીભર આપણને લાગે છે'

પરંતુ સૌથી અદ્દ્ભુત તો આપણને કેટલાક માંસભક્ષક છોડવાઓનું હલનચલન લાગે છે. ડ્રોસેરા (માખીમારો) નામનો છોડ તેની ઉપર માખી બેસતાં તેને કેવી સફાઇથી પોતામાં સમાવી લે છે! માખને સારી રીતે ચૂસી લઇ, તેની પાંખો વગેરે અવશેષ જો ત્યાં પડી રહે તો બીજા જંતુઓ પાછાં આવે નહિ એટલે, બીડાએલાં પત્રો એ જોશથી ખોલે છે અને તેના સપાટે માખના અસ્થિ વગેરે દૂર ઊડી જાય છે. આ માંસભક્ષક છોડની રસિક હકીકતો કોઇ વખત વિસ્તારથી આપણે જોઇશું. ડ્રોસેરા અને ડાયેનિયા આ બે માંસભક્ષક છોડાની જીવનલીલા વનસ્પતિના હલનચલન માટેની કોઇની રહીસહી શંકાને પણ દૂર કરી નાખે છે. અર્થાત્, વનસ્પતિઓ હાલીચાલી શકતી નથી એ વિચાર ભ્રમમૂલક છે.

પ્રાણીઓ ઉદ્દ્ભિજ્જ વા પ્રાણિજ (પ્રાણી પણ વનસ્પતિ ખાઇને જ જીવે છે. એટલે પ્રાણીનું માંસ પણ આખરે ઉદ્દ્ભિજ્જ પેદાશ તરીકે જ ગણી શકાય) ખોરાક ખાઇને જીવે છે, જ્યારે ઉદ્દ્ભિદ ખનિજ પદાર્થોમાંથી પોતાને ઉપયોગી તત્ત્વો ખેંચે છે. પ્રાણીઓ ખનિજ પદાર્થ ખાઇને જીવી શકતાં નથી, જ્યારે વનસ્પતિનું જીવન ખનિજ પદાર્થો ઉપર જ અવલંબેલું હોય છે. આવી માન્યતા આજદિન સુધી પ્રચલિત છે અને પ્રાણી અને વનસ્પતિ વચ્ચેનો તફાવત દર્શાવવા તે આગળ ધરવામાં આવે છે.

ખનિજ પદાર્થોમાંથી પોષણ મેળવવાની વનસ્પતિની શક્તિ સૌકોઇ કબૂલે છે. પ્રાણીઓમાં ખનિજને આત્મસાત્ કરવાની શક્તિ નથી એ પણ બધા કબૂલે છે.

[2] જુઓ 'વૈદ્યોનું વાર્ષિક'માં મારો 'ફૂલનાં લગ્ન' નામનો લેખ

વનસ્પતિ જે ખાદ્ય સામગ્રી તૈયાર કરે છે તે જ ખાઇને પ્રાણિમાત્ર પોતાનું જીવન–અસ્તિત્વ ટકાવી રાખે છે. આ વાત બધા કબૂલે છે. છતાં યે ફૂગનો આખો વર્ગ (Fungii), મલભોજી (સૅપ્રોફાઇટ્સ), પરભોજી (પૅરેસાઇટ્સ) અને માંસભક્ષક (કાર્નિવરસ) વર્ગની વનસ્પતિઓ, મોટે ભાગે, ખનિજ નહિ પરંતુ સાશન (organic) પદાર્થોમાંથી જ પોતાનું જીવન સર્જે છે એમ પૂરવાર થયું છે; જ્યારે કેટલાંક પ્રાણી પણ એવાં છે કે જેનું પોષણ કેવળ સાશન પદાર્થો ઉપર નહિ પરંતુ અનશન પદાર્થો (inorganic) ઉપર જ નિર્ભર છે. અર્થાત્ આજ સુધીની માન્યતા—પ્રાણી ઉદ્દ્ભિજ્જ પદાર્થો ખાઇને જીવે છે અને ઉદ્દ્ભિદ ખનિજ પદાર્થ ખાઈ જીવે છે એ—હવે બદલાઇ ગઈ છે.

ત્રીજી વાત: વનસ્પતિમાં લીલો રંગ–ક્લૉરોફીલ–છે જે પશુઓમાં નથી એ અગત્યના ભેદ ઉપર આજ દિન સુધી વનસ્પતિ અને પ્રાણી વચ્ચેની ભિન્નતા દર્શાવવા ભાર મૂકવામાં આવે છે; પરંતુ હવે વિદ્વાનોએ આ વિષય ઉપર નવીન પ્રકાશ નાખે એવી સામગ્રી ભેગી કરી છે. કેટલીક વનસ્પતિઓ એવી છે કે જેમાં લીલો રંગ (Chlorophyl) મુદ્દલેય નથી અને કેટલાંક પ્રાણીઓ એવાં છે કે જેનો રંગ લીલોછમ છે અર્થાત્ તેમાં ક્લૉરોફીલ છે. બિલાડીના ટોપ જેવા તદ્દન સફેદ દૂધ જેવા મલભોજી છોડા ઘણાએ જોયા હશે. આમાં મુદ્દલેય ક્લૉરોફીલ (હરિતરંજક દ્રવ્ય) નથી. યુગ્લીના (Euglina) જેવાને હજી પ્રાણી કહેવું કે છોડ કહેવો તે સંદિગ્ધ છે—વિવાદાસ્પદ જ છે. અર્થાત્ પ્રાણીઓમાં ક્લૉરોફીલ નથી હોતું અને વનસ્પતિમાં જ તે હોય છે એમ આજદિન સુધી મનાતું હતું તે પણ વિદ્વાનોએ ભ્રમમૂલક જણાવ્યું છે.

વનસ્પતિમાં સુઘટિત કોપભિત્તિઓ (cell-walls) હોય છે જ્યારે પ્રાણીઓમાં કોપભિત્તિઓ નથી હોતી એમ વનસ્પતિ અને પ્રાણી વચ્ચેનો ભેદ દર્શાવવા આજસુધી બતાવવામાં આવતું. પરંતુ વધતી જતી શોધોએ કેટલીક એવી વનસ્પતિઓ શોધી છે જેમાં સુઘટિત કોપભિત્તિઓ નથી. જ્યારે કેટલાંક એવાં પ્રાણીઓ શોધાયાં છે કે જેમાં સુઘટિત કોપભિત્તિઓ ન હોવા છતાં યે બીજું કેટલુંક એવું છે કે જે તેમને વનસ્પતિ તરીકે ઓળખાવે.

વનસ્પતિઓ કાર્બન ડાયૉકસાઇડ શ્વાસમાં લે છે અને

ઑક્સિજન બહાર કાઢે છે, જ્યારે પ્રાણીઓ શ્વાસમાં ઑક્સિજન લે છે અને કાર્બન ડાયૉક્સાઇડ બહાર કાઢે છે એમ આજ પર્યંત માનવામાં આવતું. પરંતુ હવે આ વાત પણ ભ્રમમૂલક જ પુરવાર થઇ છે. ખરી વાત તો એ છે કે પ્રાણી માફક વનસ્પતિ પણ ઑક્સિજન (શ્વાસ) લઈ કાર્બન ડાયૉક્સાઈડ (ઉચ્છ્વાસ) જ બહાર કાઢે છે. પણ રાત્રે સૂર્યનો પ્રકાશ ન હોવાથી, ફોટો-સીન્થેસિસના અભાવે, ઑક્સિજન કરતાં રાત્રે કાર્બન ડાયોક્સાઇડ વધુ જણાય છે.

ટૂંકામાં, આજ સુધી પ્રાણી–વનસ્પતિ વચ્ચે પાર્થક્ય દર્શાવવા આ પાંચ મુદ્દાઓ બતાવવામાં આવતા હતા:

(૧) વનસ્પતિઓમાં હલનચલન (movement) કરવાની શક્તિ નથી, જ્યારે પ્રાણીઓમાં તે છે.

(૨) વનસ્પતિ ખનિજ પદાર્થોને આત્મસાત્ કરી શકે છે, પ્રાણી નહિ. પ્રાણી તો ઉદ્ભિજ્જ આહાર ખાઇને જ જીવી શકે છે.

(૩) વનસ્પતિમાં લીલો રંગ (ક્લૉરોફીલ) હોય છે, જ્યારે પશુઓમાં તે નથી.

(૪) વનસ્પતિમાં સુઘટિત કોષભિત્તિઓ (cell-walls) હોય છે જ્યારે પ્રાણીઓમાં કોષો ને કોષભિત્તિઓ હોતી નથી.

(૫) વનસ્પતિ કાર્બન ડાયૉક્સાઈડ શ્વાસમાં લે છે અને ઑક્સિજન બહાર કાઢે છે, જ્યારે પ્રાણીઓ ઑક્સિજન શ્વાસમાં લઇ કાર્બનડાયૉક્સાઇડ બહાર કાઢે છે.

પરંતુ આપણે ઉપર જોઈ ગયા તેમ આ પાંચે ય મુદ્દાઓ હવે ટકતા નથી. આ બધા ઉપરથી વિદ્વાનો એવા નિર્ણય પર આવ્યા છે કે પ્રાણી અને વનસ્પતિ બન્ને આખરે તો એકબીજામાં ભળી જ જતાં લાગે છે. ચલાચલ વિશ્વનો આદિ જનક એક છે એવી માન્યતાને આ શોધો દૃઢમૂલ બનાવે છે. વિકાસવાદના ક્રમમાં બન્નેના પૂર્વજો એક જ છે એમ પુરવાર થયું છે.


આથી વિદ્વાનો પ્રાણી, વનસ્પતિ અને પ્રૉટિસ્ટા Protista (જેને પ્રાણીમાં કે વનસ્પતિમાં મૂકતાં સંકોચ થાય એવો સમૂહ) આવા ત્રણ વર્ગો પાડવા લલચાય છે. ખરી રીતે આવા વર્ગો મનુષ્યરચિત(man-made) છે, નૈસર્ગિક નથી. સુગમતા ખાતર આ ભેદો છે એટલું ધ્યાન રાખવું જોઇએ. આપણા પૂર્વજોએ તો સાચું જ ભાખ્યું છે કે વનસ્પતિમાત્ર અંતઃસંજ્ઞાવાળી છે અને સુખદુઃખની લાગણી તે અનુભવી શકે છે. સ્વ. જગદીશચંદ્ર બસુની અનેક શોધખોળોએ પણ આ પુરવાર કરી આપ્યું છે.

મનુષ્યો આ પૃથ્વી પર વસવા લાગ્યા તે પહેલાં લાખ્ખો વર્ષો પૂર્વે વનસ્પતિનું અસ્તિત્વ હતું. વનસ્પતિઓ જ પ્રાણીજીવનની પુરોગામી હતી. લાખ્ખો વર્ષો પહેલાં સૌપ્રથમ સમુદ્રના પાણીમાં ઊગનાર વનસ્પતિઓ થઈ. સૃષ્ટિની શરૂઆતમાં થનાર આ વનસ્પતિઓને આપણે **સ્થાણૂદ્ભિજ્જ**(Thallophyta) કહીશું. આ વનસ્પતિઓમાં પોષક અને પ્રસવક પેશીઓ નિરનિરાળી સ્પષ્ટ રૂપમાં ન હતી. આ પછી અનેક સૈકાઓ વીત્યા બાદ, વિકાસક્રમમાં પોષક અને પ્રસવક (nutritive and reproductive) પેશીઓવાળી વનસ્પતિઓ અસ્તિત્વમાં આવી. વિદ્વાનો આ વર્ગની વનસ્પતિઓને **ઉદ્ભૂતાવયવી**(Bryophyta) કહે છે. આ પછી હજારો વર્ષો પછી મૂળ, દાંડી, પાન વગેરે સ્પષ્ટ ધારણ કરતી વનસ્પતિઓ અસ્તિત્વમાં આવી. આ વનસ્પતિઓને આ બધાં અંગો છતાં ફૂલ બેસતાં ન હતાં. રેણુરૂપ (spores) પ્રસવક અવયવોથી પોતાની ઉત્પત્તિ તે સાધે છે. આપણે એને **પર્ણિની** (Pteradophyta) કહીશું. બાગબગીચાઓમાં હંસરાજના દર્શનીય છોડવા દેખાય છે તે આ વર્ગના છે. આ પછી હજારો વર્ષોના ગાળા પછી ફૂલફલ ધારણ કરનાર વનસ્પતિઓ ભૂપૃષ્ઠ ઉપર દેખાવા લાગી અને અત્યારે એ જ વર્ગની વનસ્પતિઓ વિશેષ જોવામાં આવે છે. આ બધાની વિગતમાં ઊતરવાનું આ સ્થાન નથી. આ રસિક ઇતિહાસ ભવિષ્ય માટે રહેવા દઇ અહીં તો એટલું જ કહેવું બસ થશે કે વનસ્પતિ અને પ્રાણી બન્નેના પૂર્વજો એક જ છે. વનસ્પતિ પોતે જ જ્યાં પ્રાણયુક્ત છે ત્યાં તેને પ્રાણીથી ભિન્ન કલ્પી જ કેમ શકાય? ડલ્લણ કહે છે કે वृक्षादयो हि वनस्पति वर्गानुकारोपदेशात् शास्त्रे प्राणिन उक्ताः न तु लोके प्राणिसंज्ञकाः।[1] વૃક્ષોને શાસ્ત્રમાં પ્રાણીઓ જ લેખવામાં આવેલાં છે. સાધારણ લોકો તેને પ્રાણવાન માનતા નથી. હજારો વર્ષો થયાં છતાં ય હજી આ સ્થિતિ પ્રવર્તે છે!

બાપાલાલ ગ. વૈદ્ય

---

૧ સુશ્રુત સંહિતા ઉપર ડલ્લણની ટીકા સૂ. સ્થા.અ. ૨૭



જીવનનું પરોઢ

ભાગ ત્રીજો

પ્રકરણ છઠ્ઠું

બાપુજી ગયા

પહેલી ટુકડી રવાના કરી કે તુરત બાપુજી પોતે ફીનિકસનું કામ સરાડે ચડાવી જેલ જવાની તૈયારી કરવા લાગ્યા. છાપાનું કામ હળવું કરવા કેટલાક ફેરફારો કર્યા. પહેલો ફેરફાર એ કર્યો કે છાપું શનિવારે નીકળતું તે બુધવારે પ્રગટ કરવાનું ઠરાવ્યું. શનિવારના છેલ્લા અંકને બુધવારના પહેલા અંક વચ્ચે ચાર જ દિવસનું અંતર પડવાથી એ અંક સોળને બદલે ચાર જ પાનાંનો કરી નાખ્યો. અને એ પછીના અંકો આઠ પાનાંના કરવાનું ઠરાવ્યું. છાપામાં દવાની, મોજશોખની ચીજોની ને એવી જાહેર ખબરો લેવાનું તો બંધ જ હતું, અને હવે બીજી જૂજ જાહેરાતો લેવામાં આવતી એ પણ બંધ કરી.

છાપાનાં જુદાંજુદાં કામ કરવાની તો મને મઝા આવતી, પણ એ વાંચવાનો મને રસ મુદ્દલ ન હતો. માત્ર જે અઠવાડીએ છોકરાઓએ જ મળીને છાપું કાઢ્યું હતું એ અંક વાંચવા લઈ ગએલો. બાકી તો છાપું વાળતાં, તેને વાળાના ટાંકા મારતાં કે રૅપરમાં વીંટતાં છુટક છુટક ગમે તે એચાર લીટી વાંચી લેતો. જ્યારે ચિત્રો છપાય ત્યારે એ ઉપરથી વર્તમાન સ્થિતિ જાણતો ખરો. પણ આ પહેલું બુધવારનું છાપું હું આખું વાંચી ગયો. એમાં બાપુજીએ અધિપતિ તરીકે જે લખ્યું હતું તે કંઈક આવા પ્રકારનું હતું:

‘હવેથી બુધવારે છાપું પ્રગટ કરવાનું નક્કી કર્યું હોવાથી આ વેળાનો અંક તૈયાર કરવા ત્રણ જ દિવસ મળ્યા છે એટલે આ અંકનાં પાનાં ચાર જ છે. છાપું શનિવારે પ્રગટ થવાથી એ ડર્બન વગેરે નાતાલનાં બધાં સ્થળો તે જ દિવસે પહોંચી જાય છે, પણ જોહાનિસબર્ગ અને બીજે ટ્રાન્સવાલમાં એ વાચકોના હાથમાં સોમ કે મંગળે પહોંચે છે. “ઈંડિઅન ઓપીનીઅન”ના ઘણાખરા વાચકો કામધંધામાં એટલા ગુંથાએલા રહે છે કે તેમને બીજા શનિ કે રવિવારની રજા ન આવે ત્યાં સુધી છાપું વાંચવાનો અવકાશ નથી રહેતો. તેમની સગવડતા ખાતર હવેથી શનિવારે જ એમના હાથમાં એ પડે એવી ગોઠવણ આ નવી વ્યવસ્થામાં છે.

આ છાપું જાહેર સેવા કરવા, હિંદીઓની વર્તમાન સ્થિતિની ખરી બાતમી દેવા ચાલુ રહેવા ધારે છે. જો લોકોને એવી જરૂર ન હોય અને તેઓ તેને ન પોષે તો સારી નરસી જાહેર ખબરો વગેરેથી ભરી મૂકી એને ગમે તેમ ચલાવ્યે જ રાખવું અને એમાંથી કમાણી કરવી એ તો આ છાપું છાપનારાઓનો, પ્રજાનો અને દેશનો ભારે ગુનો કર્યા બરાબર લાગે છે. અત્યારે આના નવ સો ગ્રાહકો છે. જો સંખ્યા એથી ઘટશે તો છાપું નહિ ચલાવી શકાય. એટલે ગ્રાહકોએ આનાં ઓછાં પાનાં જોઈને ભડકવાનું નથી. કારણ જે પાનાં ઘટ્યાં છે તેમાં માત્ર જાહેરખબરો અને એવી નકામી તથા બીજેથી સહેજે મળી શકનારી વસ્તુ ઘટાડવામાં આવી છે. જે વાચન બાકી રહ્યું છે એ કંઇ પોલું પોલું નથી રહ્યું. અમારી આશા છે કે થોડા વાચનની અંદર વધુમાં વધુ આપીશું. નકામો એક શબ્દ પણ નહિ આપીએ અને એથી વધુ કરતાં આ ઓછાં પાનાંનું છાપું કાઢવાના શ્રમ અને ખરચમાં બહુ ભારે તફાવત નથી પડી જતો, એટલે એનું લવાજમ ઘટાડી શકાય એમ નથી. દરેક વાચનારની ફરજ છે કે આમાં છપાતી વિગતો અને વિચારો પોતાના ઓળખીતા બધા હિંદીઓમાં ફેલાવે અને જેઓ પૈસાથી “ઈન્ડિયન ઓપીનીઅન”ને મદદ કરી શકે એવા હોય એવા પોતાના મિત્રોને તેનાં ગ્રાહક બનાવે.’ આવી કેટલીયે ચેતવણીઓ અને ભલામણો એ લેખમાં બાપુજીએ લખી હતી.

છાપું પ્રસિદ્ધ થવાનો દિવસ શનિવારને બદલે બુધવાર કર્યો તે સાથે મોટો ફેરફાર કર્યો કે છાપવાનાં એ યંત્રો ચલાવવા માટેના ‘ઑઇલ એંજિન’નો બહિષ્કાર કર્યો. ઘાસતેલભક્ષી એ દેવ રૂઠે ત્યારે કોઈના નહિ.

અમારે ત્યાંનું એંજિન સારીપેઠે મોટું હતું—નાનકડા રેલગાડીના એંજિન જેવડું. એને શરૂ કરતી વખતે તેનું 'ફ્લાઈવ્હીલ' (સંચાલક ચક્ર) ફેરવતાં ભલભલા જુવાનો હાંફી જતા. છાપું છાપવાનું હોય એ પહેલાં પાંચછ કલાકથી ચાર્લી અને મિ. સૅમ એની આરાધના આરંભતા. ફરમા યંત્ર ઉપર ચડી ગયા પછી મગનકાકા અને મિ. વેસ્ટ એનો હઠ ઉતારવા પોતાની બુદ્ધિ અને કૌશલ્ય ખર્ચી નાખતા અને છેવટે અનેક જુવાન વિદ્યાર્થીઓનો પરસેવો નીતરતો ત્યારે એ એન્જિન ચાલુ થતું. એક વાર ચાલુ થયું પછી તો સરસ કામ આપતું. પણ એવા હઠીલા યંત્રને ભરોસે રહેવું બાપુજીને હવે સલામત ન લાગ્યું. જ્યાં બેત્રણ જણને છાપખાનાનું બધું કામ ઉકેલવું હોય ત્યાં એ રીસાતા દેવને મનાવવા કોણ બેસે? મગનકાકા કે મિ. વેસ્ટ એ કામમાં ગૂંચવાય તો છાપાની નિયમિતતા જોખમાય. બુધને બદલે ગુરુ કે શુક્રવારે યે એ છપાઈ ન રહે.

એટલે એ તેલીઆ ભૂતને બદલે બાપુજીએ બાહુબળ વાપરવાનું ઠરાવ્યું. સંચાડો ચલાવવાનો હોય છે એવું આડેક ફૂટ ઊંચાઇનું લોઢાનું એક મોટું પૈડું ધૂળ ખાતું પડયું હતું એની પ્રતિષ્ઠા કરવામાં આવી. ચાર ચાર જણ એને બાવડાંને જોરે ચલાવવા લાગ્યા. અર્ધા કલાકે વારો બદલાતો જાય. આથી છાપવાનું મશીન એન્જિન જેટલે જ વેગે કામ આટોપવા લાગ્યું. ઘણીવાર તો વધુ ઝડપે પૈડું ન ચલાવવા માટે છાપનારે એમને ટોકવા પડતા. આ કામને સારૂ હબશી મજૂરોને રોકવામાં આવ્યા હતા તો યે બાપુજી પંડે એ ફેરવવાનો વારો ભરતા.

એક તરફ એમને માથે દક્ષિણ આફ્રિકાની આખી લડતનું સંચાલન હતું; બીજી તરફ દેશમાં ગોખલેજી સાથેનો વિસ્તૃત પત્રવ્યવહાર જારી હતો; ત્રીજી તરફ ફીનિક્સ આશ્રમના દૈનિક ક્રમ અને અમને બાળકોને સાચવવાનું હતું; ચોથી તરફ 'ઇંડિયન ઓપીનીઅન'ના સંપાદનનો ભાર હતો. આમ છતાં યે બાપુજી આ મજૂરી કરવાનો શૉખ છોડતા નહિ. જ્યાં સુધી પોતે ફીનિક્સ રહ્યા ત્યાં સુધી છાપાને વારે તેઓ એ પૈડા ઉપર હાજર થઈ જ જતા અને બબ્બે ત્રણત્રણ જણા એમનો મથવારો બદલાવે ત્યાં સુધી પોતે ખસતા નહિ.

પહેલે બુધવારે તેમણે પોતાની સામે મને ઊભો કર્યો. મારૂં ગજું કેટલું? પણ સવાયું બળ કરીને તેમણે મારી ઊણપ પૂરી કરી. મારૂં ધ્યાન પૈડું ફેરવવામાં ન હતું. બાપુજીમાં હતું. આખો વખત હું તેમનાં મુખારવિંદનાં દર્શન કરતો ધરાયો નહિ. હાથે તેઓ પૈડું ફેરવતા હતા અને ચિત્ત ધ્યાનસ્થ હતું.

બાપુજીનું આવું સાંનિધ્ય મને ભાગ્યે જ સાંપડતું; અને હવે તેઓ જેલમાં જાય તો પાછું કોણ જાણે ક્યારે સાંપડે? એટલે મેં બાપુજીની શાંતિમાં ભંગ પાડવાનો પ્રયત્ન કર્યો.શું પૂછું,શી વાત કાઢું એની મનમાં સારી પેઠે ગડમથલ કર્યા પછી મેં બે ચાર સવાલો શોધી કાઢ્યા.

'બાપુજી, તમે છાપામાં પોતાને માટે 'અમે' 'અમે' કેમ લખ્યું છે? એ લખાણ તો તમારૂં એકલાનું છે?' મેં પૂછ્યું. બાપુજીએ જવાબ આપ્યો, 'અધિપતિ જે લેખ લખે એમાં એકવચન ન વાપરે, બહુવચન જ વાપરે; કારણ, એ જે લખતો હોય તે એના પોતાના એકલાના જ વિચાર ન હોય, પણ એમાં બીજા સાથીઓ પણ હોય છે.' આટલું કહી બાપુજી પાછા ઊંડા વિચારમાં પડી ગયા અને મૂંગામૂંગા પૈડું ફેરવવા લાગ્યા.

વળી મેં મહામહેનતે પ્રશ્ન ખોળી કાઢ્યોઃ 'બાપુજી, આ જાહેર ખબર વિષે તમે શું લખ્યું છે? છાપાનાં એટલાં બધાં પાનાં કેમ કાઢી નાખ્યાં?' એમણે ધીરજથી સમજાવ્યું: 'દુકાનદારો પોતાની જે ચીજો વેચવાની હોય તેનાં ખૂબ વખાણ કરીને છપાવે. આપણે છાપીએ તેના પૈસા આપણને આપે, કારણ એના ઘરાક વધે. પણ એમ પૈસાને લોભે આપણે આજ સુધી છાપતા એ ખોટું કરતા. દુકાનદાર પોતાનો માલ સારો ન હોય છતાં સારો હોવાનું છપાવે અથવા હોય તેના કરતાં અનેકગણો સારો બતાવે એ જૂઠાણું થયું. સાચો માણસ એવી જૂઠી વાતો છાપે ખરો? વળી જે ચીજો આપણે વાપરતા નથી અને વાપરવી ખોટી માનીએ છીએ એ ચીજો આપણું છાપું વાંચીને લોકો વાપરવાનું મન કરે તો એ પણ આપણી ભૂલ કહેવાય ને?'

એક બે મિનિટમાં આમ જવાબ પતાવી બાપુજી પાછા મૂંગા થઇ જાય અને ઊંડા વિચારમાં ડૂબકી મારી દે. બીજી તરફ હું યે વગર સંકોચે પૂછ પૂછ કર્યે જ રહું. 'વાસણ-ઝાડુ માટેની મારી ટોળીમાં આવેલા નવીન કે છોટમ મારૂં ન માને તો?' 'મારૂં અંગ્રેજી હવે કાચું થઇ જશે તો?' 'પાછલા પાઠ બધા તૈયાર કરી લીધા પછી આગળ ભણાવનાર કોઈ નહિ હોય ત્યારે?'

વગેરે પૂછ્યું. બાપુજીએ ટૂંકામાં જવાબ આપ્યા:

'છોટમ એક દિવસ કામમાં આળસ કરશે તો બીજે દિવસે બમણું કરશે. જે દિવસે એ ન કરે ત્યારે પોતે વધારે કામ કરી લેવું. અંગ્રેજીની હમણાં ફિકર ન કરવી. રૅપરનાં સરનામાં લખતાં આપમેળે જેટલો અભ્યાસ થાય તેટલો ખરો. ભણવામાં ગણિત તાજું રાખીશ તો ફરી જ્યારે તક મળશે ત્યારે બીજું ભણતર ફરી ભણવાનું શરૂ કરતાં મુશ્કેલી નહિ આવે.'

આ બધા જવાબ મેળવી લીધા પછી મારૂં મન પૂરેપૂરૂં ભરાઇ ગયું. બાપુજી સાથે વાત કરવાનો એટલો બધો વખત મળ્યો તે મને જાણે મોટી ઉજાણી મળી. અર્ધો કલાક થયે બાપુજીએ મને પૈડું છોડી બીજે કામે જવાની સૂચના કરી, પણ હું ખસ્યો નહિ. મને એમ જ લાગતું હતું કે અત્યારે એમની પાસેથી ખસવું એ આખરનું ખસવા સમું છે. થોડીથોડી વારે ત્રણ વાર બાપુએ સૂચવ્યું પણ મેં કહ્યું 'હું થાક્યો નથી.' છેવટે એમણે મને પરાણે બસેડ્યો અને કહ્યું, 'બસ હવે તું છોડ અને ચાલીને મોકલ.' ત્યારે મેં છોડયું અને આઘે જઈ પૈડું ફેરવતા એમને જોવાનો સંતોષ મેળવ્યો.

આ પ્રસંગ પછી બાપુજીએ કયારે ફીનિક્સ છોડ્યું, કેમ છોડયું, અમે તેમને વળાવવા સ્ટેશને ગયા કે નહિ, જતી વખતે તેમણે અમને શી શિખામણ આપી તે બધી વાત ઉપર વિસ્મૃતિનો પડદો પડી ગયો છે. 'હું પકડાઉં નહિ ત્યાં સુધી દર શનિવારે તારે અને દેવદાસે મને નિયમિત કાગળ લખવા' એ છેવટની આજ્ઞા યાદ છે.

ફીનિક્સથી બાપુજી નીકળી જેલમાં કેવી રીતે જશે તેની જાતજાતની અટકળો અમારે ત્યાં થતી. પૂ. બાને તો સરકારે ઓળખ્યા વિના સજા કરી દીધી, પણ મિ. એમ. કે. ગાંધીને ન ઓળખનાર ત્યાં કોણ હોય? તેમાં યે જ્યારથી ગોખલેજી આવી ગયા ત્યારથી તો ગાંધી-ગોખલેને માટે ગોરાઓનો આદર બહુ વધી ગએલો એટલે સાધારણ વેશે ને નામે સરકાર બાપુને જેલમાં નહિ પૂરે એવી પૂરી શંકા હતી. તેમાં જ્યારે જોહાનિસબર્ગની બ્હેનોને ઑરેન્જ ફ્રી સ્ટેટની હદમાં ફેરી કરવા છતાં ન પકડી ત્યારે બાપુજીના પકડાવા બાબતની ચિંતા વધી ગઇ.

એક યોજના એવી સાંભળવામાં આવી કે બાપુજી અંગરખું ને ફેંટો પહેરી સાધારણ હિંદુસ્તાનીની જેમ ઓરેંજ ફ્રી સ્ટેટમાં પ્રવેશ કરે અને પોતાનું નામ મોહનદાસ કરમચંદ એટલું જ બતાવે તો પકડાઇ જશે. બાપુના પકડાવા બાબત બીજી યે ચર્ચાઓ ચાલતી હતી. પણ એ ઇતિહાસ કોઈની કલ્પનામાં ન આવે એવો ઈશ્વરે ઘડી રાખ્યો હતો. ઑરેન્જ ફ્રી સ્ટેટ તો શું, ટ્રાન્સવાલ પણ એમને ન જવું પડ્યું.

નાતાલના ન્યુકેસલ શહેર પાસે આવેલી કોલસાની ખાણોમાં ત્રણ પાઉંડના કર સામે હડતાલ શરૂ કરવામાં આવી. ટ્રાન્સવાલ અને ઑરેન્જ ફ્રી સ્ટેટમાં જેલ જવા માટે ખૂબ ફાંફાં માર્યાં છતાં ત્યાંની સત્યાગ્રહી બેનો ન પકડાઈ ત્યારે તેઓએ નાતાલની કોલસાની ખાણો પર હૂમલો કર્યો. પૂ. બાને પકડવાથી હિંદુસ્તાન સુધી જ્વાળા પ્રગટેલી એટલે સરકાર બીજી વાર સ્ત્રીઓને પકડવાની ભૂલ કરવા માગતી ન હતી. પણ ખાણોના મજૂર વચ્ચે મિસિસ થંબી નાયડુની ટોળીએ આગ વરસાવી એટલે સરકારે તેમને પકડવી જ પડી.

એ બહેનોએ ગિરમીટિયાઓને જગાડ્યા: 'તમારા પરસેવા ઉપર જ્યાં સમૃદ્ધિ રચાઈ છે એ જ દેશમાં તમે સ્વતંત્ર થઇને રહી ન શકો એ કેટલો કારમો જુલમ છે! બબ્બે વાર તમે ગુલામી ખત પૂરાં કરી છુટો તોપણ જમીનદારોની ગરજ સરી એટલે તમે વેરી. તમારા કુટુંબના દરેક માણસ ઉપર પિસ્તાળીસ પિસ્તાળીસ રૂપિયાનો માથાવેરો પડે અને તમે મૂંગે મોંએ એ વેઠ્યા કરો એ કેવી હીણપત?'

ખાણે ખાણે અને ગિરમીટિયાઓને રહેઠાણે રહેઠાણે આ સંદેશ પહોંચ્યો. ગિરમીટિયા ભભૂકી ઊઠ્યા. તેમણે હિંદ મૈયાની લાજ રાખવાનો દૃઢ સંકલ્પ કર્યો અને જાહેર કર્યું કે, 'મોત આવે તો તે કબૂલ છે પણ જ્યાં સુધી સરકાર ત્રણ પાઉંડનો કર નાબૂદ ન કરે ત્યાં સુધી કામે ચડવું હરામ છે.'

ફીનિક્સથી બાપુજી ગયા પછી બેએક અઠવાડિયાં એમના કંઇ વિશેષ સમાચાર ન આવ્યા; પણ જ્યારે સમાચાર મળ્યા કે ન્યૂ કૅસલમાં બાપુજી હડતાળિયાઓથી ઘેરાઈ ગયા છે અને ફળાહાર કરવાનો યે એમને સમય રાતે મળે છે, સુવાનું તો નામનું જ મળે છે, ત્યારે અમે સૌ બહુ ચિંતામાં પડી ગયા.

(ચાલુ)

પ્રભુદાસ છગનલાલ ગાંધી

સંસારનાં શહેરો

૬—તેહરાન

જગતના મહાન ધર્મોમાંના એક જરથોસ્તી ધર્મનું ઉત્પત્તિસ્થાન ઈરાન સરઝમીન એક વખત દુનિયાભરમાં પોતાની શોભ પાથરતું. ઇસ્લામી દેશોમાં રંગદર્શી તવારીખબર્યો એના જેવો બીજો દેશ મળવો મુશ્કેલ છે. ઈ. પૂ. ૫૪૯માં સાઈરસે સ્થાપેલા ઈરાની સામ્રાજ્યની સીમાઓ પંજાબના પડખાથી માંડી મિસરની પેલી પારના રણ સુધી પહોંચતી. પરંતુ પછી પડોશી રાજ્યોના લોભે તેને છિન્નભિન્ન કરી નાંખ્યું ને બધો મુલક પીંખી નાખ્યો. તેનો રહ્યોસહ્યો મુલક આજે રીઝાશાહ પહલવીના હાથ નીચે પુનર્રચના પામી રહ્યો છે. પૂર્વમાં હિંદથી તે પશ્ચિમમાં ઈરાક સુધી અને ઉત્તરે કાસ્પિયન સમુદ્રને બંને છેડે રશિયાની સરહદથી તે દખ્ખણમાં ઈરાની અખાત સુધી આજ પણ ઇરાન વિસ્તરેલું છે.



તેહરાન એ ઇરાનના એ જ નામના પ્રાંતનું મુખ્ય શહેર અનેઆધુનિક ઈરાનની રાજધાની છે. 'શામરાન'નો અર્થ જેમ પર્વતો થાય તેમ 'તેહરાન'નો અર્થ મેદાનો થાય. અને કાસ્પિયન સમુદ્રથી સિત્તેર માઇલ પર, અલબુર્ઝ પર્વતના ઢાળ પર આવેલા મેદાનમાં સઘળી કારવાંઓના કેન્દ્ર સમું તે ઊભેલું છે. ઇસ્ફહાન ત્યાંથી ૨૨૪ માઇલ થાય, બુશાયર ૬૭૭ માઈલ, બગદાદ ૫૦૦ માઇલ, તબ્રેઝ ૩૭૪ માઇલ, મશદ ૪૭૧ અને હેરાત ૬૭૨ માઇલ.

તેહરાનનો પહેલો ઉલ્લેખ ઈસુની બારમી સદીમાં યાકૂત અને પછી ચૌદમી સદીમાં હમદુલ્લાહ મુસ્તવફી કરે છે. સત્તરમી સદી સુધી એની કશી મહત્તા ન હતી. ઈસ્ફહાન અને શિરાઝના ગૌરવે ત્યારે બાકીના ઈરાનને ગૌણ બનાવી દીધેલું. પછીથી એ સદીના આખર ભાગે સફવી વંશના શાહોએ તેને અગત્ય આપવા માંડી અને છેવટે ૧૭૮૮માં આગા મોહમદખાને ઇસ્ફહાનને બદલે તેહરાનને જ ઇરાનની રાજધાનીનું શહેર બનાવ્યું.

પુરાણું તેહરાન અસલી ઘાટે જ ૨૦ ફૂટની દિવાલની કિલ્લેબંદી ને બુર્જોથી સંરક્ષાએલું. એનું આજે ખંડિયેર જેવું ઊભેલું પડું રિહાઇ પણ એક વખત જાહોજલાલ શહેર હતું. પયગંબર જરથોસ્ત અને મહાન ખલીફ હારૂન અલ રશીદનો જન્મ ત્યાં જ થએલો. શાહ નસરુદ્દીને ઈ. ૧૮૬૯માં એ પુરાણા શહેરનું પુનર્નિર્માણ કર્યું ને આજે બ.૨ દરવાજા સાથેનું તેનું વિકસિત સ્વરૂપ બાર માઇલનો પટ રોકી ઊભું છે.

તેહરાનનું મુખ્ય જાહેરસ્થાન ૨૭૦× ૧૨૦ વારનું 'મયદાને તોપખાના' છે. એવું જ બીજું સ્થાન ૫૫૦ × ૩૫૦ વારનું લશ્કરી કવાયતનું સ્થાન 'મયદાને મશ્ક' છે. મયદાને તોપખાનાથી પાએક માઈલ પર જ શાહી મહેલ આવેલો છે, જેના દરબારનાં 'તખ્તે મરમર' તથા 'તખ્તે તાઉસ' રાજ્યાસનો તો ઇતિહાસપ્રસિદ્ધ છે.

આખા ઇરાનની પેઠે તેહરાન પણ ફારસી બોલનારા ને શીઆપંથી લોકોથી વસાએલું છે. જોકે બહાઈ, યહૂદી, ખાલ્ડીઅન ને આર્મીનિયન લોકો પણ ત્યાં વસેલા છે. દેખાવે એ બહુ ચિત્તાકર્ષક શહેર ન કહેવાય. શાહી મહેલ, બ્રિટિશ લીગેશન અને કેટલીક મસ્જિદો સિવાય ખાસ કોઇ પ્રેક્ષણીય બાંધકામ પણ ત્યાં નથી. દરિયાની સપાટીથી ૩૮૬૦ ફૂટ ઊંચું આવેલું હોવાથી તેનું હવામાન સમશીતોષ્ણ રહે છે, છતાં ઉનાળામાં તાવનો ઉપદ્રવ રહે છે. ઉત્તરની ટેકરીઓમાંથી કનાત (જમીન નીચેની નહેરો) દ્વારા શહેરને પાણી પૂરું પાડવાની સગવડ કરેલી છે, તો પણ ઉનાળામાં ટાંચ ભોગવવી પડે છે.

નવાં પુસ્તકો **બળવાખોર પિતાની તસવીર:** સંપાદક-કકલભાઈ કોઠારી, પ્રકાશક-નવસૌરાષ્ટ્ર પ્રકાશન મંદિર, ૨-૮-૦; **રાસમાલિકા:** પ્રકાશક-ગુર્જર સાહિત્ય ભંડાર, લાઠી, ૧-૦-૦; **હોલીંગરાજ** તથા **મુંબાઈમાંનો મહોત્સવ** (૧-૪-૦), લેખક-પ્રકાશક-ન્હાનાલાલ દ. કવિ, એલિસપૂલ અમદાવાદ; **બેઝિક સ્ટેપ બાઈ સ્ટેપ:** ૦-૨-૦, **બેઝિક ઇંગ્લિશ પૂર્તિ:** ૦-૧-૦, **પૈસામાં પ્રૌઢ શિક્ષણ:** ૦-૦-૩, **૨૦૦૦ અંગ્રેજી શબ્દો:** ૦-૬-૦, પ્રકાશક-બેઝિક ઇંગ્લિશ ક્લાસ, લાઠી; **ગોરિયો, ભગો, રતનીઓ, રણધીર, ગંગારામ, સંગીતશાસ્ત્રી, નાગકુમાર, રાવજી** દરેકની ૦-૦-૩, **બાલવિનોદિની** (ભેટ પુસ્તક); સૌના પ્રકાશક-નાગરદાસ ઇ. પટેલ, મલાડ મુંબાઈ; **વાચન-પ્રવેશપોથી** ભાગ ૧-૨-૩-૪, યોજક-રા. રતિલાલ અધ્વર્યું, જંગલમંગલ આશ્રમ, પોલારપુર-ભીમનાથ (બી.એસ.રેલવે); **ખોલકી અને નાગરિકા:** લેખક-સુન્દરમ્, **ઝબુકિયાં:** લેખક-અનિલ ભટ્ટ, **રાત પડતી હતી:** લેખક નિરૂ દેસાઇ (ગતિ ગ્રંથમાળા પુસ્તક ૧-૨-૩) દરેકની ૦-૮-૦, પ્રકાશક-જયન્તિ દલાલ, પીપલ્સ બૅંક બિલ્ડિંગ અમદાવાદ.

નવી નજરે

સમાજહિતની કોઇ અદૃષ્ટ ભાવનાથી, જનસ્વભાવની અજબ સરાજથી કે મજાક-મશ્કરીની વિચક્ષણ રીતથી જગતના જીવનમાં અજમાવાતા અવનવા અખતરાના કિસ્સાઓ;—જેની પાછળનું માનવ તત્ત્વ આપણને આકર્ષી વિચારબળને તાઝગી આપશે એવી યોજનાથી અપાતી તેની લેખમાળા

એક લેખકે આપેલી મિત્રો મેળવવાની કેટલીક તદબીરો ઉપયોગી થઈ પડે એવી છે. તે નીચે પ્રમાણે:

(૧) બીજાના કામ ઉપર ચર્ચા ન કરો. (૨) દલીલ ન કરો. (૩) 'હું' શબ્દનો પ્રયોગ ન કરો. (૪) તમારે માટે જ અમુક વસ્તુ જોઇએ છે એમ કદી ન કહો. (૫) તમારી ભૂલ હોય ત્યારે કબૂલ કરો. (૬) બીજાં માણસોનાં સુખદુ:ખ કે સિદ્ધાંતોમાં રસ લો. (૭) બીજાની વાત સાંભળવા જેટલો વિવેક બતાવો. (૮) નામો યાદ રાખો. (૯) બીજાઓને એવો ખ્યાલ આપતા રહો કે તેઓમાં પણ કાંઇક છે.

કોઈ સ્થિતપ્રજ્ઞ માણસે દેશપ્રેમની એક સરળ વ્યાખ્યા આપી છે: 'દેશપ્રેમ એટલે દેશમાં જેટલા દેશપ્રેમીઓ વસતા હોય એટલા ગણો સ્વાર્થ.'

દસેક વરસથી ટાઈપરાઈટરના કીબોર્ડ માટે એક નવી યોજનાની શોધ થઈ છે, પણ એ શોધને જે ધીમા ગતિએ આદર મળે છે તે જોતાં સમાજમાં પડી ગએલા ચીલા ખસેડવાનું કામ કેટલું મુશ્કેલ છે તેનો આપણને ખ્યાલ આવે છે. આ શોધ કરનાર અમેરિકાની એક કૉલેજનો પ્રોફેસર **Dvorak** છે. આ પ્રો. વૉરાકે ટાઈપરાઈટરની ચાવીઓ અત્યારે જે રીતે ગોઠવાએલી છે એનું સંશોધન કરી જોયું તો એમાં તેને બે ઊણપો જણાઈ: (૧) બીજી હાર જેના ઉપર બન્ને બાજુ ટચલી આંગળી રાખવામાં આવે છે અને જેને **home row** નામથી ઓળખવામાં આવે છે, એ હારના અક્ષરો ટાઈપ કરવા વધુમાં વધુ સહેલા પડતા હોવા છતાં અત્યારે એ હારને માત્ર ૩૨ ટકા જેટલું જ કામ મળે છે, ત્યારે તેની ઉપર-નીચેની હારો અનુક્રમે ૫૨ અને ૧૬ ટકા કામ ખેંચે છે. (૨) જમણા હાથ કરતાં ડાબો હાથ ઓછી આવડતવાળો હોવા છતાં એને ભાગે ૪૭ ટકા જેટલું વધારે કામ આવે છે. નીચેની રચનાથી આ વસ્તુ વધારે સ્પષ્ટ થશે:

સ્ટાન્ડર્ડ કીબોર્ડ

```
     " [illegible] $ % - & ' ( ) *
     2 3 4 5 6 7 8 9 0 —            } 4
52%  Q W E R T Y U I O P ¼ ½        } 3
32%  A S D F G H J K L : @ ; Ç      } 2
16%  Z X C V B N M ? · ¾ , . /      } 1
```

આમાં સુધારો કરી પ્રો. વૉરાકે ચાવીઓ એવી રીતે ગોઠવી કે **home row**ને વધુમાં વધુ કામ મળે, ને બાકીની હારોમાં કામ ઉપયોગિતાના પ્રમાણમાં વહેંચાઈ જાય. એ રીતે તૈયાર થએલું કીબોર્ડ આ રીતનું છે:

વૉરાક કીબોર્ડ

```
     [illegible] ( ) " % - Ç $ @ *
     7 5 3 1 9 0 2 4 6 8            } 4
22%  : ; · P Y F G C R L & ? . /    } 3
70%  A O E U I D H T N S ½ —        } 2
8%   ; Q J K X B M W V Z ·          } 1
```

આ યોજના પ્રમાણે ચાવીઓ ગોઠવતાં નીચેથી બીજી હાર (**home row**)માં જ વધુ ઉપયોગના બધા અક્ષરો આવી જતા હોવાથી હાથના થોડા જ હલન-ચલનમાં ઘણું કામ થઈ શકે છે. પરિણામે બાળકો પણ એ રીતે ટાઈપ કરતાં તરત શીખી જાય છે. અને ઉપરાંત ટચ સિસ્ટમને આ કીબોર્ડ બહુ અનુકૂળ હોવાથી મિનિટના ૭૦ શબ્દોની ઝડપ તો જલદી આવી જાય છે.

આમ છતાં ઘણા થોડા ટાઈપિસ્ટો આ કીબોર્ડ પર નવેસરથી કાબૂ મેળવવાની તકલિફમાં ઊતરવા તૈયાર હોય છે. અને તેથી દસ વરસમાં આવાં કીબોર્ડવાળાં ટાઈપ-રાઈટરો હજારેક માંડ પ્રચારમાં આવી શક્યાં છે. આ બતાવે છે કે સારી વસ્તુને જગત અપનાવી લેવાનું જ

છે એ તત્ત્વજ્ઞાન હમેશાં કારગત થતું નથી. માટે એ તત્ત્વજ્ઞાન પર જીવનનું ચણતર કરવા ઇચ્છનારાઓએ જરા પાછું વાળી જોતા રહેવું શ્રેયસ્કર થઈ પડશે.

અમેરિકામાં Cured Cancer Club એટલે કે કૅન્સરમાંથી મુક્ત થએલાઓનું એક મંડળ છે. આ મંડળની સ્થાપના કરવાનો વિચાર એક બાનુ ડૉક્ટરને આવ્યો. એને પોતાને કૅન્સરનું દર્દ લાગુ પડેલું, ત્યારે એણે જોયું કે અસાધ્ય ગણાતાં દરદોની માનસિક અસરથી જ દરદી વધુ ઘેરાઈ જાય છે. અને તેથી પોતે એ દરદમાંથી મુક્ત થયા પછી એ રોગ અસાધ્ય છે એવો ભ્રમ જનતામાંથી સદંતર નાબૂદ કરવા માટે એણે આ મંડળની સ્થાપના કરી છે. એ મંડળમાં જોડાવા ઇચ્છનારે માત્ર પોતાને કૅન્સરનો રોગ થએલો અને છતાં એમાંથી પોતે બચી ગએલ છે, એટલી હકીકત મંડળ આગળ સિદ્ધ કરવી જોઈએ અને પછી જાહેરમાં એનું નામ મૂકાવા સામે હરકત ન લેવી જોઈએ. જે દેશમાં કૅન્સરથી માણસો એટલાં બધાં ત્રાસી ગયાં હોય કે એમાંથી ઉગરી ગએલાઓથી પણ દૂર નાસતા ફરે ત્યાં પોતાને એ રોગ થયો હોવાનો જાહેર એકરાર બહુ નૈતિક હિંમત માગી લે છે. છતાં અત્યારે એ દળ ૨૯ હજાર સભ્યોએ પહોંચ્યું છે. કૅન્સરથી પીડાતા દરદીઓને આ મંડળ કોઈ આશાના ફિરસ્તા જેવું બની રહે છે, અને દરદનો સામનો કરવામાં એ માનસિક હિંમત ઘણું કામ કરી જાય છે.

ત્યાં જેવી સ્થિતિ કૅન્સરની છે એવી આપણે ત્યાં ક્ષયની છે. પણ આપણે ત્યાં ફેર એટલો છે કે દરદનો ભોગ થઈ જીવતા રહેનારાઓની જાહેરાત કરવા માટે મંડળની જરૂર પડતી નથી. તેઓ પોતે જ પોતાની જાહેરાત કરતા હોય છે. માત્ર દરદના ભોગ બની ગુજરી ગએલાઓનાં નામનું આખું લિસ્ટ નવા દરદીની તબિયત જોવા આવનારા મોઢે જ રાખે છે એટલા પૂરતી જ મુશ્કેલી છે!

અત્યારે જે ખ્રિસ્તી વર્ષ ગણવાની પદ્ધતિ પ્રચલિત છે એમાં રહેલી અનિયમિતતા ટાળવા માટે દેશદેશના વિચારકો ખૂબ યોજનાઓ ઘડી રહ્યા છે. અમુક વર્ષની અમુક તારીખે કયો વાર આવશે એ નક્કી કરવા માટે અત્યારે બહુ તકલિફથી તૈયાર કરેલાં પંચાંગો રાખવાં પડે છે. જોકે એ ગણતરી બહુ અઘરી તો નથી જ. માત્ર સાત કોઠાઓ તૈયાર હોય તો કોઈ પણ વર્ષના કોઈ પણ કૅલેન્ડર માટે તે ઉપયોગી થઈ રહે. જેમકે ૧૯૩૯નું કૅલેન્ડર કાંઈ પણ ફેરફાર કર્યા વિના (સિવાય કે લીપ ઇયરમાં) આ સૈકાનાં નીચેનાં વર્ષોમાં કામ લાગી શકે: ૧૯૦૫, ૧૧, ૧૬, ૨૨, ૩૩, ૩૯, ૪૪, ૫૦, ૬૧, ૬૭, ૭૨, ૭૭, ૭૮, ૮૯, ૯૫, ૨૦૦૦.

પણ એને બદલે એક એવું સંપૂર્ણ કૅલેન્ડર હોય કે જે કોઈ પણ વખતે કામ લાગી શકે, તો આ હમેશની જરૂરની વાત પાછળ માણસજાતની ખર્ચાતી પારાવાર તકલિફ બચી જાય. લીગ ઑવ નેશન્સે આ પ્રશ્ન ૧૯૨૩માં ઉપાડેલો. એ વખતે એની પાસે આ અથડામણમાંથી માર્ગ સૂચવતી જુદીજુદી ૧૮૫ યોજનાઓ આવેલી. એમાંથી વધુ વ્યાવહારિક લાગે એવી બે યોજનાઓ તરી આવતી હતી. (૧) પૉઝિટિવિસ્ટ કૅલેન્ડર: એટલે કે દરેક વર્ષમાં ૧૩ મહિના; દરેક મહિનામાં ૨૮ દિવસ; દરેક વર્ષની આખરે નામ વગરનો એક વધુ દિવસ; અને દર ચાર વરસે જૂન માસ પછી એવો જ એક નામ વગરનો દિવસ. આ નનામા દિવસનો અર્થ એ કે એને રવિ, સોમ, એવું કાંઈ નામ નહિ આપવાનું. એટલે એની પહેલાંનો જો સોમવાર હોય તો એની પછીનો આવે તે મંગળવાર થાય. એટલે બની ગણતરી બહાર આવતા આવા દિવસો અઠવાડિયાના દિવસો ગણવામાં આડા આવે નહિ.

બીજી પદ્ધતિ તે આંતરરાષ્ટ્રીય કૅલેન્ડર: એમાં વર્ષના ૧૨ મહિના અત્યારે છે એમ જ. પણ એ મહિનાના દિવસોની ગણતરી જુદી જાતની. દર ત્રણ માસનું એક સત્ર. એમાંનો પહેલો મહિનો ૩૧ દિવસનો અને બીજા બે દરેક ૩૦ દિવસના. આમ દરેક સત્રમાં કુલ આખાં ૧૩ અઠવાડિયાં આવે. વરસની અગર તો સત્રની શરૂઆત રવિવારે જ થાય, અને વરસ પૂરું શનિવારે થાય. વરસને અંતેનો ૩૬૫મો દિવસ વધારાના શનિવાર તરીકે પળાય, અને એનું નામ 'વરસનો છેલ્લો દિવસ' એમ રહે. દર ચાર વરસે જૂન અને જુલાઈની વચ્ચે 'લીપ ડે' નામનો એક વધારાનો દિવસ આવે.

આવી જાતના સુધારા કરવામાં આગળપડતો દેશ તો અત્યારે યુનાઇટેડ સ્ટેટ્સ જ છે. એટલે સંભવ છે કે જ્યારે પણ થશે ત્યારે આ સુધારો પહેલો ત્યાં જ

અમલમાં આવશે. આ યોજનાની તરફેણમાં એક વાત એ કહેવામાં આવે છે કે એમાં ૨૫મી ડિસેમ્બર અને ૧લી જાન્યુઆરી રવિવારે જ આવતી હોવાથી અનાયાસે જ તે આંતરરાષ્ટ્રીય તહેવારો બની જશે. પણ તમને નથી લાગતું કે ઘણા વિદ્યાર્થીઓ અને ગુમાસ્તાઓને એકંદર તો એથી બે તહેવારોની ખોટ જ જવાની?

શીઘ્રલેખન

[આ વખતના શીઘ્રલેખનમાં શીઘ્રલિપિના ૨, ૩, ૫ એમ એકસામટા ત્રણ નિયમોનો પ્રયોગ કર્યો છે. એટલેકે ઉપસર્ગો અને તદ્ધિત્ તેમ જ કૃત્ પ્રત્યયો માટેની સંજ્ઞાઓ વાપરી છે, લાંબા શબ્દોના ઉત્તરાર્ધને ટૂંકા પતાવ્યા છે. અને પરિચિત શબ્દોને અંતે આવતા ત, ર, સ, જ, ય, ક, પ, લ, એ અક્ષરોનો લોપ કરી એને બદલે (।) આવી અલ્પવિરામની નિશાની મૂકી છે. હવે વાંચો:]

હેલન કેલર જે જન્મ ી આંધળી અને બહે । હ૮ । એ ˘ આપ૯ । બાહ્ય જગ । ‑ પડેલ‑વ ગ્રે । થ૨ ` પ્રસંગ અદ્દભુ । રોમાંચભ છ. આંધળ માણસ અવા। મારફત અને બહે । માણસ પ્રકાશ મારફત જગ । ‑ સ સર્ગ‑ રહી શક છ. પણ હે˘ માટે તો ` બન્ને દ્વા। બંધ હ૮ . ` ˘ ।પ૯ હર‑હ‑‑ વપ‑રા‑‑ વસ્તુ‑ નામ કેમ શીખવવાં ।પણ ભાષા કેમ શીખવવી ` ‑ શિક્ષિકા માટે ` ક મહાન મુંઝ‑વ‑ વિ૫ । થઈ પડ૨ હ૮. ` ટલું । બસ નહો૮ . વસ્તુ˘ નામ જે૦ કોઈ ચી । છ, અથવા ૮ વિચા। જે૦ ` ક વસ્તુ છ જે‑ અદ્દલો ‑‑ થઈ શક, । પ્રાથમિ। ખ્યા। તે ˘ કે૦ રીત ।પવો!

હે.‑ દુનિયા માત્ર સ્પર્શ‑ હ૮ . ` ‑ શિક્ષિકા બહુ‑ ૮ ` ‑ ` ક હાથ‑ કાંઈ વસ્તુ ।પી બીજ હાથ‑ હથેળ‑ ` વસ્તુ‑ નામ લખ૮. પણ વસ્તુ અને ` નામ‑ અક્ષ। વચ્ચે કાંઈ સંબંધ છ ` ખ્યા । હે. ˘ કોણ ।પે? ` ‑ અંધારા શબ્દ જીવ‑ ‑ શરી। ˘ આકસ્મિ। રીત થ૨ કરે૮ અનેક ની।‑ સ્પર્શન જે૦। ` સ્પર્શ તે ˘ લાગ૮. શિક્ષણ શા‑ ` ˘ કોઈ તર‑કી ન હતી જે ી । પ્રાથમિ । ખ્યા। ।પ‑‑ કામ સાધ્ય થાય.

પણ ૧ દિવસ હે. નળ નીચે નાહી રહ હ૮, ` વખતે તે‑ શિક્ષિકા ` ‑ હથેળ ` નળ નીચે રાખી અને સાથે‑ water ` શબ્દ ` ‑ હથેળ પર લખ૨ . ` કા‑ પ્રેરણા‑ કાઈ પ્રબળ આંચકા ી હે.‑ બુદ્ધિ‑ કમાડ ખુલી ગ૨ . હાથ પર પડી રહેલ પાણી અને લખાઈ રહલ અક્ષ, ` એ વસ્તુ વચ્ચે કાંઈક સંબંધ છ ` ખ્યા તે˘ ।વી ગ૨. ` વખ,‑ ` ‑ ભઅવન તે વર્ણન કર છ ત્યારે જાણે ।પ૯‑ લાગ કે અવા। અને પ્રકાશ‑ જે દુનિયા‑ ।પ૯ જીવન જીવી રહ્યા છી ` પ૯ ` ક જીવવા અને જેવા જે૦ ચા। છ.

` પછી ` ૯ ।નંદ‑ [રેક‑ ।૦ જઈ ૨૮‑ શિક્ષિકા‑ હાથ‑ ` અક્ષ। લખી બતાવ૨. અને પછી જ્યારે‑ પાણ‑ જરૂ। હોય ત્યારે‑ તે સંજ્ઞા‑ ઉપયોગ કરે૮. બસ ।મ ` ક શબ્દ આવડ‑ સાથે વસ્તુ‑ ` ક ગુણ‑ધ‑‑ તે˘ વિરાટ દર્શન થઈ ગ૨. અને ` ક‑ વસ્તુઓ પછી ક્રિયાઓ વગેરે‑ નામ તે જાણ૦ માંડ. હે.‑ વ્યક્તિત્વ‑ ` પછી જે અદ્દભુ। વિકા। થ૨ ` બધા વિકા।‑ શરૂ‑ । ` ક પ્રેરણા‑ । હ૮.

(ચાલુ) **હરિકૃષ્ણ વ્યાસ**

નવાં પુસ્તકો

ચેટકોચી અને બીજી વાતો: લેખક‑સુમંતકુમાર શેઠ, પ્રકાશક‑અમર કાર્યાલય, ટંકશાળ અમદાવાદ, ૧‑૦‑૦; **છાયાદેવી અને બીજી વાતો:** લેખક‑'અવિનાશ', પ્રકાશક‑પ્રગતિ સાહિત્ય મંદિર, રાજકોટ, ૧‑૮‑૦; **બિન્દુ:** લેખક‑શ્રી શરચ્ચંદ્ર ચટ્ટોપાધ્યાય, પ્રકાશક‑જીવનલાલ ઍન્ડ સન્સ, અમદાવાદ અને મુંબાઇ‑૨, ૦‑૮‑૦; **જતિ** (ગોલ્ડસ્મિથના 'હર્મિટ'નો અનુવાદ): લેખક‑પ્રકાશક‑ડૉ. એમ.ઓ. સુરૈયા, ઍન્ટિક ચૅમ્બર, ૨૭ ઍપોલો પીઅર મુંબાઇ‑૧, ૨‑૮‑૦; **વિમાની હૂમલો:** લેખક‑અભ્યાસી, પ્રકાશક‑જ્યોતિ કાર્યાલય અમદાવાદ, ૦‑૮‑૦; **મોતીભાઇ અમીન:** લેખક‑રસૂલભાઈ ન. વહોરા, પ્રકાશક‑ચરોતર એજ્યુકેશન સોસાએટી આણંદ, ૦‑૨‑૦.

જળજંગલની જીવસૃષ્ટિનો પરિચય આપતી લેખમાળા

વનવગડાનાં વાસી



પંખીઓમાં વ્યક્તિત્વ હોય?

વ્યક્તિત્વ એટલે સ્વભાવની વિચિત્રતા નહિ: એ રીતે તો પાળેલાં જાનવરોમાં વ્યક્તિગત ખાસિયતો ઘણી નજરે પડે છે. પરંતુ અહીં તો રૂપરંગ કે આકૃતિજન્ય વિષમતા જ અભિપ્રેત છે. જેમ દેહની ઘટના સમાન ધોરણે થએલી હોવા છતાં ભિન્નભિન્ન મુખાકૃતિને લીધે પ્રત્યેક મનુષ્યને આપણે સહેજે ઓળખી શકીએ છીએ અથવા હાથની આંગળીઓનાં ટેરવાં ઉપરની શંખાકૃતિ કે વલયાકાર-ત્વક્ મુદ્રા (**Finger prints**–આંગળાંની છાપ)ના આધારે જગતની અશેષ માનવ વ્યક્તિઓનો (ક્વચિત્ ચહેરા મળતા દેખાય ત્યાં પણ) પરસ્પર ભેદ કરી શકાય છે, તે જ પ્રમાણે મનુષ્યેતર પ્રાણીઓમાં–સવિશેષ પંખીઓમાં–આવું કોઈ ભેદક તત્ત્વ હોય છે ખરું?

'આ પશુ', 'આ પંખી', 'આ જીવાત', 'આ સરિસૃપ'—પ્રાણી પ્રાણી વચ્ચેનો આવો વંશવિભેદ પ્રાણિવંશવિશારદોએ, ક્વચિત્ બાહ્ય રૂપરંગના આધારે તથા મુખ્યત્વે શરીરાન્તર્ગત વ્યાપારો, હાડકાંની રચના તથા સ્નાયુસંકલનાની વિશિષ્ટતાનું આલંબન કરીને નિશ્ચિત કર્યો છે. વળી પતંગીઆંની પાંખોમાંના નસોતરનાં જાળાં, સાપનાં માથાં કે માછલીનાં શરીર ઉપરનાં ભીંગડાં, વગેરે અનેકવિધ સાધનો વડે, તે તે વંશાન્તર્ગત ભિન્ન ભિન્ન કોટિઓ કે જાતિઓ પણ નક્કી કરેલી છે. પરંતુ, માનવ વંશનો પૂર્વજ ગણાતો મર્કટવંશ બાજુએ રાખીએ તો આ જાતિઓમાંના કોઈ પણ એક ગોત્રમાંની વ્યક્તિઓને જુદીજુદી ઓળખવાનું પ્રત્યેક વ્યક્તિગત વિશિષ્ટ લક્ષણ હજુ અનુભવમાં આવ્યું નથી, એવું તદ્વિદો કહે છે. આ સંબંધમાં અન્ય પ્રાણીઓની વાત બાજુ રાખીને આપણે કેવળ પંખીઓ જ લઈએ તો ત્યાં પણ આવું જ છે. ચાંચ, મોં, માથું, પગ, પાંખો, પૂંછડી, બધાંમાં એક જ જાતિનાં તમામ પંખીઓની અંગરચના એક જ સરખી, એક જ માપની, એક જ ગણતરીનાં

હૂપો અથવા હૂડહૂડ

પીંછાવાળી હોય છે. રંગનું પણ એવું જ. એકનું માથું પીળું તો એનાં તમામ નાતીલાંનાં માથાં પીળાં. એકની પાંખો કાળી તો એનાં બધાં ય જાતીલાં કાળી પાંખોવાળાં. આવું જ પગનું, પેટનું, પૂંછડીનું.

પણ આમાં એક અપવાદ છે. આ અપવાદ તે **Hoopoe**; 'હૂપો'. એ એક જ પક્ષિકોટિ એવી છે કે જેમાં 'નાથો પેથાથી જુદો', એવો પંખીપંખી વચ્ચેનો વ્યક્તિભેદ કરી શકાય છે. આ ભેદક તત્ત્વ તે એમનાં અનેકરંગી પીંછાંથી શરીર પર નીપજતી ભાત.

'હૂપો'નો સમગ્ર વર્ણ આછો રતુમડો કે મેલો ગુલાબી (એટલે કે ગોરાડુ માટી જેવો) છે. એ વર્ણની એકરૂપતાનો ભંગ કરતી, આંખને રૂચે એવી, એ પંખીના શરીર પર વચ્ચે વચ્ચે કાળી રેખાઓ કે પટાપટીઓ હોય છે. આવી ભાત તો અન્ય પણ કેટલીક જાતનાં પંખીઓમાં જોવામાં આવે છે; પરંતુ તે તે જાતનાં બધાં પંખીઓની ભાત એક જ પ્રકારની હોય છે, ત્યારે હૂપોમાં પ્રત્યેક પંખીનું શરીર અનન્યસાધારણ વિશિષ્ટ ભાતથી અલંકૃત હોય છે.

આ કથન શાસ્ત્રાધારે. પ્રત્યક્ષ પ્રમાણમાં તો, શિકારી મનોવૃત્તિનો મારામાં અભાવ છે એટલે હજારો હૂપોનો સંહાર કરીને મેં આ વાત નાણી જોઇ નથી પરંતુ વગડામાં રખડતાં પંખીઓની અત્યંત સમીપ જઈ દૂરબીન વડે નિરીક્ષણ કરીને અને બંધનાવસ્થા ભોગવતાં પચીસ પચાસ પંખીઓને હાથમાં લઈ અવલોકવાથી, હું આ

અદ્ભુત સત્યની સાક્ષી પૂરવાની હિંમત કરી શકું છું. અદ્ભુત એટલા માટે કે માત્ર એ જ રંગનો આશ્રય લઇને પ્રત્યેક હૂપોનું શરીર જૂજવી ભાતથી શણગારવામાં નિસર્ગનો કેટલો લોકોત્તર શક્તિપરિચય આપણને થાય છે!

વિચાર કરો. એ પંખીનું આખું શરીર એક જ (ગુલાબી) રંગે રંગાએલું છે. એમાં ભાત પડે છે કાળા પટાને લીધે. આ પટા એટલે પ્રત્યેક પીંછામાંનો કાળો ભાગ, એની નિકટનાં પીછાંમાંના કાળા ભાગ સાથે ભળી જવાથી ઊપજતી આકૃતિવિશેષ. આવી ભાત પાડનારાં પીંછાં થોડા ભાગમાં રતુમડાં, કહીંક કાળાં ને કહીંક ધોળાં હોય છે. પ્રત્યેક પીંછું ઊગે છે અલગ અલગ, છતાં કોઇ નિગૂઢ નિયમને વશવર્તી, એની આસપાસનાં પીંછાંના સહકારથી, એ ચોક્કસ ભાત પાડવાને શક્તિમાન બને છે અને એ ભાત પણ પ્રત્યેક દેશના પ્રત્યેક હૂપોની જુદીજુદી! કેવી અલૌકિક રચના!

છતાં આ વાત માનવાનાં મારો અનુભવ કે શાસ્ત્રાધાર અધૂરો, અપ્રમાણ લાગે તો ય હરકત નહિ. એ બહાને પણ હૂપો જેવા સુન્દર પંખીનો પરિચય કરવામાં ગેરલાભ તો નથી જ થવાનો.

જગતભરમાં હૂપોની માત્ર પાંચ જ કોટિઓ જોવામાં આવે છે. એમાંની એક[1] જ ભારતવર્ષમાં સ્થાયી નિવાસી છે. ગુજરાતમાં પણ એ પ્રત્યેક સ્થળે નજરે પડે છે. એ આપણું અત્યંત સામાન્ય વનવાસી ગણાય, છતાં નવાઇની વાત છે કે આપણી ભાષામાં એનો નામવાચક કોઇ જ શબ્દ નથી! ઉત્તર ભારતમાં એ 'हुडहुड' કે 'हुदहुद' નામે ઓળખાય છે, એ એની બોલી ઉપરથી. એ બોલીની શબ્દાનુકૃતિરૂપ જ એનું અંગ્રેજી **'Hoopoe'** અને યુરોપની અન્ય ભાષાઓનાં **'poopoo', 'put-put', 'bub-bul-a', 'poupa'** વગેરે નામ પડ્યાં છે.

હૂપોની વંશાનુપૂર્વી જોઇએ તો, એની સુકોમલ ચાંચને લીધે એ શક્કરખોરાનું સગું ગણાય,[2] જ્યારે શરીરરચનાના હિસાબે તો એનો ગોત્રસંબંધ[3] ચાષ, નીલકંઠ, કલકલિયા અને ચિલોત્રાની સાથે છે. છતાં દેખાવે એમાંના કોઈની સાથે એ મળતું આવતું નથી. ગામ બહાર, વગડામાં હમેશાં જમીન પર ધૂળમાં રમતું ફરતું, કાળાધોળા ચટાપટાવાળી રતુમડી કાયા અને નીચે એ પાતળી ચાંચવાળું કાબર જેવડું પંખી દેખાય તો તે 'હુડહુડ' જ. વાડ ઝાડ પર બેસે છે છતાં એનો આહાર હમેશાં જમીન ઉપરથી જ મેળવવાનો હોવાથી, એ મોટે ભાગે જમીન પર જ ભમતું હોય છે. સ્વભાવે વગડાઉ પંખી છે એટલે વસતિમાં નજરે નહિ પડે, છતાં ઘણી વખત મનુષ્યના વસવાટની અત્યંત નિકટ, ગામને ગોંદરે કે વાડીખેતરમાં અને ક્વચિત્ બાગબગીચામાં પણ ફરતું દેખાય છે.

એની ચાંચ મેલી કાળી, આંખો બદામી રંગની અને પગ સીસાના રંગે મેલા કાળાશપડતા હોય છે. શરીરનો રંગ ઘેરો રતુમડો હોય છે અને તેમાં ચટાપટા હોવાને લીધે એ જમીન પરની ધૂળ સાથે ભળી જઇ સહેજે તિરોહિત રહી શકે છે. આત્મસંગોપનના આવા સબળ સાધનને લીધે એ સઘન વૃક્ષરાજી કે ગાઢ જંગલવાળા પ્રદેશો કરતાં, રેતાળ અને સૂકા પ્રદેશમાં વધારે પ્રમાણમાં નજરે પડે છે.

એનો આહાર છે ઝીણીમોટી જીવાત, નાનાં તીડગોલાં વગેરે સુકોમળ જંતુઓ. એ આહારને અનુકૂળ એની ચાંચ લાંબી, પાતળી, નરમ: વચ્ચેથી સહેજ વળેલી: ધૂળમાંથી જીવાત વીણી ખાવા પૂરતી જ ઉપયોગી. આવી વિશિષ્ટ ચાંચને લીધે જ, દશરથિયા પેઠે, એની મોંફાડ અત્યંત વિશાળ હોવા છતાં, એનાથી જીવાત પકડી ખાઇ શકાતી નથી. શિયાળાના દિવસોમાં સવારે કે સાંજે ચંડોળાની આસપાસ જીવાત ઉભરાતી હોય, વાત કરતાં આપણા મોંમાં પેસી જતી હોય, છતાં એ પકડવાનો રજ પણ પ્રયત્ન ન કરતાં શાંત ચિત્તે ધૂળમાંથી જ જીવાત વીણી ખાતાં અનેક હુડહુડ મેં જોયાં છે.

પરંતુ આ પંખીની ખરી શોભા તો એના માથા પરની કલગી: વાસઉઘાડ થઇ શકે એવી. ઉઘાડે ત્યારે જાપાની પંખા પેઠે, ગોળ, પહોળી, સુન્દર. એને લીધે એ અત્યંત ગૌરવવંતું લાગે છે. જ્યારે વાસે છે ત્યારે

---

૧ Indian Hoopoe; Upupa Ceylonensis કે Indica. યુરોપનું હુડહુડ (U. Epops) શીઆળા પૂરતું આપણા ત્યાં આવે છે, પરંતુ એની અને આપણા હુડહુડ વચ્ચે એટલું ગાઢ સામ્ય હોય છે કે છેટેથી યાયાવર પંખીને ઓળખવું અશક્ય છે.

૨ Tenuirostres.

૩ Sub-order Coracii.

માથા ઉપર જાણે બીજી ચાંચ જ ન ઊગી હોય, તેમ પાતળી, અણીદાર, સોયા જેવી ટટાર, ક્વચિત્ પાછળ સહેજ ઝૂકતી, વાંકી. એની આ વિશિષ્ટતાને લીધે ભ્રમમાં પડી ઘણા એને ઘંટીટાંકણીઓ (લક્કડફોડ) પણ કહે છે. વાસ્તવિક રીતે તો લક્કડફોડનું એક પણ લક્ષણ એનામાં નથી. લક્કડફોડની ચાંચ જરઠ, જાડી, કઠોર. ઝાડની છાલ તોડવાને સબળ. હુડહુડનો આહાર જમીન પરથી મેળવવાનો, એટલે એને એવી કઠોર, ખોદવા ટીપવામાં ઉપયોગી ચાંચની જરૂર નહિ.

ઘંટીટાંકણીઓ સાથે ભ્રમ થવાનું અન્ય કારણ છે એનો વિશિષ્ટ 'હુડહુડ' અવાજ; જાણે કોઇ ટીપતું હોય એવો લાગે. પરંતુ આ અવાજ એ ચાંચ પછાડીને કાઢતું નથી પણ અન્ય પંખીઓ પેઠે ગળામાંથી જ કાઢે છે. એની વિશિષ્ટતા એટલી જ કે એ આપણા પગ આગળ બોલતું હોય છતાં, તાંબટ કે કંસારા પેઠે, ડોકને ડાગાજમણી હલાવીને બોલતું હોવાથી, એનો અવાજ છેટેથી આવતો હોય એવો સંદેહ થાય છે.

એની ચાલ અત્યંત મનોહર. એ કૂદતું ઠેકતું નથી, પણ ડગીપગી ભરતું, દડબડ દોડતું ફરતું હોય છે. રંગનો ભપકો નથી, છતાં એની ગંભીર ચાલને લીધે એ અત્યંત આકર્ષક નીવડે છે.

એ ઊડે છે પ્રત્યાઘાતી, તિર્યક ગતિએ. એની પાંખો મોટી હોવા છતાં એ ભારે ઝડપવાળું કે ચપળ પંખી તો ન જ કહેવાય. કારણ, રસ્તા વચ્ચે ચાર પાંચ પંખી છૂટાં છવાયાં[૪] ચણતાં હોય ત્યાં મોટર આવે તો આઘાંપાછાં થતાંથતાંમાં તો એકાદને કચડાઇ જતું મેં અનેક વખત અનુભવ્યું છે.

વસંત અને ગ્રીષ્મ એનો ગર્ભાધાન કાળ. સદૈવ જમીન પર વસનારું છતાં એવે વખતે એ ઝાડના બાકોરાં, ભેખડમાંના દર કે ભીંતનાં કાણાં શોધે છે અને એમાં સાંઠા સાંઠીઓ, પાંદડાં મૂળિયાં કે ઘાસ, અગર વાળ, ઊન વગેરે પાથરીને કે ક્વચિત્ ખુલ્લી જમીન ઉપર પણ પાંચથી આઠ ઈંડાં મૂકે છે.

હુડહુડ સ્વભાવે અત્યંત શાંત, નિરુપદ્રવી અને આનંદી પંખી છે. બોલે ત્યારે એનો સ્વર કર્કશ લાગે ખરો, પણ કૉયલાં જેટલું માથું પકવનાર એ નથી. એટલે એ અણગમતું નથી થઇ પડતું. કાચી, પત્થરની સડકો હતી ત્યારે તો એ અમદાવાદની ચારે દિશાએ રસ્તા વચ્ચે રઝળતાં ડગલે ડગલે દેખાતાં હતાં; પણ ડામરની સડકો થતાં હવે એનાં દર્શન જરા દુર્લભ થઈ પડયાં છે. હવે તો એને અવલોકવા માટે જનપથથી દૂર છેટે અવેડ ખેતર કે ધૂળિયાં મેદાન જ શોધવાં રહ્યાં.

વનેચર

---

૪ એ સમૂહચારી પંખી નથી.

ફોટોગ્રાફી

હરીફાઈનું પરિણામ

પહેલું ઈનામઃ મોકૂફ. બીજું ઈનામઃ 'ઘર તરફ' એસ. એન. છીપા (અમદાવાદ), ત્રીજું ઇનામઃ 'શહીદને ચરણે' રમણિક ન. (માટુંગા). નોંધપાત્ર (ગુણ પ્રમાણે): ૧ હ. વ. જેઠી, ૨ સુરેન્દ્ર ચિનાઈ (અમદાવાદ), ૩ એન. જી. શાહ (મલાડ), ૪ જયંતીલાલ શાહ (નડિયાદ).

'ઘર તરફ' ચિત્રની પસંદગી સારી છે પણ ચિત્રવિસ્તાર બરોબર વિચારાયો નથી. અત્રે બ્લૉકમાં વધારાનો વિસ્તાર દાબીને મુખ્ય વસ્તુ બહાર લાવવા સૂચન કર્યું છે તેથી જણાશે કે ગાડી અને બેલની ગતિ વધારે ધ્યાન ખેંચી શકે છે. અને પાછળ મૂકેલા ઝાડની ડાળીને વેગ આપે છે.

ત્રીજા ઇનામને પાત્ર ઠરેલા ચિત્રમાં ઉલટા બેઠેલા પાત્રો મુખ્ય આકારના પૂરક નથી બનતા અને આપેલા નામને સાર્થક બનાવતાં નથી. માત્ર સમય અને સ્થાનની પસંદગી જ ચિત્રમાં દમ પૂરે છે. સુરેન્દ્ર ચિનાઈનું 'અગરિયો' ચિત્ર વસ્તુ તેમજ પ્રબંધમાં સંપૂર્ણ છે, પણ આકારોને છુટા દર્શાવનારી પ્રકાશયોજના થઈ નથી એટલે ચિત્ર પાછું પડયું છે. એ બની શકયું હોત તો પ્રથમ ઈનામને પાત્ર થાત.

લેન્સ-હૂડનો ઉપયોગ

દરેક કૅમેરા વાપરનાર જાણે છે કે વિષયની પાછળથી કૅમેરાના લેન્સમાં સીધાં પ્રકાશનાં કિરણો આવે તેવા વિષયના ફોટોગ્રાફો લેતાં લેન્સ આગળ એક નાનકડું ઢાંકણ કે ટોપી (જેને અંગ્રેજીમાં લેન્સ હૂડ કહે છે તે) વપરાય છે. તેનાં ઉપયોગથી લેન્સમાં દાખલ થતાં જોરદાર કિરણો ગમે ત્યાં પ્રસરી ફિલ્મમાં 'ફૅગ'—ધાબું ઉપજાવતા નથી અને દૃશ્ય સ્વચ્છ દેખાય છે. મકાનની અંદર પણ એનાં જ સામા પ્રકાશનાં ચિત્રો (against light pictures) પાડતી વેળા હૂડ એક આવશ્યક સાધન છે. **બલવન્ત ભટ્ટ**

બાળવિભાગ

પંચતંત્રની વાર્તાઓ


ટીટોડી કહે, 'જો સમુદ્ર હારે વિગ્રહ કરવો હોય તો બીજા પક્ષીઓને બોલાવીને મિત્રોને ભેળા લ્યો. બહુ નબળાનો સમવાય થાય તો તે દુર્જય બને છે; તરણાં ગૂંથીને રાંઢવું કરિએ તો એનાથી હાથી પણ બંધાય છે. તથા

ચકલી કાઠકૂટો ને માખી તેમ જ દેડકો ।
મહાજનવિરોધેથી કરી મરણ પામિઓ ॥૩૧૨॥

તે બોલ્યો, 'એ કેમ?' ટીટોડી કહે:

કથા ૧૯

તમાલના ઝાડ ઉપર ચકલોચકલી રહેતાં હતાં. કાળ જાતાં એને સંતતિ થઈ. એક દિવસ એક મદોન્મત્ત હાથી ગર્મીથી ત્રાસીને તમાલના છાયામાં આવ્યો, અને ચકલાંના માળાવાળી ડાળી શુંડથી ખેંચીને ભાંગી નાખી. આથી ચકલાંનાં ઈંડાં બધાંય ભાંગી ગયાં ને ચકલોચકલી માંડ બચ્યાં. ચકલી વિલાપ કરવા મંડી તે સાંભળીને તેનો પરમ મિત્ર કાઠકૂટ નામે પક્ષી તેને દુઃખે દુઃખી થઈને આવ્યો ને કહ્યું, 'ભગવતિ, વૃથા વિલાપ શું કરવો, ને એકમાંથી બે અનર્થ શું સેવવા?' ચકલી કહે, 'કાઠકૂટ, ઠીક છે. પણ દુષ્ટ હસ્તીએ મારાં સંતાનોનો ક્ષય કર્યો છે, એટલે તું સાચો સુહૃદ્ હો તો હાથીનો વધ કરવાનો ઉપાય વિચાર, જે કરીને હું મારૂં દુઃખ હળવું કરું.' કાઠકૂટ બોલ્યો, 'ચટકાબાઈ, સાચું કહ્યું. આપત્તિમાં કામ આવે એ જ મિત્ર; એટલે મારું બુદ્ધિબળ જો. પણ મારી મિત્ર વીણારવા નામે માખી છે, એને મળીને આવું પછી દુરાત્મા હાથીને મારવાનો વિચાર કરિએ.' ચકલી ને કાઠકૂટ માખી આગળ ગયાં ને વાત કરી તો માખી કહે, 'મારો મિત્ર મેઘનાદ નામે દેડકો છે, એને મોઢે થઈને યથોચિત્ કરીએ.' એટલે ત્રણે જણ મેઘનાદ આગળ ગયાં ને બધો વૃત્તાન્ત એને કહ્યો. એ બોલ્યો:



દેડકાંઓના અવાજથી પાણીની આશાએ તે તરફ જતાં હાથી ખાડમાં પડી મરી ગયો

'મહાજન કોપે ત્યાં એ હાથીનું શું ગજું? એટલે મારા મંત્ર પ્રમાણે કરવું. મક્ષિકાબાઇ, તારે મધ્યાહ્ન સમયે જઈને ઉદ્ધત હાથીના કાનમાં વીણારવ જેવો શબ્દ કરવો, એટલે શ્રવણસુખ ભોગવતો તે આંખ બંધ કરે. પછી કાષ્ઠકૂટ એને આંખ ફોડીને આંધળો કરે. અને તરષ લાગે ત્યારે ખાડને કાંઠે મારો તથા મારા પરિજનનો સાદ સાંભળી એને જલાશય જાણીને આવે, એવો જ ખાડમાં પડીને પંચત્વ પામે. આમ સમવાય કરવો એટલે વેરસાધન થઈ જાય.' આમ કર્યું એટલે મોટી ખાડમાં પડીને હાથી મરી ગયો.

એટલે કહું છું: 'ચકલી કાષ્ઠકૂટો ને' ઇત્યાદિ.

(ચાલુ) વાલજી ગોવિન્દજી દેસાઇ

Our Friends Abroad

યુરોપની લડાઇના મામલાથી તેમજ સાગરપ્રવાસનાં વધી પડેલાં જોખમોથી પરદેશની ટપાલનો વ્યવહાર અસ્તવ્યસ્ત છે, એટલે આ વિભાગમાં પહેલાંના જેટલી ભરતી નહિ હોવાથી હમણાં તેનો વિકાસ અશક્ય બન્યો છે. જે કંઈ છૂટાછવાયા પત્રો અમને મળ્યા છે અને મળશે તે અનુકૂળતા પ્રમાણે પ્રકટ કરતા રહીશું. દરમિયાન જેમની પાસે આ વિભાગને સમૃદ્ધ કરવા જેવું પત્રસાહિત્ય હોય તે મોકલી બીજા વાચકોને લાભ આપે એવું ઇચ્છીએ છીએ.

ડેનમાર્કની પત્રડીરેક્ટરીનું લિસ્ટ હજુ થતું જાય છે.

પરદેશના પત્રો:

Ratikantbabu Jobanputra

P. Box 571. MOMBASA (E. Africa)

ઉમર વર્ષ ૧૬, હાઈસ્કૂલમાં છે. પત્રસંબંધ, ટિકીટ-સંચય અને ફોટોગ્રાફનો સંગ્રહ એ તેના શોખના વિષયો છે, તેમજ રમતગમતમાં રસ ધરાવે છે.

નટવરલાલ હિમતલાલ વ્યાસ, દીવ.

એમના પર જૅનેટ હેસ્કેલનો પત્ર આવેલો, તે નીચે મુજબ પ્રગટ કરવા મોકલે છે:

'તમે પત્ર લખ્યો અને ટિકીટો મોકલી તે માટે આભાર. પોર્ચુગીઝ હિંદની ટિકીટો મારી પાસે એકે નહોતી. મારું વય તમારા જેટલું જ છે. હું કળા અને પત્રલેખનને મારા જીવનના વ્યવસાય બનાવવા ધારું છું. મને આશા છે કે મને અને મારાથી એક વર્ષે નાના ભાઈને યુનિવર્સિટીમાં ભણવા જેટલા પૈસા મારાં માબાપ ખર્ચશે.

૧૬ વર્ષ સુધી અમારા દેશમાં દરેકને કોઇને કોઇ શાળામાં ફરજિયાત ભણવું પડે છે. અમારા દેશમાં હજારો વગર ફીની શાળા ચાલે છે. પેન્સિલ, કાગળ અને ચોપડીઓ પણ સાથે મફત મળે છે.

હિંદ વિષે અને મહાત્મા ગાંધી વિષે અમે વાંચીએ છીએ, ચિત્રો પણ જોઈએ છીએ. તરુણોને શિક્ષણ આપવાનું કામ ઉપાડી તમે જગતસુધારણામાં સહાય કરી રહ્યા છો. અહીં પણ હિંદમાંથી ઘણા વિદ્યાર્થીઓ ભણવા આવે છે. અમારે ત્યાં કન્યાઓ છોકરાઓ જેટલી જ કેળવણી પામે છે અને મોટી જગ્યાઓ મેળવી શકે છે. લગભગ ૨૦ કે ૨૫ વર્ષ લગી તેમનાં લગ્ન થતાં સુધી તેમની ઘણી સંભાળ લેવામાં આવે છે અને તેઓ નિષ્પાપ રહે છે. સીનેમાનાં ચિત્રો જોઈને અમારી જીવનપ્રણાલીની કલ્પના ન કરતા. અમારા ઘરમાં કોઈ દારૂ પીતું નથી કે સીગાર પીતું નથી. હું તમને એક બીજા મિત્રનું સરનામું આપું છું તેને પોતાને કેમિસ્ટ્રીનો શોખ છે. યુનિવર્સિટી માટે ખર્ચ કરી શકે એવું તેનું ઘર નથી એટલે દિવસે કામે જાય છે અને રાત્રિ-શાળામાં ભણે છે. કેમિસ્ટ્રી વિષે તે સરસ પત્રો લખશે. તેનું સરનામું આ રહ્યું:

Cyril Poop 265 Upland Road,
North CAMBRIDGE Mass. U.S.A.

અમારી ઉનાળાની રજા ચાર મહિનાની હતી. હવે પાનખર આવે છે. ઝાડ પરથી પાન ખરી જાય છે. નવેમ્બર સુધીમાં ભૂરૂં આકાશ વધુ ભૂખરૂં બનતું જાય છે અને ડિસેમ્બરમાં પૃથ્વી બરફથી છવાઈ રહે છે. હું અને ભાઈ બેઉ સ્કેટિંગ અને સ્કી ખેલીએ છીએ. આખો શિયાળો ઘણા કલાકો સુધી અમે વાંચવાંચ કરીએ છીએ—ઠેઠ જૂન સુધી. મોટરથી બોસ્ટન ૩૦ મિનિટ પર છે. અમારી મોટરો જમીન તળેના માર્ગે શાળાએ પહોંચાડે છે.

તમારે ત્યાંની કન્યાઓ માટે મને ઘણું લાગી આવે છે. શરીર સગવડથી આનંદ મળતો જ નથી. અહીં દરેક ઘરમાં એક બે બાળકો હોય છે. ઘણે ઠેકાણે હોતાં જ નથી. કેળવણી આપી શકાય અને મોટાં કરી શકાય તે કરતાં વધારે છોકરાં હોય તે સારૂં નહિ. અહીં કોઇ ઝાઝાં છોકરાં ઈચ્છે નહિ. કપડાં અને સારી તાલીમ પાછળ બહુ ખર્ચ થાય છે, પણ દરેક પર ખૂબ ધ્યાન અપાય છે અને સુંદર સુઘડ નારી બની શકે છે. હું તમારો મુલક જોવા ઈંતેજાર છું.

ભાવપૂર્વક
જૅનેટ હેસ્કલ'

આ મહિનો (ડીસેમ્બર) . . . અને એની પ્રતિભા

તા. ૭ મહીસુરના સિંહ હૈદરઅલીનું ચિતુરની છાવણીમાં અવસાન થયું—ઈ. ૧૭૮૨. પણ એ ખબર સાંભળી અંગ્રેજો કંઈ નવાજૂની ન કરે તે માટે ટીપુએ મલબારથી આવી લશ્કરનો કબજો લીધો ત્યાં સુધી હૈદરના પ્રધાન પૂર્ણૈયાએ એ ખબર છુપાવી રાખ્યા.

તા. ૧૦ મુગલકાલીન ઇતિહાસના સમર્થ સંશોધક શ્રી જદુનાથ સરકારનો જન્મ—ઇ. ૧૮૭૦ * * આઠમા એડવર્ડનો ગાદીત્યાગ—ઇ. ૧૯૩૬

તા. ૧૧ ઇટલીએ લીગ ઑવ નૅશન્સથી છૂટાછેડા કર્યા—ઈ. ૧૯૩૭

તા. ૧૪ છત્રપતિ શાહુનું અવસાન—ઈ. ૧૭૪૯

તા. ૧૬ ચીનના કાનસુ પ્રાંતમાં થએલો તવારીખમાંનો ભયંકર ધરતીકંપ—ઈ. ૧૯૨૦. વીસ લાખ જિંદગીઓનો ભોગ લેનાર એ ધરતીકંપે દુનિયાના બીજા બધા ધરતીકંપો કરતાં જાનમાલની વધુમાં વધુ ખુવારી કરેલી છે.

તા. ૧૮ લાહોરના ડૅ. પોલીસ સુપરીં૦ મિ. સૉન્ડર્સનું ખૂન—ઈ. ૧૯૨૯

તા. ૨૪ હિંદ પરના ફિરંગી આક્રમક વાસ્કો ડા ગામાનું કોચીન મુકામે અવસાન—ઈ.૧૫૨૪.એનું શબ અહીંથી પોર્ટુગાલ લઈ જવામાં આવેલું.

તા. ૨૬ મુગલ શહેનશાહ બાબરનું ૪૮ વર્ષની વયે આગ્રા મુકામે અવસાન અને તેના ૨૨ વર્ષના પુત્ર હુમાયૂનું રાજ્યારોહણ—ઈ. ૧૫૩૦

તા. ૨૯ ઈસ્ટ ઈંડીઆ કંપનીના નોકર તરીકે વૉરન હેસ્ટિંગ્સ હિંદને કિનારે ઊતર્યો—ઇ. ૧૭૫૦ * * 'આયરિશ ફ્રીસ્ટેટ'નો અંત આવી આયર્લૅંડ 'આયર' તરીકે નવજન્મ પામ્યું—ઈ. ૧૯૩૭

તા. ૩૧ ઈંગ્લંડની રાણી એલિઝાબેથે 'ગવર્નર ઍન્ડ કંપની ઑવ મર્ચૅન્ટ્સ ઑવ લંડન, ટ્રેડિંગ ટુ ઈસ્ટ ઈંડીઝ'ની કૉર્પોરેશનને પંદર વર્ષ માટે વેપારનો ચાર્ટર આપ્યો—ઈ. ૧૬૦૦



આ માસની વિભૂતિ
દુર્ગારામ મહેતાજી

ઈ. ૧૮૦૯ના ડીસેમ્બરની ૨૫મીએ સૂરતમાં જકાતી ખાતામાં કામ કરતા વડનગરા નાગર બ્રાહ્મણ મંછારામ દવેને ત્યાં જન્મ. આઠ વર્ષની વયે બધા આંક ને લખતાંવાંચતાં આવડી ગયું. અગિયારમે વર્ષે માતા નાનીગવરીનું અવસાન થતાં તે ગોવિંદરામ જીવણરામની પેઢીએ નોકરી રહ્યા.

પરંતુ એમનું ઉમંગી ને સાહસિક મન ગુમાસ્તાગીરી પરથી થોડા વખતમાં ઊઠી ગયું ને તે પોતાની વિધવા માશી રેવાકુંવર સાથે ઇ. ૧૮૨૫માં મુંબાઇ જઈ ત્યાં શાળામાં દાખલ થઈ ગયા. ત્યાં બાળકૃષ્ણ શાસ્ત્રીની અસરથી એમના મનમાં સુધારાનાં બી વવાયાં. એ વર્ષે જ પિતાનું અવસાન થતાં માત્ર માશીનું જ વાલીપણું રહ્યું.

દુર્ગારામના દોઢેક વરસના અભ્યાસ પછી ત્યાંના ઉપરીએ એમને 'શિક્ષકપદ માટે લાયક ઠરાવી રૂ.૨૦)ના પગારે મહેતાજી નીમી સૂરત મોકલ્યા ને આ રીતે મુંબાઈનાં સુધારાંના બી ગુજરાતની ભૂમિ પર ઊતર્યાં.

ઈ. ૧૮૩૦માં સૂરતની પહેલા નંબરની નિશાળમાં સ્થાયી થતાં જ એમણે વિધવા પુનર્લગ્નની હિમાયતરૂપે સુધારાનો પહેલો અવાજ કઢાવ્યો. ફિટકાર કે હાંસીની પરવા કર્યા વગર ચકલે ચકલે ને મહોલ્લે મહોલ્લે એ બોધ આપવા લાગ્યા. પરંતુ એમની પ્રથમ પત્ની ગુજરી જતાં, મયુરી નામની એક ડુંગરસ્ત્રી વિધવા એમને પરણવા તૈયાર થઈ છતાં, નાતબહાર મુકાવાના ભયે દુર્ગારામ તેની જોડે ન પરણ્યા અને ઇ. ૧૮૪૩માં અભેગવરી નામની પોતાની નાતની જ એક કન્યા સાથે એમણે બીજી વારનાં લગ્ન કર્યાં. અને, નવલરામના કહેવા પ્રમાણે, એ કન્યાના પક્ષમાં પોતાની જીભની સ્વતંત્રતા આપી દીધી. જો પરણીને નાતબહાર મુકાયા હોત, તો મહીપતરામના કથન અનુસાર 'એ વિશાળ બુદ્ધિનો ઉત્સાહી નર ભરતખંડનો કોઇ મોટો આચાર્ય કે યુરોપના લ્યૂથર જેવો થાત.'

વિધવાવિવાહની હિમાયત છોડ્યા પછી એમણે બીજી દિશામાં ધ્યાન દોડાવ્યું. 'માનવધર્મસભા' સ્થાપી ધાર્મિક વહેમોનું એમણે છડેચોક ખંડન કરવા માંડ્યું. એમણે પોતાના ચાર સાથીઓ સાથે મળીને—'સૂરતના પાંચ દદ્દા' તરીકે ઓળખાતા એ દુર્ગારામ, દાદોબા, દલપતરામ, દિનમણિશંકર અને દામોદરદાસ એમ પાંચ જણે—સૂરતમાં પુસ્તકપ્રસારક મંડળી કાઢી, છાપખાનું આણી પુસ્તકો છાપવાં શરૂ કર્યાં. ગુજરાતમાં પહેલું છાપખાનું એ જ.

'લાકડાં માંહોમાંહે ઘસાવાથી અગ્નિ પેદા થાય છે તેમ માણસો માંહોમાંહે સાચો વિચાર કરે તો જ્ઞાનરૂપી ફળ પેદા થાય' એ આશયે એમણે 'માનવધર્મસભા' સ્થાપેલી. અનેકાનેક વિષયો પર બોધ આપી, પરલોકમાં નહિ પણ આ પૃથ્વી પર જ જીવતે છતે, થોડે શ્રમે મુક્તિ મેળવી આપવાનું કાર્ય એમણે માથે લીધેલું. એમણે ફેલાવેલી ક્રાન્તિની સવિસ્તર નોંધ લેવાનું આ સ્થળ નથી. પાશ્ચાત્ય વિચારક્રાન્તિના જનકો પર વારી જતા આપણા જુવાનો, ગ્રીન સાહેબે જેને 'હિંદુ લ્યૂથર' કહ્યા છે એવા આ દુર્ગારામ મહેતાજી જેવાં નરરત્નો ખંખોળવા ઘરઆંગણું ઝાંખતા થાય તો બસ છે.



મધુકરી

ફૂલને

અશોક હર્ષ

તું સૃષ્ટિનું સઘન સત્ત્વ પરાગ ફોર્યું,
તું તો અહો, સુમન! રત્ન વસુંધરાનું
માધુર્યથી સભર, સુંદર ને ઉદાર,
તું દેવદૂત જગતે અવતાર પામ્યો
ફોરાવતો સકલ સત્ત્વ વિલીન થાતાં.
રે મર્ત્ય છો નહિ તું મોત થકી જીતાય;
ને હું જીતાઉં કદિ તો નહિ ખિન્ન થાતાં
મારે ચડી હૃદય ભાઇ! તું સાથ થાજે.

ગાંધીજીના ભાઇ: ઈમામ સાહેબ

ઈમામસાહેબને તો હું આશ્રમમાં આવ્યો ત્યારથી જ ઓળખું. ઈમામસાહેબનું પ્રથમ આકર્ષણ કંઇક પ્રાંતિક ભાવને લીધે થયું હોય તો નવાઈ નથી. કારણ તેમના દાદા મહારાષ્ટ્રીય હતા. પણ આશ્રમમાં સારા આવ્યા પછી થોડા જ દિવસમાં પોતાના વ્યક્તિત્વથી એમણે મારો આદર મેળવ્યો. એમના સ્વભાવમાં ખાસ ગુણ એ હતો કે તેમનાથી અન્યાય જરા સરખો સહન ન થઈ શકતો. પરંતુ જો તમે તેમની પાસે સાચી વાત કહી દો તો પછી બધી વસ્તુ એક ક્ષણમાં ભૂલી જાય.

ઈમામસાહેબ બહુ ભણેલા નહોતા પણ તેમની સલાહ લેવામાં આવતી ત્યારે એવી સલાહ આપતા કે ભણેલાઓ પણ તેમની કદર કરતા. વિદ્યાપીઠ ચલાવવામાં મને કોક વખત મુંઝવણ ઊભી થતી ત્યારે ઇમામસાહેબની સલાહ મેં લીધી છે અને માન્ય રાખી છે. વિદ્યાપીઠ તો ભણેલાઓની સંસ્થા છે છતાં ભણેલાઓને ઘણી ચર્ચાને અંતે એમ અનુભવમાં આવતું કે અન્તે ઈમામસાહેબે જે સૂચવ્યું છે તે જ સારૂં હતું.

એમના પિતાશ્રી મુંબઈની એક પ્રખ્યાત મસીદના ઇમામ હતા. ઇમામસાહેબને નાનપણમાં જ એમ જણાયું કે પિતાના પ્રેમમાં પોતે દબાઇ જાય છે. આથી માબાપની રજા વગર પરદેશ ચાલ્યા ગયા. તેમના પિતાશ્રીએ તેમને પરદેશ કાગળ લખ્યા કે મદદ મોકલું, અને ભલામણચિઠ્ઠીઓ પણ મોકલી પણ તેમણે એ ભલામણચિઠ્ઠીઓનો પણ ઉપયોગ ન કર્યો. તેમની એ ટેક કે હું પરદેશમાં પણ મારી મેળે રસ્તો કાઢીશ.

એમની કમાણી પરદેશમાં ખૂબ થીકતી હતી સાથે તેઓ પૈસા વાપરવામાં શોખીનહતા. એમના મનમાં એ પણ વિચાર રહ્યા કરતો કે ગોરાઓના મુલકમાં આપણી ઇજ્જત સાચવવી હોય તો રસિયો સ્વભાવ રાખવો જોઇએ. ગોરાઓ પોતાની કોમની ઈજ્જત ખાતર પાણીની માફક પૈસા ખરચે છે તો આપણે શા માટે આપણી કોમની ઇજ્જતને ખાતર પૈસા ન ખરચીએ!

સાબરમતી જેલમાં અમે સાથે બેસીને ખૂબ વાતો કરતા. અમે સાથે ઊઠતા, બેસતા, ખાતા, સૂતા. તે વખતે તેઓએ પોતાના જીવનની અનેક વાતો અને અનુભવો કહેલા છે. જેલમાં મેં તેમને તે વખતે પૂછ્યું હતું કે ગાંધીજી વિષે તમારા મનમાં સદ્ભાવ કયારથી જાગ્યો? તેમણે કહ્યું કે 'અમે આફ્રિકામાં સહુથી પહેલે વેપાર માટે ગયા હતા. તે વખતે ત્યાં લગભગ બધા વેપારીઓ મુસલમાનો હતા અને તેથી એશિયાટિક કાયદાથી મુસલમાન ભાઇઓને ઘણું નુકસાન ખમવું પડતું. ગાંધીજી આફ્રિકા આવ્યા અને મેં જોયું કે ગાંધીજી હિન્દુ હોવા છતાં મુસલમાનોનો ભેદ રાખતા નથી. એમણે જોયું કે આ કાયદાથી પોતાના આ ભાઇઓ તારાજ થાય છે અને એમાં આબરૂનો સવાલ છે. એટલે તરત એઓ અમારી વ્હારે ધાયા. ગાંધીજીને આ રીતે ઓળખી લીધા પછી થયું કે એ આપણા ભાઈ જેવા છે એમની પડખે રહીએ નહિ તો ન ચાલે.'

આમ સમજીને ઈમામસાહેબ ગાંધીજી સાથે જોડાયા. ગાંધીજી તો માણસોના મોટા શિકારી. પરંતુ ભગવાન જેમ ભક્તની કસોટી કરે તેમ ગાંધીજી પણ બરોબર કસોટી કર્યા પછી જ મૂડે. ઇમામસાહેબનો બધો વેપાર લડતમાં સાફ થઈ ગયો. લડતને અંગે પોતે જેલમાં ગયા. ત્યાં અનેક



અગવડો વેઠી. જેલમાંથી આવ્યા પછી મનમાં થયું કે હવે ધંધો કેવો? દેશની સેવા સિવાય બીજો ધંધો શાનો હોય.

ગાંધીજીની સાથે રહ્યા તે દરમ્યાન તેમણે અનેક કામો કર્યાં. કોમી ઝગડાઓમાં પણ બહાદુરીનો પરિચય કરાવવાના અનેક પ્રસંગો તેમને મળ્યા છે. મુસલમાનો ઉશ્કેરાએલા હોય ત્યારે તો ખાસ સભામાં જાય અને પોતાને કહેવાનું હોય તે નીડરતાથી કહે. ડરના માર્યા ન બોલે એવું ન બને એમનું પાક હૃદય અને એમની નિખાલસતા એમની બોલવાની શક્તિથી સહુ સમજી જતા. આફ્રિકામાં કામ કર્યાં પછી, ગાંધીજીએ હિન્દુસ્તાન આવી આશ્રમ સ્થાપ્યો ત્યારે તે આશ્રમમાં આવીને રહ્યા. હું પણ આવ્યો પરંતુ પ્રથમ મને ખબર નહિ કે ઈમામસાહેબ કોણ છે. હું આશ્રમની નિશાળ ચલાવતો. એક વખત તેમની છોકરી આવીને કહે કે મને નિશાળમાં દાખલ કરો. મેં ના પાડી કે મહેમાનની છોકરીને હું નિશાળમાં નહિ લઉં. બે દિવસ બેસે અને પછી ચાલી જાય; ઈમામસાહેબને આની જાણ થઇ કે તરત જ મારી આગળ આવી એમણે રાવ ખાધી, કે શું હું આશ્રમનો મહેમાન છું? પાછળથી મને ખબર પડી કે એ પણ એક સ્થાયી આશ્રમવાસી જ છે.

હિન્દુસ્તાનમાં આવ્યા ત્યારથી એ આશ્રમમાં જ રહેતા. એક વાર ગાંધીજી કહેતા કે ઇમામસાહેબને લાવ્યો હું પણ ઉપયોગ તો કરી જાણ્યો સરદાર વલ્લભભાઇએ. ઈમામસાહેબે પ્રાંતિક સમિતિનું ઘણું કામ કર્યું હતું. વિદ્યાપીઠમાં અમે એકેએક બાબત ઈમામસાહેબને પૂછયા વગર ન કરતા. એમની દુવાથી એક પાક મુસલમાનના આશીર્વાદ મળે છે એમ અમને જણાતું. છેલ્લી સ્વાતંત્ર્યની લડત વખતે એમની તબિયત જોઈ ગાંધીજીએ એમને ના પાડી, પણ ઇમામસાહેબથી ન રહેવાયું. સરદાર પકડાયા અને ગાંધીજીએ કૂચ શરૂ કરી. તે પછી મહાદેવભાઈ જેલમાં ગયા. મેં ઇમામસાહેબને કહ્યું કે ઈમામસાહેબ તમે કષ્ટ ન કરો; તો કહે ના. અને આખરે ધરાસણા ગયા અને ત્યાં એક જુવાનની માફક કામ કરવા મંડયા. લોકો તેમને રોકે પણ રોકાતા નહિ. સ્વાતંત્ર્ય યુદ્ધમાં આગળ ધસ્યા અને પકડાયા. તેમની તબિયત ખૂબ નાજુક હતી, અનેક રોગોએ એમના શરીરમાં ઘર કર્યું હતું. છતાં તેઓ જેલમાં ગયા. શરીરે તેઓ ગમે તેટલા સુંવાળા હતા તોપણ તેમનું મન કસાયલું અને દેશના સ્વાતંત્ર્ય માટે સંકટો સહન કરી શકે તેવું હતું. દેશ સ્વતંત્ર થાય એ એમનો સંકલ્પ હતો. આઝાદી મળવી જ જોઇએ એનો એમને વિશ્વાસ હતો.

અમે જેલમાં વાતો કરતા ત્યારે ઇમામસાહેબ કહેતા કે ઈસ્લામને જેટલો સમજું છું તેટલો જીવનમાં જીવવાનો પ્રયત્ન કરીશ. મારાથી કોઈ કામ ખરાબ થશે તો તેટલે દરજ્જે ઇસ્લામ લજવાશે.

એક વખત મને એમની જે મદદ મને મળી છે તેથી તો તેમનો હું કાયમને માટે કૃતજ્ઞ રહીશ. એક મિત્રે એક વાર વાત ફેલાવી કે કાકાસાહેબને હિન્દુ મુસલમાન વચ્ચે ભેદભાવ છે. આ જાણીને તરત તેઓ એ મિત્રની પાસે ગયા અને કહ્યું કે 'બીજા ગમે તેને વિષે તમે ભલે આવું બોલો પણ કાકાસાહેબને તો આવું હોય જ નહિ.' આ પ્રમાણપત્ર સાચવવાની શક્તિ ઈશ્વર મને આપે એમ ઇચ્છું છું.

એ પાક, સાચા મુસલમાન, હિન્દુઓના મિત્ર અને સ્વરાજ્યના સૈનિક હવે તો ઈશ્વર પાસે ગયા છે. આ માસ (ડિસેમ્બર)માં તેમનો મૃત્યુદિન આવે છે. તેમણે લીધેલી મહેનત એળે ન જાય માટે તેમનું સ્મરણ કરી સ્વાતંત્ર્યયુદ્ધ માટે ફરી લડીએ જેથી એમને ત્યાં બેઠાં થાય કે મારું વાવેલું બીજ હજારગણું વધ્યું છે.

—દત્તાત્રેય બાળકૃષ્ણ કાલેલકર

બૅંક તહેવારોનો પુરસ્કર્તા જૉન લબ્બક

આજથી એક સદી પહેલાં બૅંકના એક તરુણ કારકુનને ક્રિકેટની મૅચ જોવાનું મન થયું, પણ 'બૉસે' (ઉપરીએ) રજા ન આપતાં તેને નિરાશાઈ બેસી રહેવું પડ્યું. આ નિરાશાએ જ એ તરુણ જૉન લબ્બક (પાછળથી લૉર્ડ એવબરી)ને હાથે બૅંક-તહેવારો જન્માવ્યા. કામના ઓછા કલાકો ને વરસમાં વધુ રજાઓની છૂટને માટે લબ્બક હજી યે અવિસ્મરણીય રહ્યો છે.

બૅંક-તહેવારોના કાયદાનો તેનો ખરડો ઈ.૧૮૭૧માં પસાર થયો ને બીજે વર્ષે તે પાર્લામેન્ટનો સભ્ય થયો. એ સભ્યપદના લાંબા ગાળામાં જુદાં જુદાં બીજા ૩૩ બિલો ને કાયદા એણે પસાર કરાવ્યા, જેમાં ખુલ્લામાં કામ કરવા માટેનો, કામ વહેલું બંધ કરવાનો, જંગલી જીવોનું રક્ષણ કરવાનો, દુકાનોમાં કામ કરતી છોકરીઓને ખુરશીની સગવડ આપવાનો, વગેરેનો સમાવેશ થાય છે.

લબ્બક જિંદગીની એક મિનિટ પણ નકામી જવા ન દેતો. દોરીવાળા બૂટ પણ એ ન પહેરતો ને કહેતો, એની પાછળ આખી જિંદગીમાં જેટલો સમય ખરચાય તેટલા સમયમાં તો માણસ એક નવી ભાષા શીખી શકે. ઈંગ્લંડમાં પોતાનો ફોટોગ્રાફ પડાવનાર એ પહેલો જ આદમી હતો. ભૂસ્તરવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, જંતુવિજ્ઞાન, બૅંકિંગ, શિક્ષણ વગેરે પર અનેક પુસ્તકો તે લખી ગયો છે.

પોપૈયાના પોષક અને ઓષધીય ગુણો

પોપૈયાનું ઝાડ (Carica Papaya) હિંદ અને સીલોનમાં ખૂબ મોટા પ્રમાણમાં ઉછેરવામાં આવે છે. સારી ઉછેર હોય તો ઝાડ લગભગ ૨૫ ફૂટ જેટલું વધે છે ને એક મોસમમાં સો ઉપર ફળ આપે છે. ફળનું વજન સાધારણ રીતે ૧ થી ૩ રતલ હોય છે, પણ કેટલાંક માવજતી ફળ તો ૨૦ રતલ સુધીનાં ઊતર્યાંના દાખલા મળે છે.

આવા સાર્વત્રિક અને સસ્તા ફળના પણ પોષક અને ઓષધીય ગુણોએ આપણું જોઈએ તેટલું લક્ષ્ય નથી ખેંચ્યું એ આપણાં કમનસીબ છે. પોપૈયાના ગર્ભમાં સરેરાશ નીચેનાં તત્ત્વો હોય છે: પાણી ૮૯, ચરબી ૦.૧, પ્રોટીન ૦.૫, કાર્બો-હાઈડ્રેટ ૧૦-૧૨, રેશાં ૦.૧, શેષ (ash) ૦.૫થી ૦.૭. ગર્ભના રંજક દ્રવ્યમાંથી કૅરોટીન સારવી લેવાય છે.

પોપૈયાની ખોરાક તરીકેની મહત્તા તો તેનામાં રહેલા એ અને સી વિટામીનના મોટા જથ્થામાં છે. ગર્ભ જોડે જોડાએલું કૅરોટીન ધીમેધીમે વિટામીન-એમાં પરિણમે છે અને તે માખણ કે કેરી જેટલું જ ઉત્તમ હોય છે; જ્યારે વિટામીન સી મોસંબી જેટલું જ લાભદાયી હોય છે. ઉપરાંત વિટામીન બી-વન અને બી-ટુ પણ પોપૈયામાં રહેલાં હોઇ, આપણા ખોરાકમાં એ પ્રથમ સ્થાનનું અધિકારી બને છે.

પોપૈયાના ઓષધીય ગુણની મહત્તા તેમાં રહેલા 'પૅપેઇન'ને આભારી છે. આ પૅપેઈનના ઉત્પાદન માટે કાનપુરની હારકોર્ટ બટલર ટેકનૉલૉજિકલ ઇન્સ્ટીટ્યૂટ અનેક અખતરા કરતી આવે છે. મુંબાઈ, કાનપુર ને કલકત્તા એ ત્રણ પોપૈયાની વિશિષ્ટ જાતોનાં સ્થાન છે, જેમાં પહેલી બે પૅપેઇનથી સમૃદ્ધ છે. મુંબાઇની જાતમાંથી ૧૦૦ ફળે ૭૫ ગ્રામ જેટલું પૅપેઈન નીકળે છે. વૈદકમાં પાચક દ્રવ્ય તરીકે એ ઘણું કામ લાગે છે તેમ રસાયણ અને જીવનરસાયણ આદિ વિજ્ઞાનોમાં પણ તે બહુમૂલ્ય પુરવાર થયું છે.

પોલાન્ડની ભાષાનું વિચિત્ર ઉચ્ચારણ

યુરોપીય ભાષાઓમાં કેટલા યે સંજ્ઞાવાચક નામો વર્તમાનપત્રોમાં વપરાય છે. પરંતુ તેના સાચા ઉચ્ચારણનો પ્રયત્ન ભાગ્યે જ કરવામાં આવે છે. તેમાં યે મુખ્યત્વે કરીને વર્તમાન યુરોપીય વિગ્રહને લઇને પોલાંડવાસીઓના નામોનાં ઉચ્ચારણમાં રહેલી આંટીઘૂંટીઓ સમજવા જેવી છે. એ નામોમાં વપરાતા ઝેડ (Z). ડબલ્યુ (W), વી (V), એસ (S) ને સી (C) જેવા વ્યંજનોની બહુલતાને લીધે ઉચ્ચારણની સરળતા મારી જતી હોય એમ જણાય છે. પરંતુ નીચે દર્શાવેલા નિયમોને ધ્યાનમાં લેવાથી એ ઉચ્ચારણની સરળતા કંઇક અંશે સાધી શકાશે ખરી:

૧ સી (C)નું ઉચ્ચારણ Ts (ટ્સ) થાય છે. પોલાન્ડના પ્રમુખ Moscickiનો ખરો ઉચ્ચાર 'મોશ્ચિટ્સ્કી' થાય.

૨ જ્યારે 'સી' (C) પછી 'ઝેડ' (Z) આવ્યો હોય ત્યારે એ બંને મૂળાક્ષરો સાથે મળવાથી તેનો ઉચ્ચાર 'ચ' (ch) થાય છે. દા.ત. Czarny ચાર્ને=Black; Czamara ચામારા=શેરવાણી.

૩ ડબલ્યુ (W)નો ઉચ્ચાર 'ડ્વ' જેવો નહિ પરંતુ એક નિયમ તરીકે 'વ' જેવો થાય છે. જેમ કે જનરલ Sosnkowskiનો ઉચ્ચાર 'સોસન્કોવસ્કી' થાય છે.

૪ વળી 'આર-ઝેડ' (RZ)નાં જોડાણનો ઉચ્ચાર ઝ થાય છે. દા. ત. Rzeka ઝેકા=River. પોલાન્ડના વિગ્રહમંત્રી જનરલ Kasprzyckiનો ઉચ્ચાર કાસ્પ્રીટ્સ્કી થાય છે.

૫ 'એસ' (S)ની સાથે વ્યંજન ભળવાથી તેનો ઉચ્ચાર 'શ' (Sh) જેવો થાય છે. Smigly Rydzનું ઉચ્ચારણ 'સ્મિગ્લી રિડ્ઝ્' નહિ, પણ 'શ્મિગ્લિ રીડ્ઝ્' જેવું થાય છે.

૬ એસ-કે (Sk) પછી એલ (L) આવે ત્યારે ડબલ્યુ જેવો ઉચ્ચાર થવા પામે છે. જેમ કે Skladkowskiનો

ઉચ્ચાર 'સ્ઝ્વાડ્કોવ્સ્કી' થાય છે.

પોલાન્ડની ભાષાના શબ્દોમાં એકી સાથે સંખ્યાબંધ વ્યંજનોનો જમાવ થવાથી ઉચ્ચારણમાં મુશ્કેલીનો ભય દેખાય છે, પરંતુ ઉપર જણાવેલા નિયમોના બારીક અવલોકન પછી એનાં ઉચ્ચારણનું કાર્ય સરળ બનવા પામશે. ('ટાઈમ્સ ઑવ ઇન્ડિયા')—ત્રિભુવન વીરજીભાઈ હેમાણી

. . . .

છાપાંના નામો વાંચવા માટે જ આ સરળ નિયમો બસ છે. પોલાન્ડની લિપિમાં ઘણી જાતના 'નુક્તા'ઓ છે. અભ્યાસીઓને માટે એ ભાષા બહુ સરળ ન કહેવાય. દા. ત. aનો ઉચ્ચાર ઑં થાય, જેમ Dabrowa=ડૉંબ્રોવા.
c c

O ઉપર અલ્પવિરામ મૂકવાથી ઉચ્ચાર 'ઉ' થાય છે. દા.ત. Co'rka–ત્સુરકા-પુત્રી. Szcz=શ્ચ–Szczakowa શ્ચાકોવા (ગામનું નામ). C'=શ્ચ–Dos'c 'ડોશ્ચ=enough–પૂરતું. Chનો ઉચ્ચાર 'હ' થાય છે. Kochanowski કોહાનોવસ્કી. જડબું કસી જોવા એક વાક્ય આપ્યું છે:

Ja chce po'js'c' do domu
c
યા હત્સાં પુઈશ્ચ ડો ડોમુ
I want to go to home

ફાડેલા 'એલ'નો ઉચ્ચાર લ્ અને વ્ નો ભેગો ઉચ્ચાર છે અને જન્મથી એ ભાષા ન શિખ્યા હોય તેમને માટે બહુ મુશ્કેલ છે અને તેથી અંગ્રેજીમાં પોલીશ નામો માટે એ વપરાતો નથી પણ સાદો L વપરાય છે અને 'લ' ઉચ્ચાર થાય છે.

ઇંગ્લંડના રાજાના હક

ઇંગ્લંડનો રાજા ધારે તો, તેને મળેલા બંધારણીય હકો અનુસાર શું શું કરી શકે તેની સંક્ષિપ્ત વિગત 'કુમાર'ના ૧૮૪મા અંકમાં આવી ગઈ. એ સિવાય એને બીજા પણ હકો છે. એ ચાહે તો ગ્રેટબ્રિટનના કોઈ પણ નાગરિકને ઉમરાવ બનાવી શકે, બધા ગુનેગારોને માફી આપી શકે કે બધા 'સિવિલ સર્વન્ટ્સ'ને બરતરફ કરી શકે. અને એની સામી બાજુ જોઇએ તો પાર્લામેન્ટના બંને હાઉસની સંમતિથી તેના પર મોતનું વૉરંટ મોકલવામાં આવે તો પોતાના મૃત્યુનામા પર એણે ફરજિયાત સહી કરવી જોઇએ.

ઇંગ્લંડના રાજાને પાર્લામેન્ટમાં પસાર થએલા કોઈ પણ બિલને નામંજૂર કરવાનો હક છે, પરંતુ રાણી એનના વખતથી કોઈ શાસકે તેનો ઉપયોગ કર્યો નથી.

'The King can do no wrong' એ કહેતી ઇંગ્લંડના રાજા માટે આજ પણ સાચી ઠરે છે. એ ચેક પર બનાવટી સહી કરે કે કોઇની પણ બદનક્ષી કરે તો તેની સામે દાવો ચાલી શકે નહિ. અને પ્રોફેસર ડિસી એના 'The Law of the Constitution' પુસ્તકમાં તો એટલે સુધી કહે છે કે ઇંગ્લંડનો રાજા પોતાના હાથે વડા પ્રધાનનું ખૂન કરી નાખે તો યે કોર્ટમાં એનો કેસ ન ચાલે.

ઇંગ્લંડના રાજાની મોટરને નંબરની જરૂર નથી પડતી કે તેને માટે ઝડપની કશી હદ નિર્ણીત નથી હોતી. એને પોતાનાં કાગળપત્રો પર ટિકીટ ચોડવી નથી પડતી અને એના તાર પણ મફત અને બીજા બધા તારો કરતાં પહેલાં જાય છે. વળી એની મિલકત કે આવક પર કોઈ પ્રકારના કર ભરવા નથી પડતા. એ નવી જાગીર કે મકાન ખરીદી શકે પણ કોઇને ભાડે ન આપી શકે.

મોટરોની કસોટી

મોટરોની જાત અને પ્રકારમાં નવાનવા સુધારા કરવા માટેનો ખરો માર્ગ એ છે કે ચાલુ મોટરોની ભાંગતોડ કરવી. આ નવાઈ ઉપજાવે એવું છે, ખરું? પણ મોટરોના નિર્માતાઓ. તો એ જ ઇલાજ અકસીર ગણે છે. તેઓ માને છે કે મોટરમાં રહેલાં નબળાં રચનાકેન્દ્રો જાણવા માટે એથી સારો કોઈ ઉપાય નથી.

એમાં સૌથી વધુ કસોટી મોટરના ચૅસિસ અને માળખાની થાય છે. એન્જિનોની કસોટી શરતથી થાય છે ને એ કસોટીઓથી મોટરોની બનાવટ આજે એટલી મજબૂત બની છે કે ઈંટની દીવાલ વચ્ચેથી પણ તે જરા યે ઇજા વગર નીકળી જાય છે (મૉરિસ સલૂને ખરેખર આવી કસોટી પસાર કરેલી).

મોટર તૈયાર થયા પછી સૌ પહેલાં તો એને એવી ઊંડી રેતીના રસ્તા પર ચલાવવામાં આવે છે કે તેના અંગોને ખરાબમાં ખરાબ રસ્તાથીયે વધુ તકલિફ પહોંચે છે. ત્યારબાદ તેના વિદ્યુત્સંધાન ને કાર્બ્યુરેટરોની ક્રિયમાણતા તપાસવા પાણીનાં ખાબોચિયાંમાં દોડાવવામાં આવે છે. અને પછી એને એવી તો અફાડફૂટ કરતી દોડાવવામાં આવે છે કે વાત ન પૂછો. એ બધી કસોટીમાં પસાર થયા પછી જ તે વેચાણ માટે યોગ્ય મનાય છે.

આ બધી કસોટીઓ દરમિયાન ડ્રાઈવર તેના યંત્રની કામગરીની નોંધ કરતો આવે છે. નાનામાં નાની વિગત પણ તે નોંધી લે છે. એ ટૂંકી કસોટીઓમાં થોડા દિવસોમાં મોટરને જેટલો શ્રમ પડે છે એટલો સામાન્ય દોડતી મોટરોને વર્ષો સુધી નથી પડતો. ફ્રાન્ટલીન કારના ડ્રાઈવરને તો એક વાર એન્જિનને જરા યે અટકાવ્યા વિના અઢીસો વખત પાઇકસ શિખરની ચડઊતર કરવી પડેલી. અને ચડાણ કરતાં મોટર કેટલી ગરમ થઈ જાય છે ને તેના એકેએક અંગને કેટલો શ્રમ પડે છે તે તો જાણકાર જ કહી શકે.

સંધિવા

હાથપગના સાંધા અકડાઈ કે ઝલાઈ જાય એ સંધિવાનું મુખ્ય લક્ષણ છે. હાથપગના સાંધા અકડાઈ જતા હોય તોપણ એનું મૂળ કારણ આપણી ચામડીમાં હોય

છે, એ વાત ઘણા લોકો સમજી શકતા નથી. શરીરમાં લોહીનું અભિસરણ જો બધે ઠેકાણે બરાબર થાય નહિ તો એને લીધે સાંધા દુખે છે. ચામડીની નસો જો ઠંડી કે બીજાં કારણોને લીધે સંકુચિત થઇ જાય તો ચામડી નીચે આવેલા સાંધાઓમાં જોઇએ એટલું લોહી ઇંચી શકતું નથી. સાંધા ઉપર માંસનો પાતળો થર હોવાથી એ ઠેકાણે હમેશાં પણ લોહીનું અભિસરણ થોડું થાય છે. હાથપગના સાંધા, ઢીંચણ, કોણી, કાંડા વગેરેનો વિચાર કરવાથી આ વાત જણાઇ આવશે. અસ્થિના સાંધા ઉપર એક સૂક્ષ્મ આવરણ હોય છે. એમાં લોહીને બદલે બીજી એક જાતનો રસ હોય છે. જે પ્રદેશમાં ઠંડી વધારે પડે છે ત્યાં રક્તવાહિનીઓ વધારે સંકોચ પામે છે. અને એવા પ્રદેશમાં જ સંધિવા વધારે થાય છે. ગરમ પ્રદેશમાં બહુ થોડા લોકોને તે લાગુ પડે છે.

શરૂઆતમાં હાથપગનાં આંગળાં ઝલાઇ જાય છે. ખુલ્લી હવામાં સૂતા પછી રાતે જો હાથપગ ઉઘાડા રહે તો એના પર ઠંડી હવાની અસર તાબડતોબ થાય છે. એ ઉપરાંત સંધિવાનું બીજું ખાસ મહત્ત્વનું કારણ તમાકુ છે. હદ ઉપરાંત ધૂમ્રપાન કરવાથી રક્તાભિસરણના ઉપર એની ઘણી ખરાબ અસર થાય છે ને હાથપગનાં આંગળાં સુધી લોહી બરાબર ફરી શકતું નથી. જે લોકો ધૂમ્રપાન કરતા ાય તેમને અમે નીચેનો એક પ્રયોગ કરી જોવાની ભલામણ કરીએ છીએ. બીડી કે સીગારેટ પીવા માંડયા પછી દસ બાર મિનિટ પછી તેઓ જોશે તો તેમને જણાશે કે હાથપગની ગરમી બહુ જ ઓછી થઇ ગઇ છે. બીડી પીવાથી લોહીની નસો ઉપર દબાણ પડે છે ને એની અસર લોહીના ફરવા ઉપર થાય છે. જુદી જુદી હૉસ્પીટલોમાં અનેક પ્રયોગો કરીને આ સિદ્ધાંત કાઢવામાં આવ્યો છે.

સંધિવા થવાનાં કારણો ગમે તે હોય તો પણ શરૂઆતમાં એનો ઉપચાર કરવાનું સહેલું છે. આંગળીઓના સાંધા દુખવા લાગે તો ચોળવાથી કે શેકવાથી લોહી જલદી ફરવા લાગે છે એટલે દુખાવો ઓછો થાય છે. ખમી શકાય એટલા ગરમ પાણીમાં હાથપગ ઝબોળી રાખીને ચોળવાથી પણ ઘણો ફાયદો થાય છે. જે લોકોના હાથપગ ઝલાઈ ગયા હોય તેઓ જો સવારસાંજ આ ઉપચાર નિયમિતપણે કરે તો થોડા જ દિવસમાં તેમને ફાયદો થાય છે. ઢીંચણ, કોણી વગેરેના સાંધા દુખતા હોય તો દિવસમાં પાંચ છ વાર ગરમ પાણીથી શેકીને એના પર ગરમ કપડું વીંટાળી રાખવું જોઇએ. ઠંડી હવામાં સંધિવાથી ઘણો ત્રાસ થાય છે, જ્યારે ગરમ હવામાં રહેવાથી વધારે ફાયદો થાય છે.

હેલ્વેટીઆ (Helvetia)

ટપાલની ટિકિટોનો સંગ્રહ કરવાનો જે શોખ ધરાવતા હશે તેઓ 'હેલ્વેટીઆ' શબ્દથી બનતા સુધી અજાણ નહિ હોય. જે ટપાલની ટિકીટ ઉપર આ શબ્દ લખેલ હશે તેને તેઓ સ્વીટ્ઝરલૅન્ડની ટિકીટ તરીકે ઓળખતા હશે. પરંતુ સ્વીટ્ઝરલૅન્ડની ટિકીટ ઉપર 'હેલ્વેટીઆ' શા માટે લખાયું છે? આ બાબત બધા સંગ્રાહકો કદાચ નહિ જાણતા હોય.

સ્વીટ્ઝરલૅન્ડ બાવીશ તાલુકાનો બનેલો પ્રદેશ છે. લગભગ છસો વર્ષોથી આ તાલુકાઓ એક સાથે સંકળાએલા છે. આ બાવીશ તાલુકાઓમાં, સોળ તાલુકા જર્મન ભાષા બોલે છે, પાંચની માતૃભાષા ફ્રેંચ છે અને એક ઈટાલીઅન ભાષા બોલે છે. ઉત્તર તરફ જર્મની છે, પશ્ચિમમાં ફ્રાન્સ છે અને છેક દક્ષિણ તરફ ઇટલી છે. દરેક તાલુકામાં પોતપોતાના દેશની ભાષા, કળા, હુન્નર અને રીતરસમો છે.

સ્વીટ્ઝરલૅન્ડની ટપાલની ટિકીટો ઉપર 'સ્વીટ્ઝરલૅન્ડ' એવું મોટું નામ ત્રણ ભાષામાં કેવી રીતે છાપવું? ટપાલની નાની ટિકીટો પર ત્રણ ભાષામાં દેશનું નામ છાપવું, અને સાથે સાથે ટિકીટોનો દેખાવ પણ સુંદર રાખવો એ લગભગ અશકય વાત છે. અને તેથી કરીને 'હેલ્વેટીઆ' સ્વીટ્ઝરલૅન્ડનું લૅટીન નામ તે દેશની ટિકીટો પર આપણે વાંચીએ છીએ.

—રમણ વી. શેઠ

દુનિયામાં ઠીંગણામાં ઠીંગણો પુરુષ

કૅપ્ટન વર્નર નામનો જર્મન દુનિયાનો ઠીંગણામાં ઠીંગણો પુરુષ ગણાય છે. એની ઊંચાઈ માત્ર અઢાર ઈંચ છે, જ્યારે દુનિયાના નામાંચા ઠીંગુજી ટૉમ થંબની ઊંચાઇ પણ એનાથી સાડા ત્રણ ઈંચ વધુ હતી.

દુનિયાની ઠીંગણામાં ઠીંગણી સ્ત્રી કૅલિફૉર્નિયાના લૉંગ બીચ મુકામે રહેતી મિસ માર્ગરેટ ઍન રૉબિનસન છે. અઢાર વર્ષની વયે તેની ઊંચાઇ માત્ર અઢાર ઈંચ છે, જ્યારે વજન ઓગણીસ પૌંડ.

ટૉમ થંબ તો દુનિયાનો સૌથી પ્રસિદ્ધ ઠીંગુજી થઈ ગયો. અમેરિકાના આંતરયુદ્ધ વખતે ૧૮૬૩માં એણે એના જેવી જ ઠીંગણી મિસ લવિનિયા વૉરન સાથે કરેલા લગ્ને એટલો તો રસ ઊપજાવ્યો હતો કે ન્યૂ યૉર્કના 'ઈલસ્ટ્રેટેડ ન્યૂઝ' પત્રે પોતાનાં ૨૩ કૉલમ એની પાછળ રોકયાં હતાં, જ્યારે યુદ્ધના સમાચારો માટે ફક્ત આઠ!

'વય અને સિદ્ધિ'ને લગતા વધુ દાખલા

'કુમાર'ના અંક ૧૬૭માં તથા અંક ૧૮૧ના 'માધુકરી' વિભાગમાં ઉદાહરણો સાથે જે વસ્તુ સાબિત કરવામાં આવી છે કે સિદ્ધિપ્રાપ્તિ માટે વયનો કોઈ પણ ગાળો બાધક નથી, તેને લગતાં થોડાં વધુ ઉદાહરણો અહીં આપ્યા છે: જર્મન તત્ત્વવેત્તા ફૉન હંબોલ્ટે ૭૬ વર્ષની વયે તેનો મહાગ્રંથ 'Cosmos' લખવો શરૂ કર્યો ને ૯૦મે વર્ષે તેનો છેલ્લો ખંડ પૂરો કરેલો. કૅન્ટે એનું 'Anthropology' લખવા માંડયું ત્યારે પોણોસો વર્ષનો હતો, અને અદ્ભુત ફ્રેન્ચ ફિલસૂફ વૉલતેરે તેની કરુણાંત 'Irene' તો છેક ૮૩મે વર્ષે જગતને આપેલ.

એમ? કેમ

પાશ્ચાત્ય લોકો સલામ કરતી વખતે ટોપી શા માટે ઉતારે છે!

પાશ્ચાત્ય દેશોમાં ઘણા જ પ્રાચીન કાળથી એક એવા પ્રકારનો રિવાજ પ્રચલિત હતો કે ભયના સંજોગો દૂર થતાં કોઈને મળતી વખતે લડવૈયાઓ પોતાનાં માથાં પર પહેરેલી બખ્તરની ટોપી ઉતારી નાખતા. એવી રીતે ઉતારેલી એ ટોપીથી એવું સૂચવવામાં આવતું કે કોઈ પણ હથિયારના જોર પર નહિ, પરંતુ માત્ર નિર્ભયતાના જોર પર સાગા માણસને મળવાની તે હિંમત કરી શકે એટલો વિશ્વાસ પોતે કેળવી શક્યો હતો. એ પ્રથા હજુ આજે પણ ચાલુ છે, પરન્તુ ફેર માત્ર એટલો જ છે કે આજે એ બખ્તરિયા ટોપને બદલે માત્ર ટોપી (હૅટ) ઉતારવામાં આવે છે અને તે વંદન અગર તો સલામનો એક પ્રકાર લેખવામાં આવે છે. —ત્રિભુવન વીરજીભાઈ હેમાણી

નવી કેડીઓ

અંગ્રેજી ભાષામાં 'Alice in Wonderland' અને 'Through the Looking Glass' એ બે એવાં અદ્ભુત પુસ્તકો છે કે એમાં સ્વપ્નસૃષ્ટિની મનોદશા પ્રતિબિંબિત થતી હોવાથી આબાલવૃદ્ધ બધાંને તેમાં રસ પડે છે. પરંતુ એ પુસ્તકોની સફળતાનો ઘણોખરો આધાર એ પુસ્તકમાં વપરાએલી અંગ્રેજી ભાષાની જ કેટલીક વિશિષ્ટતાઓ ઉપર હોવાથી પરભાષામાં તેનો સીધો અનુવાદ એવો જ સફળ થઈ શકે તેમ નથી. આપણે બહુ બહુ તો એ પુસ્તકોની એકાદ અનુકૃતિ જ સરજી શકીએ. અને એવું કરવા ઇચ્છતા લેખકે વર્ષો સુધી ગુજરાતી ભાષાની ચમત્કૃતિઓને વીણતા રહેવી પડશે. પણ અમર કૃતિ સર્જવવા ઇચ્છનારા યુવાન લેખકો માટે એમાં અવકાશ છે. —ઉ.

આપણા બાલસાહિત્યમાં અત્યારે ભાષાના અધૂરાપણા સંબંધી અરાજકતા પ્રવર્તે છે એ એક સામાન્ય ફરિયાદ છે. આમ, બાળકો માટે લખાતા સાહિત્યમાં સ્વીકાર્ય હોઈ શકે એવા ગુજરાતી શબ્દોની એક સંપૂર્ણ યાદી તૈયાર થવાની જરૂર છે. આ કામ બીલકુલ અઘરું નથી. માત્ર એ માટે શબ્દકોશમાંથી એકેએક શબ્દ ચેક કરી, અનુકૂળ શબ્દ પસંદ કરી લઈ જુદા લખી નાખવા જેટલી નવરાશ મેળવવાનો જ પ્રશ્ન છે. પરંતુ આ કામ કરતી વખતે બાળકોનો એક વર્ગ—પોતાનાં, પાડોશીઓનાં કે મિત્રોનાં બાળકોના ચહેરાની સ્મૃતિ—નજર સામે સતત રાખતા રહેવાની જરૂર છે. કોઈ બાલસાહિત્યના પ્રેમી આ કામ વહેલી તકે ઉપાડી શકે. —ઉ.

વિકસતું વિજ્ઞાન

આજના વિજ્ઞાનની કરામત દિવસો દિવસ જે સૂક્ષ્માતિસૂક્ષ્મ ઓજારો ઉપજાવતી જાય છે તે ખરેખર આશ્ચર્યકારક છે. વાળથી પણ દસમા ભાગની જાડાઈનાં પડ સળંગ ચીરી આપતું માઇક્રોટોમ, એક ટાંકણીના માથા જેટલી જગ્યામાં લાખો રક્તકણો સમાય તો તેવા એક રક્તકણને વિભક્ત કરતી કે ઈજેકશન આપતી સૂક્ષ્મ સોયો, એક ડિગ્રીના દસ લાખમા ભાગ જેટલો પણ ઉષ્મામાનમાં થતો વધારો આંકી આપતું બોલોમીટર એ સૌ આ યુગની નવાઈઓ નથી ?

બોલોમીટર વડે તો સૂર્યની ગરમીનું સાચેસાચું માપ મેળવી શકાયું છે. આપણને મળતી ગરમીનું નહિ, પણ ખુદ સૂર્યના ઉષ્માનનું. વીજળીક સપાટીની આત્યંતિક ઉષ્ણતા કરતાં પણ એ ગરમી બમણી જણાઈ છે. છતાં સૂર્યની સપાટી પરની એ ગરમી તેના અંતરાળની ગરમીના પ્રમાણમાં તો ધ્રુવપ્રદેશસમી ('Arctic') જ લેખાય. બોલોમીટરના બતાવ્યા મુજબ સૂર્યની કેન્દ્રીય ગરમી ૩૦ લાખ ડિગ્રી જેટલી છે.

આ બોલો જેમ ગરમાને સંવેદ્ય છે તેમ સેલેનિયમ નામનું મૂળતત્ત્વ પ્રકાશને છે. ગમે તેવા ઝાંખા તારા સામે તમે 'સેલેનિયમ સેલ' મૂકો ને તેના પૃથ્વી પર પહોંચતા પ્રકાશનું પ્રમાણ તે કહી આપશે.

વળી દુનિયામાં કશું અપ્રમેય ન રહેવા દેવા વિજ્ઞાનીઓ જાણે કટિબદ્ધ થયા છે. વીસ લાખ ભાગ હવામાંથી પ્રસિક ઍસિડની વરાળનો માત્ર એક જ ભાગ, બે કરોડ ભાગ દ્રાવણમાંથી સોનાનો એક જ ભાગ, કે એક અબજ ભાગ પાણીમાંથી તાંબાના એક જ ભાગ પણ પકડી પાડે એવાં ઓજારો આજના વિજ્ઞાનીઓએ ઊપજાવી કાઢયાં છે.

આપણે પોતે · આપણો દેશ · આપણી પૃથ્વી

આપણા શરીરના બંધારણમાં રહેલાં બધાં રસાયણોનું પૃથક્કરણ કરી વેચવામાં આવે તો માત્ર ૬ રૂપિયા ઊપજે!

આપણું શરીર રોજ ૪ પાઈન્ટ જેટલું પાણી, ૨ ઔંસ નાઈટ્રોજન, ૧ ઔંસ ખનિજ ક્ષારો ને ૮ ઔંસ કાર્બનનો ઉત્સર્ગ કરે છે.

આપણા દેશમાં બધી મળી ૨૨૫ ભાષાઓ બોલાય છે, જેમાંથી ૧૫૦ આસામ અને બ્રહ્મદેશને ફાળે જાય છે.

આપણો દેશ વાર્ષિક .૦૬ ટન કોલસો માથાદીઠ વાપરે છે, જ્યારે યુનાઇટેડ સ્ટેટ્સ ઑવ અમેરિકા ૨.૪૮.

પૃથ્વીના તમામ સમુદ્રોમાં રહેલો મીઠાનો જથો પચાસ લાખ ઘન માઇલ જેટલો છે.

આપણી પૃથ્વીનું વજન ૫.૯૮×૧૦^{૨૧} મેટ્રિક ટન છે. (૧ મેટ્રિક ટન=૧૦૦૦ કિલોગ્રામ)

સ્પાર્ટાને ઘેરો ઘાલી ઝર્કસિસે ત્યાંના સેનાપતિ લીઓનિડાસને સંદેશો મોકલ્યો કે 'જો તમારાં હથિયારો મોકલી દો તો ઘેરો ઉઠાવી ચાલ્યો જાઉં.' વીર લીઓનીડાસે ઉત્તરમાં કહેવડાવ્યું કે 'આવીને લઈ જાઓ.'

કહેવતોના અર્થ: 'કોણ કહે છે રાંપીનો ઘા?' વારંવાર સતાવતા એક કૂતરાને કોઇ મોચીએ રાંપી (એનું ઓજાર) મારી. જખમી કૂતરાને જોઇ શાથી એ જખમ થયો હશે એ પર બધા ચર્ચા ચલાવતા હતા ત્યાં મોચી ભાઇથી ઉપલું વાક્ય બોલી જવાયું, અને ઘા મારનાર તરીકે તે પકડાઈ ગયો. આમ હૈયે રમતું હોઠે આવવા માટે 'ચોરને માથે ચાંદરણું', 'મારો રૂપિયો શું ખાય છે?' વગેરે કહેવતો પણ વપરાય છે.

ગણિત ગમ્મત

$૦^{૨}+(૦\times૧૦)=૦$

$૧^{૨}+(૧\times૯)=૧૦$

$૨^{૨}+(૨\times૮)=૨૦$

$૩^{૨}+(૩\times૭)=૩૦$

$૪^{૨}+(૪\times૬)=૪૦$

$૫^{૨}+(૫\times૫)=૫૦$

$૬^{૨}+(૬\times૪)=૬૦$

$૭^{૨}+(૭\times૩)=૭૦$

$૮^{૨}+(૮\times૨)=૮૦$

$૯^{૨}+(૯\times૧)=૯૦$

$૧૦^{૨}+(૧૦\times૦)=૧૦૦$

(કા. મ. જોષી)

એશિયામાં બ્રિટનને જેટલો પ્રદેશ કબજે છે એથીયે અઢીગણો આફ્રિકામાં છે—૪૭,૫૦,૦૦૦ ચોરસ માઈલનો.

વૉટરપ્રુફ કાગળની પહેલી પ્રથમ શોધ સને ૧૮૯૭માં થઇ હતી.

અવાજનું આંદોલન દરિયાને તળિયે મોકલીને તેને પાછા આવતાં લાગતા વખત પરથી દરિયાની ઊંડાઈ માપવામાં આવે છે.

આપણી ભાષામાં નીચેના શબ્દો એવા છે, કે જે સીધા કે ઊલટા બંને તરફથી એક જ સરખા વાંચી શકાય. એવા 'ગતાગતૈક રૂપો'ના બીજા નમૂના તમે શોધીને મઝા લઇ જુઓ: કટુક, કટક, કડક, કડાક, કશાક, કતક, કથોક, કનક, કલંક, કલાક, કારિકા, કાલિકા, કીકી, કોકો, ઘોઘો, જણજ, ઝાઝા, ટોટો, હુકું, ડુંડું, ડોડો, તરત, દરદ, દશોદ, દાદા, નમન, નયન, નર્તન, નલિન, નવીન, નશીન, નાના, નામના, પડપ, ફાંફાં, બીબી, ભાભા, મડમ, મલમ, મામા, રબર, રૂબરૂ, લાલા, લીલી, વટાવ, શીશી, સમાસ, સરસ.

ટ્રેન આવતી હોય ત્યારે એની સીટી જતી વખત કરતાં વધુ તીવ્ર સંભળાય છે. આવતી વેળા તેના તરંગો વધુ નજીક ધકેલાતા જઈ ટુંકાવાતા જાય છે.

કચકડાની ફાઉન્ટનપેનને રખે ગરમ પાણીથી સાફ કરતા! કચકડું નરમ પડી જઈ પેનના બધા સાંધા ઢીલા થઇ જશે અને તે નકામી બની જશે.



બંને હાથે અને પગે છ આંગળાવાળો

ફ્રેંચ શહેનશાહ નેપોલિયન બોનાપાર્ટને સેંટ હેલિનામાં ગોંધી રાખવા માટે બ્રિટિશ સલ્તનતને દર વરસે ચાર લાખ પાઉન્ડનું ખર્ચ થતું હતું.

અમેરિકામાં ન્યૂ જર્સી નામના પ્રાંતમાં દરિયા કિનારે સારાં હવાપાણીનાં સ્થાન તરીકે પ્રખ્યાત થએલા 'એટલાંટિક સિટિ' નામના શહેરમાં એક રાક્ષસી કદનું ગરમીમાપક યંત્ર (થર્મોમીટર) ગોઠવવામાં આવ્યું છે, જેમાંનો ગરમીના માપનો આંક એક માઈલ દૂરથી વાંચી શકાય છે.

ચીનમાં એવો રિવાજ છે કે બાળક જન્મે ત્યારે તે એક વર્ષનું થયું ગણાય; અને વિશેષ આશ્ચર્ય ઉપજાવે એવું તો એ છે કે સમસ્ત ચીનમાં સૌ કોઇનું વર્ષ તેના જન્મદિવસે નહિ પરંતુ નૂતન વર્ષ દિને જ બદલાતું ગણાય છે. એટલે આપણી દૃષ્ટિએ જોતાં ધનતેરશને રોજ જન્મનારા બાળકની ઉમર એક વરસની ગણાય અને ત્રણ દિવસ પછી આવનારા નૂતનવર્ષદિને એ જ બાળક તેની જિંદગીનું બીજું વર્ષ પૂરૂં કરીને ત્રીજામાં પ્રવેશતું મનાય છે, જ્યારે આપણા દેશમાં એ બાળકની ઉમર માત્ર ચાર રોજની કહેવાય છે.

(ત્રિ. વી. હેમાણી)

કાચબાને દાંત નથી હોતા.

'બ્રિટિશ મેડિકલ જર્નલ' પ્રમાણે જુદાજુદા દેશોની જન્મ સરેરાશમાં જોડિયાં બાળકોનું પ્રમાણ આ મુજબ છે:

રશિયા	દર ૪૩	જન્મે
હિંદુસ્તાન	,, ૫૯	,,
ઈટલી	,, ૬૨	,,
આયર્લંડ	,, ૬૬	,,
અમેરિકા	,, ૬૭	,,
જર્મની	,, ૮૩	,,
જાપાન	,, ૯૩	,,
ઈંગ્લંડ	,, ૯૫	,,
ચીન	,, ૧૨૬	,,

વર્ષ સોળમું — અંક ૧૮૧-૧૯૨

संपन्ने षोडषे वर्षे

कस्मै देवाय हविषा विधेम એ સર્જનજૂનો પ્રશ્ન પોતાની મજલના આરંભથી જ 'કુમારે' પોતાની જાતને પૂછી લીધો છે, અને તેનો ઉત્તર પણ મેળવી લીધો છે કે **जनता जनार्दनाय.** અને એ જનતાના નવાંકુર સમી કુમાર જનતાનાં જીવનમૂળ વધુ સશક્ત, વધુ જીવનદર્શી ને સ-વિશેષ વર્ધમાન બનાવવાની પોતાની ફરજ એ આજ સુધી સંભાળતું આવ્યું છે. એને લઈને તો એકેક વર્ષનું એનું એકેક સોપાન એની આગેકદમી સાથે ગુજરાતના કુમાર માનસને યે એટલું જ ઊર્ધ્વગામી બનાવતું આવ્યું છે. ધ્યેયલક્ષિતાની બાદબાકી સમું બની રહે એવું એકે લખાણ 'કુમારે' આજ સુધી આવકાર્યું નથી, એટલું જ નહિ પણ કુમારજીવનના અંગપ્રત્યંગને ઘેરી વળતી દિશાઓ પર પ્રકાશ પાથરવામાં એણે પોતાની જાતને કૃતાર્થ માની છે. એટલે આ ટાંકણે વિશેષ કાંઈ કહેવા કરતાં તમારો સહકાર અને અમારી ભાવના કાયમ રહો એ જ અભ્યર્થના.